# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
કેટરીનાએ ગુલશન ગ્રોવર સાથે 2 કલાક કિસિંગ સીનની પ્રેક્ટિસ કરી



પેજ-09
શુભમન ગિલ નંબર-1 વનડે બેટ્સમેન બનવાની નજીક




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 28.00 |
| વડોદરા | 34.00 | 28.00 |
| સુરત | 31.00 | 27.00 |




પેજ 5
સોનું ₹189 ઘટીને ₹1.42 લાખ પર આવ્યું : ચાંદી ₹680 વધીને ₹2.20...


**17**
JULY-2026
FRIDAY


પીઓકે કબજા હેઠળનો પ્રદેશ છે આઝાદ કાશ્મીર નથી, રાવલકોટમાં...
પેજ 10





**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77186.87 | ▲ | 01.44 |
| નિફ્ટી | 24072.75 | ▼ | 5.75 |
| સોનું | 140580.0 | ▼ | 1270.00 |
| ચાંદી | 216737.00 | ▼ | 3883.0 |


વર્ષ-15 I અંક-244 I વિક્રમ સંવત-2082 I અષાઢ સુદ - 03 I પાના-12 I કિંમત 3/- I અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





# ૧૪૯મી ભવ્ય રથયાત્રા






## સીએમ ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણીથી કરી પવિત્ર પહિંદવિધિ



અમદાવાદ | 'જય રણછોડ, માખણ ચોર' અને 'જય જગન્નાથ' ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું છે. જે ક્ષણની લાખો શ્રદ્ધાળુઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે ઘડી આવી ગઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વહેલી સવારે મંગળા આરતી કર્યા બાદ રથયાત્રાના પ્રસ્થાન પૂર્વે એક અત્યંત મહત્વપૂર્ણ સનાતન પરંપરા ઈતિહાસના પાનાઓમાંથી જીવંત થઈ ઉઠી હતી.વર્ષો જૂની રાજાશાહી પરંપરાને જીવંત રાખતા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણી વડે પ્રભુના રથનો માર્ગ સાફ કરીને પવિત્ર 'પહિંદ વિધિ' સંપન્ન કરી હતી. પુરીમાં 'છેરા પહેરા' તરીકે ઓળખાતી આ પૂજા એ વાતનું પ્રતીક છે કે ભગવાનની નજરમાં રાજા હોય કે પ્રજા, સૌ સમાન સેવક છે. મુખ્યમંત્રીએ ભગવાનના ચરણોમાં શીશ ઝુકાવી સમગ્ર રાજ્યની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.









## 30 હજાર પોલીસ જવાનોના લોખંડી સુરક્ષા છત્ર વચ્ચે નગરચર્યાએ નીકળ્યા નાથ



અમદાવાદમાં 149મી જગન્નાથ રથયાત્રાની સુરક્ષા માટે 30,000 પોલીસ જવાનો તૈનાત કરાયા છે.10 IG-DIG અને 42 DCP સહિતના અધિકારીઓ કંટ્રોલ રૂમ અને 250થી વધુ ડીપ પોઈન્ટ દ્વારા સમગ્ર રૂટ પર નજર રાખશે. અમદાવાદની ૧૪૯મી જગન્નાથ રથયાત્રાને શાંતિપૂર્ણ, સૌહાર્દપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણમાં સંપન્ન કરવા માટે હોમ ડિપાર્ટમેન્ટ અને અમદાવાદ સિટી પોલીસ દ્વારા ઈતિહાસનો સૌથી મોટો સુરક્ષા પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. દર વર્ષે લાખોની સંખ્યામાં ઉમટતી જનમેદનીને નિયંત્રિત કરવા અને કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે આ વર્ષે 30,000 જેટલા પોલીસ જવાનોને રથયાત્રાના 14 કિલોમીટર લાંબા રૂટ પર તૈનાત કરી દેવાયા છે.આ વિશાળ સુરક્ષા વ્યવસ્થાના સુપરવિઝન માટે ગુજરાત પોલીસના ટોચના સ્તરના અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં 10 આઈજી (IG) અને ડીઆઈજી (DIG) કક્ષાના અધિકારીઓ, ૨ જોઈન્ટ પોલીસ કમિશનર (JCP) તેમજ 42 ડીસીપી (DCP) કક્ષાના અધિકારીઓ રૂટ પર સીધું મોનિટરિંગ કરી રહ્યા છે.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રા

અમદાવાદ | પોલીસે આ વર્ષે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કર્યો છે. શહેરના મુખ્ય કંટ્રોલ રૂમ ખાતે ખાસ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ઊભું કરાયું છે, જ્યાંથી રૂટ પર લાગેલા સેંકડો હાઈ-ડેફિનેશન સીસીટીવી અને બોડીવોર્ન કેમેરાના લાઈવ ફૂટેજ પર સતત વોચ રાખવામાં આવી રહી છે. રથયાત્રા રૂટના તમામ સંવેદનશીલ અને ઊંચાઈવાળા બિલ્ડિંગો પર 250થી વધુ ખાસ 'ડીપ પોઈન્ટ' ગોઠવવામાં આવ્યા છે, જ્યાં હથિયારધારી જવાનો અને બાયનોક્યુલર સાથેના ઓબ્ઝર્વર્સ તૈનાત છે. પેરામિલીટ્રી ફોર્સ, ચેતક કમાન્ડો અને ક્રાઈમ બ્રાન્ચના જવાનોની હાજરીને કારણે સમગ્ર રથયાત્રા રૂટ અત્યારે એક અભેદ્ય કિલ્લામાં ફેરવાઈ ગયો છે.

## રથયાત્રામાં કોમી એકતાના દર્શન, પરંપરા મુજબ દરિયાપુરમાં મુસ્લિમ સમાજે રથનું સ્વાગત કરી શાંતિના દૂત કબૂતર ઉડાડ્યા!

પરંપરા અનુસાર દરિયાપુરમાં તંબુ ચોકી નજીક કોમી એકતાનું ઉદાહરણ જોવા મળ્યું છે. જેમાં મુસ્લિમ સમાજના આગેવાન દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને મહંત દિલીપદાસજી સાથે શાંતિના દૂત એવા કબૂતર ઉડાડવામાં આવ્યા હતા. દર વખતે રથ દરિયાપુરથી 4 વાગ્યાની આસપાસ પસાર થઈને જતાં રહે છે. પણ આ વખતે 5:30 થયા છતાં હજુ અખાડા જ દરિયાપુર પહોંચ્યા છે. હજુ ભજન મંડળી પણ દરિયાપુરથી આગળ વધી નથી. તેવામાં રથ પણ પ્રેમ દરવાજા પાસે છે. રથયાત્રા 1:30 કલાક મોડી ચાલી રહી છે.જય જગન્નાથ આજે અષાઢી બીજ છે. સૂર્યોદય થતાની સાથે જ જગતના નાથ ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળભદ્રજી રથ પર સવાર થઈને નગરચર્યાએ નીકળી ગયા છે અને નગરજનોને અલૌકિક દર્શન આપી રહ્યા છે. ત્યારે આ 149મી રથયાત્રાની પળેપળની ખબર ગુજરાત સમાચાર ડિજિટલ તમારા સુધી પહોંચાડી રહ્યું છે. રથયાત્રાના અવસરે જમાલપુર સ્થિત જગન્નાથજી મંદિર રંગબેરંગી લાઈટથી ઝળહળી ઊઠ્યું છે. આ સાથે જ જય રણછોડ માખણ ચોરના જયઘોષ કરી રહ્યા છે.રથયાત્રા દરિયાપુર ખાતે પહોંચતા જ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે.

### પ્રેમ દરવાજા પાસે મારામારી

રથયાત્રા દરમિયાન પ્રેમ દરવાજા પાસે મારામારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભીડ વચ્ચે એક મહિલા અને યુવક વચ્ચે કોઈ બાબતે વિવાદ થતા મહિલાએ યુવકના વાળ ખેંચીને તેને માર માર્યો હતો. આ મારામારીમાં યુવક નીચે પટકાતા તેને ઈજા પહોંચી હતી. આ ઘટનાને પગલે આસપાસના લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

### ઈમરજન્સી કેસોમાં વધારો

ભક્તોની ભારે ભીડને કારણે સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ પણ સામે આવી છે. રથયાત્રાના રૂટ પર અત્યાર સુધીમાં કુલ ૪૧ જેટલા ઈમરજન્સી કેસ નોંધાયા છે, જેમાં અકસ્માત, અચાનક બેભાન થઈ જવું અને ગરમીને કારણે થતી શારીરિક તકલીફોનો સમાવેશ થાય છે. આ તમામ કેસોમાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ દ્વારા તાત્કાલિક સારવાર પૂરી પાડવામાં આવી હતી.

### રથયાત્રાની સ્થિતિ

રથયાત્રા હાલ તેના નિર્ધારિત સમય કરતા ૨ કલાક મોડી ચાલી રહી છે. સવારે કેન્દ્રીય મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં મંગળા આરતી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા પહિંદ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. હાલમાં રથ સરસપુર ખાતે મામેરું પૂર્ણ કરીને આગળ વધી રહ્યા છે. પોલીસ તંત્ર દ્વારા શાંતિપૂર્ણ યાત્રા માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેરીજનોને રથયાત્રા દરમિયાન ભીડભાડ વાળા વિસ્તારોમાં સાવચેતી રાખવા અને ઈમરજન્સી સેવાઓ માટે ૧૦૮નો સંપર્ક કરવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

### પ્રભુ રોડ પર નીકળતા જ ભક્તોનું કીડીયારું

વર્ષમાં એકવાર પોતાના ભક્તોને સાક્ષાત દર્શન આપવા પ્રભુ રોડ પર નીકળતા જ ભક્તોનું કીડીયારું ઉભરાયું છે. રથયાત્રામાં આગળ ચાલતા ગજારાજા, અખાડા, ભજન મંડળીઓ અને ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો આકર્ષણનું કેન્દ્ર બની છે. સમગ્ર રૂટ પર મગ અને જાંબુના પ્રસાદનું વિતરણ થઈ રહ્યું છે.

### પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ સુપર એલર્ટ મોડ પર

અમદાવાદ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ સુપર એલર્ટ મોડ પર છે. સુરક્ષાને વધુ મજબૂત બનાવતા ક્રાઈમ બ્રાન્ચનું હાઈટેક 'એન્ટી-ડ્રોન' સિસ્ટમ વહેલી સવારથી જ એક્ટિવ કરી દેવામાં આવ્યું છે. આકાશમાંથી ડ્રોન દ્વારા રથયાત્રાના સમગ્ર રૂટ પર સતત બાજ નજર રાખીને કંટ્રોલ રૂમમાંથી સીધું મોનિટરિંગ કરાઈ રહ્યું છે.

## ક્રાઈમ બ્રાન્ચનું એન્ટી ડ્રોન એક્ટિવ, મંજૂરી વગર ડ્રોન ઉડાડનારાઓ પર થશે સીધી એક્શન



અમદાવાદમાં 149મી રથયાત્રાને લઈને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ વહેલી સવારથી એલર્ટ મોડ પર છે. આકાશમાંથી નજર રાખવા માટે ક્રાઈમ બ્રાન્ચનું આધુનિક 'એન્ટી ડ્રોન' વહેલી સવારથી જ સક્રિય થઈ ગયું છે. અમદાવાદ શહેરમાં ભગવાન જગન્નાથની 149મી રથયાત્રાને લઈને ઉત્સાહ અને ભક્તિનો માહોલ ચરમસીમાએ છે. રથયાત્રાના આ વિશાળ પર્વ દરમિયાન લાખોની જનમેદની ઉમટતી હોવાથી સુરક્ષા વ્યવસ્થાને પણ હાઈટેક અને અતિ આધુનિક સ્તરે લઈ જવામાં આવી છે. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના કે સુરક્ષામાં ચૂક ન થાય તે માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ વહેલી સવારથી જ ફૂલ એલર્ટ મોડ પર આવી ગઈ છે. આ વર્ષની રથયાત્રામાં જમીની સુરક્ષાની સાથે સાથે આકાશી સુરક્ષા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ માટે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અદ્યતન 'એન્ટી ડ્રોન ટેક્નોલોજી' વહેલી સવારથી જ સમગ્ર રૂટ પર એક્ટિવ કરી દેવામાં આવી છે. આ સિસ્ટમ કાર્યરત થવાથી રથયાત્રાના રૂટની આસપાસના સંવેદનશીલ વિસ્તારો પર આકાશમાંથી બાજ નજર રાખવામાં આવી રહી છે.

### ગાડી પાર્ક કરવા બાબતે માથાકૂટ થતા AAP કૉર્પોરેટર અને સિક્યુરિટી સ્ટાફ આમને-સામને

# ગાંધીનગર મનપાના ગેઈટ પાસે હાઈવોલ્ટેજ ડ્રામા

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી ખાતે ગાડી પાર્ક કરવા જેવી નજીવી બાબતમાં AAPના કોર્પોરેટર અને તેમના મિત્ર દ્વારા સિક્યુરિટી સ્ટાફ સાથે દારૂના નશામાં ગાળાગાળી કરવા, મારપીટ કરવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવાની એક શરમજનક ઘટના સામે આવી છે. આ અંગે ગાંધીનગરના સેક્ટર-21 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે, જેના કારણે સ્થાનિક રાજકારણ અને વહીવટી વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે.ઘટનાની વિગત એવી છે કે, 15 જુલાઈના રોજ સાંજના આશરે સાડા પાંચ વાગ્યાના અરસામાં 'આપ'ના કોર્પોરેટર તુષાર પરીખ અને તેમના મિત્ર મણિરાજ ચાંદોરા મેરેજ સર્ટિફિકેટના કામ અર્થે એક ગાડી લઈને મહાનગરપાલિકા કચેરીએ આવ્યા હતા. તેમણે પોતાની ગાડી કચેરીના મુખ્ય ગેટની બિલકુલ સામે જ પાર્ક કરી દીધી હતી. ત્યાં ફરજ પર તૈનાત સિક્યુરિટી ગાર્ડ મિતેશભાઈ અસોડા અને શાહરૂખ ખાન શેખે તેમને ગાડી વ્યવસ્થિત રીતે પાર્કિંગ એરિયામાં મૂકી આવવા વિનંતી કરી હતી. આ સાંભળતાં જ સત્તા અને દારૂના નશામાં ચૂર કોર્પોરેટર અને તેમના મિત્ર એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને સિક્યુરિટી ગાર્ડ્સ સાથે જેમફાવે તેમ બોલીને ગાળાગાળી કરવા લાગ્યા હતા.ગેટ પર હોબાળો થતો જોઈને ઈગલ સિક્યુરિટી કંપનીના સુપરવાઈઝર દીપકભાઈ મહેન્દ્રભાઈ પંડ્યા ત્યાં દોડી આવ્યા હતા. તેમણે કોર્પોરેટરને શાંત રહી ગાડી પાર્કિંગમાં મૂકવા અપીલ કરી હતી પરંતુ, કોર્પોરેટર તુષાર પરીખે




લાલચોળ થઈને ધમકી આપી હતી કે, 'તું મને ઓળખતો નથી હું કોણ છું.' મામલો વધુ વણસતા સુપરવાઈઝર દીપકભાઈ આ અંગે ઉચ્ચ અધિકારીને વાકેફ કરવા અને ગાડીના ફોટા પાડીને નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.એસ. પ્રજાપતિની ઓફિસ તરફ ગયા હતા.તેઓ હજી ઓફિસની બહાર ઊભા રહીને રજૂઆત કરવાની તૈયારી કરી જ રહ્યા હતા. ત્યાં જ કોર્પોરેટર અને ઉના પંથકમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા તેમના મિત્ર મણિરાજ ચાંદોરા ગાળો બોલતા તેમની પાછળ ધસી આવ્યા હતા અને સરકારી કચેરીની અંદર જ જાહેરમાં દીપકભાઈને મોઢા પર સણસણતો લાફો ઝીંકી દીધો હતો.આ ગુંડાગીરી અને હોબાળાને પગલે કચેરીના અન્ય કર્મચારીઓ અને અરજદારો ત્યાં એકઠા થઈ ગયા હતા. જોકે, લોકોના ટોળા વચ્ચે પણ આરોપીઓનો રોફ ઓછો થયો ન હતો. કોર્પોરેટરે હાજર તમામ સિક્યુરિટી સ્ટાફને ધમકાવતા કહ્યું હતું કે, 'તમે બધા સિક્યુરિટી ગાર્ડમાં અહીં કઈ રીતે નોકરી કરો છો તે હવે અમે જોઈ લઈશું.' આ પ્રકારની જાનથી મારી નાખવાની ધમકીઓ આપીને બંને કચેરીમાંથી નીચે ઉતરીને નાસી છૂટ્યા હતા.આ શરમજનક ઘટના અંગે સિક્યુરિટી સુપરવાઈઝરે તેમના ઉપરી અધિકારીઓને તુરંત જાણ કરી હતી. ત્યારબાદ, ગુરુવારે દીપકભાઈ પંડ્યાએ સેક્ટર-21 પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપતા પોલીસે સરકારી કચેરીની ગરિમા લજવવા, મારપીટ અને ધમકી આપવા બદલ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## હરિભાઈ પટેલે DRM વેદ પ્રકાશ સાથે બેઠક કરી

અમદાવાદ | રેલવે ફાટક, અંડરબ્રિજ, ઓવરબ્રિજ, નવી ટ્રેન સેવાઓ અને યાત્રીઓની સુવિધાઓ સહિત જનહિતના 20 થી વધુ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા થઈ

માનનીય સંસદ સભ્ય, મહેસાણા શ્રી હરિભાઈ પટેલે ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, અમદાવાદ ખાતે ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ સાથે એક મહત્વપૂર્ણ બેઠક કરી. આશરે દોઢ કલાક ચાલેલી આ બેઠકમાં સંસદ સભ્ય શ્રી પટેલે તેમના સંસદીય મતવિસ્તારને લગતા રેલવેના વિવિધ જનહિતના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરીને રેલવે પ્રશાસન સમક્ષ મહત્વપૂર્ણ પ્રસ્તાવો અને માંગણીઓ રજૂ કરી હતી.

બેઠક દરમિયાન લેવલ ક્રોસિંગ પર રોડ અંડરબ્રિજ (RUB), ફૂટ ઓવરબ્રિજ (FOB) અને અન્ય વૈકલ્પિક માર્ગોના નિર્માણ, બંધ કરાયેલા ગ્રામીણ સંપર્ક માર્ગોને ફરીથી શરૂ કરવા, ખેડૂતોની તેમના ખેતરો સુધી સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવા, રેલવે સ્ટેશનો પર યાત્રી સુવિધાઓનો વિસ્તાર કરવા, સુરક્ષા સંબંધિત કામો તેમજ નવી ટ્રેન સેવાઓ અને ટ્રેનોના સ્ટોપેજ જેવી અનેક જાહેરહિતની માંગણીઓ પર વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.



બેઠકમાં સંસદ સભ્ય શ્રી હરિભાઈ પટેલ દ્વારા ઉઠાવવામાં આવેલા મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:

મોટી દાઉ (અમદાવાદ-પાલનપુર રેલવે લાઈન): જૂના લેવલ ક્રોસિંગના સ્થાને ખેડૂતો અને ગ્રામજનોની સુવિધા માટે રોડ અંડરબ્રિજ (RUB) બનાવવાની માંગ, લેવલ ક્રોસિંગ નંબર 209 ની નજીક બંધ કરાયેલા જૂના માર્ગને ફરીથી ચાલુ રાખવાની માંગ.

બાલવા ગામ (વિજાપુર-ગાંધીનગર નવી રેલવે લાઈન): અગાઉ બંધ કરાયેલા અંડરબ્રિજ નંબર 25નું પુનઃનિર્માણ/પુનઃસ્થાપન કરી ખેડૂતોની ખેતરો સુધી પહોંચ સુનિશ્ચિત કરવાની માંગ.

માણેકપુર-આદરજ મોટી (વિજાપુર બ્રોડગેજ લાઈન): લેવલ ક્રોસિંગ નંબર 27-28 ની વચ્ચે લગભગ 10 મીટરનો માર્ગ ખુલ્લો રાખવાની માંગ, જેથી ખેડૂતો અને ગ્રામજનોની અવરજવરમાં કોઈ અવરોધ ન આવે.

કૈયલ-સેઢાવી (અમદાવાદ-મહેસાણા રેલવે લાઈન): લેવલ ક્રોસિંગ નંબર 216 પર રોડ અંડરબ્રિજ બનાવવાની માંગ.

ઊંઝા (અમદાવાદ-પાલનપુર રેલવે લાઈન ડીએફસીસી કોરિડોર): અંડરબ્રિજ નંબર 198 ની બંને બાજુએ લગાવવામાં આવેલા હાઈ-ગેજ રિટેનિંગ એંગલ્સને કારણે દ્રશ્યતા અવરોધિત થવાની સમસ્યાનો ઉકેલ લાવી સુરક્ષામાં સુધારો કરવાની માંગ, બસ સ્ટેન્ડ તેમજ શહેરના પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડવા માટે રેલવે લાઈન પર નવો ફૂટ ઓવરબ્રિજ (FOB) બનાવવાની દરખાસ્ત.

આંબલીયાસણ સ્ટેશન (અમદાવાદ-મહેસાણા રેલવે લાઈન): લેવલ ક્રોસિંગ નંબર 213 પર રોડ અંડરબ્રિજ બનાવવાની દરખાસ્ત.

પીલુદરા (મહેસાણા-તારંગા રેલવે સેક્શન): ખેડૂતોની સુવિધા માટે રેલવે લાઈનને સમાંતર આશરે 500 મીટર લાંબો રોડ બનાવવાની માંગ.

કૈયલ ગામ-ડાંગરવા-આંબલીયાસણ: રેલવે પરિયોજનાને કારણે બંધ થયેલા ખેતરના માર્ગને ફરી શરૂ કરવા તેમજ કાયમી વૈકલ્પિક માર્ગ પૂરો પાડવા વિનંતી.

વડનગર રેલવે સ્ટેશન: લેવલ ક્રોસિંગ નંબર 36 ને પહોળો કરવાની અને તેની બંને બાજુએ પૂરતી પહોળાઈનો રસ્તો ઉપલબ્ધ કરાવવાની માંગ.

ભાંડુ (અમદાવાદ-પાલનપુર રેલવે લાઈન): અંડરબ્રિજ નંબર 946 (કટીપા-જેતલવાસણા માર્ગ) ની બંને બાજુ બંધ કરાયેલા સંપર્ક માર્ગને ફરીથી ખોલવા અને ખેડૂતો માટે રસ્તો ઉપલબ્ધ કરાવવાની માંગ.

કાંસા ગામ (વિસનગર-મહેસાણા રેલવે લાઈન): લેવલ ક્રોસિંગ નંબર 15 ની નજીક સુરક્ષા દીવાલ માં જરૂરી નિકાસ માર્ગ ઉપલબ્ધ કરાવવાની માંગ.

સંસારી-નોરતા (મહેસાણા-પાટણ રેલવે લાઈન): લેવલ ક્રોસિંગ નંબર 30C/E2 પર રોડ અંડરબ્રિજ બનાવવાની દરખાસ્ત. તંબોડિયાપરા (ખેરાલુ) મહેસાણા-તારંગા હિલ રેલવે સેક્શન: ગામ નજીક લેવલ ક્રોસિંગ અથવા રોડ અંડરબ્રિજ ઉપલબ્ધ કરાવવાની માંગ.

આ ઉપરાંત, સંસદ સભ્ય શ્રી પટેલે રેલવે પરિયોજનાઓને કારણે બંધ થયેલા ગ્રામીણ સંપર્ક માર્ગોના કાયમી ઉકેલ, ખેડૂતોની ખેતરો સુધી સુરક્ષિત અને અવરોધ વિનાની પહોંચ સુનિશ્ચિત કરવા, વિવિધ સ્ટેશનો પર યાત્રીઓની સુવિધાઓનું વિસ્તરણ કરવા, નવી ટ્રેન સેવાઓ શરૂ કરવા અને મહત્વની ટ્રેનોને વધારાના સ્ટોપેજ આપવા સંબંધિત માંગણીઓ પણ મુખ્ય રીતે રજૂ કરી હતી.

## અમદાવાદમાં ભગવાનના ફોટાની ઉપર રાજનેતાઓના ફોટાવાળા હોર્ડિંગ્સ લાગ્યા, AAP પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે કહ્યું કે "આ બુદ્ધિનું પ્રદર્શન છે"

**સામાન્ય સંસ્કારની વાત છે કે જ્યારે ભગવાનનો ફોટો ઉપયોગમાં લેવાય તો એની ઉપર બીજા કોઈનો ફોટો લગાવવો ન જોઈએ: હિમાંશુ ઠક્કર AAP**

**રામ મંદિરની પ્રતિષ્ઠા વખતે પણ રાજનેતાઓના આ રીતના ફોટા લાગ્યા હતા, કુંભના મેળા સમયે પણ હોર્ડિંગ્સમાં એટલા રાજનેતાઓના ફોટા હતા કે ભગવાન શિવનો ફોટો આપણે શોધવો પડતો હતો: હિમાંશુ ઠક્કર AAP**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે રથયાત્રાનો પવિત્ર દિવસ છે અને ભગવાન જગન્નાથ સૌનું ભલું કરે એવી પ્રાર્થના છે. આજે આખા અમદાવાદમાં ભગવાન જગન્નાથના હોર્ડિંગ્સ લાગેલા છે પણ સામાન્ય સંસ્કાર અને સામાન્ય સમજની વાત છે કે જ્યારે ભગવાનનો ફોટો ઉપયોગમાં લેવાય તો એની ઉપર બીજા કોઈનો ફોટો લગાવવો ન જોઈએ પરંતુ આજે આ બધા હોર્ડિંગ્સ જોઈને દુઃખ થાય છે અને જાણે ભગવાન આ લોકોના આશીર્વાદ લેવા નીકળવાના હોય એ રીતનું ચિત્ર દેખાઈ રહ્યું છે. તો આ એ લોકોની બુદ્ધિનો પ્રદર્શન છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે, રામ મંદિરની પ્રતિષ્ઠા વખતે પણ રાજનેતાઓના આ રીતના ફોટા લાગ્યા હતા, કુંભના મેળા સમયે પણ હોર્ડિંગ્સમાં એટલા રાજનેતાઓના ફોટા હતા કે ભગવાન શિવનો ફોટો આપણે શોધવો પડતો હતો. તો સવાલ પેદા થાય છે કે આપણે આ કઈ દિશામાં જઈ રહ્યા છીએ? હિન્દુત્વનું નિકંદન કાઢવામાં ભાજપે કોઈ અસર છોડી નથી. મારી વિનંતી છે કે મારા આ વીડિયોને રાજનૈતિક પોસ્ટ તરીકે જોવામાં ન આવે. ભાજપના નેતાઓને મારી વિનંતી છે કે ભવિષ્યમાં કાં તો તમે ભગવાનના ફોટાઓનો ઉપયોગ બંધ કરો અને જો ભગવાનના ફોટા મુકવા હોય તો તેમના ઉપર બીજા કોઈ વ્યક્તિનો ફોટો ન મૂકો. ઘણા બધા હિન્દુઓ લાચારી અનુભવતા હશે અને એમની મજબૂરી હશે કે તેઓ બોલી શકતા નહીં હોય.

## News Brief

### કચ્છના માલધારીઓની કફોડી સ્થિતિ મુદ્દે 'આપ' નેતા કિરણ દેસાઈએ સરકાર પાસે તાકીદે ઘાસચારો માંગ્યો

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ માલધારી સેલના અધ્યક્ષ કિરણ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતનો ખેડૂત અને ગુજરાતનો માલધારી ખૂબ જ ચિંતાજનક પરિસ્થિતિમાં છે. જેમ ઉપરથી ઈન્દ્રદેવ નારાજ હોય અને નીચેથી આપણી સરકાર નારાજ હોય, તેમજ કૃષિ મંત્રી પણ નારાજ હોય એવું જોવાઈ રહ્યું છે. ખેડૂતો આંદોલન કરીને બેઠા છે, તેવી જ રીતે કચ્છમાં માલધારીઓની પરિસ્થિતિ ખૂબ કફોડી થઈ છે. કચ્છ જિલ્લામાં વરસાદ ન આવતા માલધારીઓની હાલત ખરાબ છે. કચ્છના વિસ્તારોમાં આજે માલધારીઓ પોતે ઈચ્છે તો પણ સ્થળાંતર કરી શકે તેમ નથી, કારણ કે તેમનું પશુધન ખૂબ નબળું પડી ગયું છે. માલધારીઓ વરસાદની રાહ જોઈ રહ્યા છે કે આજે આવશે, કાલે આવશે પણ એવામાં પશુધન નબળું પડી રહ્યું છે. એટલે હું સોશિયલ મીડિયા દ્વારા માનનીય મુખ્યમંત્રી અને પ્રશાસનને કહું છું કે, કચ્છ જિલ્લાના માલધારીઓને તાત્કાલિક ઘાસચારાની વ્યવસ્થા કરી આપવામાં આવે. પાણીની પણ વ્યવસ્થા નથી, તો ટાંકીઓ દ્વારા પાણી પહોંચાડી પશુધનને બચાવવામાં આવે અને પશુઓ માટે ડૉક્ટરોની વ્યવસ્થા કરવામાં આવે. આ પશુધન જ ખેડૂત અને માલધારીઓની આજીવિકા છે.

AAP નેતા કિરણ દેસાઈએ વધુમાં જણાવ્યુ હતુ કે મારી સરકારને નમ્ર વિનંતી છે કે તાત્કાલિક નિર્ણય કરીને ત્યાં ઘાસ વિતરણ ચાલુ કરી દેવામાં આવે. કચ્છ જિલ્લાના માલધારીઓની સ્થિતિ ખૂબ દુઃખદાયક છે અને મૂંગા પશુધન મરી રહ્યા છે. આપણી પાસે ઘાસચારો પડ્યો હોય અને વરસાદ ન પડવાના કારણે જો પશુઓ ભૂખ્યા મરે, તો એનાથી મોટું પાપ શું હોઈ શકે? એટલે મારી નમ્ર વિનંતી છે કે તાત્કાલિક ઘાસ વિતરણ કરવામાં આવે, પાણી પહોંચાડવામાં આવે અને ડૉક્ટરોની ટીમ મોકલવામાં આવે. અને આપણે ઈન્દ્રદેવને પણ પ્રાર્થના કરીએ કે તેઓ પોતાના આશીર્વાદ આપે જેથી ખેડૂતો અને માલધારીઓની આજીવિકા બચી શકે.

### ગુજરાતના 206 ડેમમાં 41% જળસ્તર, ગયા વર્ષે 59% હતું, સરદાર સરોવર 65% પહોંચતા રાહત

અમદાવાદ | ગુજરાતના 206 જળાશયોમાં હાલ સરેરાશ 41.14% જ પાણી ઉપલબ્ધ છે, જે ગત વર્ષના 59% કરતા ઘણું ઓછું છે. 106 જળાશયોમાં 25%થી પણ ઓછું પાણી છે, જ્યારે માત્ર 5 જળાશયો 100% ભરાયા છે. જોકે, જીવાદોરી નર્મદા ડેમ 65.22% ભરાયેલો છે. કચ્છમાં સૌથી ઓછું 24.38% પાણી છે, જે ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે.

ગુજરાતમાં ચોમાસાની સીઝન વચ્ચે જળાશયોના પાણીના સ્તરને લઈને ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. રાજ્યના તમામ 206 જળાશયોમાં હાલની સ્થિતિએ સરેરાશ માત્ર 41.14 ટકા જ જળસંગ્રહ ઉપલબ્ધ છે. ગયા વર્ષની સરખામણીએ આ આંકડો ઘણો ઓછો છે, કારણ કે ગત વર્ષે 15 જુલાઈ સુધીમાં રાજ્યના ડેમોમાં સરેરાશ 59 ટકા જેટલું જળસ્તર નોંધાઈ ચૂક્યું હતું. જોકે, આ નબળા આંકડા વચ્ચે રાહતના સમાચાર એ છે કે ગુજરાતની જીવાદોરી ગણાતા નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમમાં હાલ 65.22 ટકા જળસ્તર છે, જે આગામી સમય માટે મોટી આશા જગાવે છે.

રાજ્યના જળસંપત્તિ વિભાગના અહેવાલ મુજબ, ગુજરાતના માત્ર 5 જળાશયો જ હાલમાં સંપૂર્ણ 100 ટકા ભરાયેલા છે. પાણીની સપાટી વધવાને કારણે હાલમાં રાજ્યના 12 જળાશયોને 'હાઈ એલર્ટ' પર રાખવામાં આવ્યા છે, જ્યારે 2 ડેમ 'એલર્ટ' અને 11 જળાશયો 'વોર્નિંગ' હેઠળ મૂકવામાં આવ્યા છે.

### 14 વર્ષ અને 7 મહિનાની સગીરા પર દુષ્કર્મ:ત્રણ આરોપીઓને 20 વર્ષની કેદ

અમદાવાદ | અમદાવાદના વટવા પોલીસ મથકે વર્ષ 2022 માં મૂળ બિહારના ત્રણ આરોપીઓ અજીત કુમાર પ્રસાદ, જ્ઞાનદેવ માંજી અને કિશન ચૌહાણ સામે IPC અને પોક્સો એક્ટ અંતર્ગત ગુનો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ સીટી સેશન્સ કોર્ટમાં આવેલી પોક્સોની વિશેષ અદાલતમાં કેસ ચાલી જતા જજ એ.બી.ભટ્ટે સરકારી વકીલ કે.જી.જૈન અને દિલીપસિંહ.એમ.ઠાકોરની દલીલો, 19 સાહેદો અને 38 પુરાવા તપાસીને આરોપીઓને 20 વર્ષ કેદની સજા ફટકારી છે.

કેસને વિગતે જોતા સગીર પીડિતાની ઉંમર 14 વર્ષની 7 મહિનાની હતી. તે શાળામાં ભણતી હતી. સગીરા શાળાએથી પરત ન ફરતા અને શોધખોળ કર્યા છતાં તે ન મળી આવતા, તેના માતા-પિતા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી અને સહ આરોપીઓ પાસેથી સગીરાને શોધી કાઢી હતી. આરોપી કિશને સગીરા સાથે બંગાળ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, બિહાર જેવા અલગ-અલગ રાજ્યમાં ફરીને શારીરિક સંબંધો બાંધ્યા હતા.

આરોપી અજીત કુમાર અને જ્ઞાનદેવે, કિશનને ભગાડવામાં મદદ કરી હતી. સગીરા આરોપી કિશન ચૌહાણના સંતાનની માતા બની હતી. સરકારી હોસ્પિટલમાં તેને બાળકને જન્મ આપ્યો હતો. જેના DNA કિશન સાથે મેચ થયા હતા. કોર્ટે ત્રણેય આરોપીઓને 20 વર્ષની કેદની સજા ફટકારી છે. જેમાંથી મુખ્ય આરોપી કિશન ફરાર છે. જ્યારે સગીરાને 5 લાખ રૂપિયા વળતર ચૂકવવા માટે કોર્ટે ઓથોરિટીને હુકમ કર્યો છે.

## ચેક રિટર્નના તમામ ખાનગી કેસ-ફરિયાદો હવે મેટ્રોપોલિટન કોર્ટમાં ટ્રાન્સફર કરાશે

અમદાવાદ | અમદાવાદ શહેરમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ (ચેક રિટર્ન/બાઉન્સ) હેઠળ વધતા જતા કેસોના ભારણને ઘટાડવા અને ન્યાયિક પ્રક્રિયાને ઝડપી બનાવવા વહીવટી સ્તરે એક અત્યંત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ડી. એચ. ખંભાતી દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, 1 ઓગસ્ટ 2024 થી ખાનગી પક્ષકારો વચ્ચેના ચેક રિટર્નના તમામ કેસોને લાલદરવાજા સ્થિત વિશેષ કોર્ટોમાંથી ઘી કાંટા સ્થિત મેટ્રોપોલિટન કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

નવા આદેશ મુજબ, લાલદરવાજાના અપના બજાર ખાતે કાર્યરત ચેક રિટર્નની સ્પેશિયલ કોર્ટોમાં હવે માત્ર સંસ્થાકીય કેસોની જ સુનાવણી થશે. નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFC), નાણાકીય સંસ્થાઓ અથવા કાયદેસર લોન આપતી સંસ્થાઓ દ્વારા દાખલ કરાયેલા કેસો જ આ સ્પેશિયલ કોર્ટમાં ચાલશે. જ્યારે બીજી તરફ, વેપારીઓ વચ્ચે માલના લેવડ-દેવડના ચેક, મિત્રતા કે ઓળખાણમાં હાથ ઉછીના આપેલા પૈસા પરત ન મળવા અંગેના તમામ ખાનગી કેસો હવે ઘી કાંટા સ્થિત રેગ્યુલર કોર્ટોમાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ કેસોની ફાળવણી પોલીસ મથક વિસ્તાર મુજબ કરવામાં આવશે.

ગુજરાત બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન અનિલ સી. કેલ્લાના જણાવ્યા અનુસાર, કોર્ટમાં કેસોનું ભારણ ઘટાડવા વહીવટી દ્રષ્ટિએ આ મોટો ફેરફાર કરાયો છે. અમદાવાદમાં હાલ ચેક બાઉન્સના આશરે સાડા ચાર લાખ જેટલા કેસો પેન્ડિંગ છે. જેમાંથી 50 હજારથી વધુ કેસો માત્ર ખાનગી પક્ષકારો વચ્ચેના છે. કેસોની વધતી સંખ્યાને પહોંચી વળવા અગાઉ કોર્ટો વધારવા છતાં ભારણ ઘટતું ન હોવાથી આ વર્ગીકરણનો નિર્ણય લેવાયો છે.

## અશાંત ધારાના બદલે 'સ્પેસિફાઈડ એરિયા' શબ્દ વપરાશે મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરાશે

ગુજરાત | રાજ્ય સરકાર દ્વારા અશાંત ધારા સંબંધિત નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફારો સાથે નવું નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. નવા નિયમો મુજબ હવે 'અશાંત ધારા' શબ્દના સ્થાને 'સ્પેસિફાઈડ એરિયા' (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. કોમી તણાવ, સ્થળાંતરની સંભાવના અને સામાજિક અસંતુલન જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને આવા વિસ્તારોને સ્પેસિફાઈડ એરિયા તરીકે જાહેર કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

નોટિફિકેશન મુજબ, સ્પેસિફાઈડ એરિયા જાહેર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટી દ્વારા આપવામાં આવતી સલાહ અને ભલામણોના આધારે જ કોઈ વિસ્તારને સ્પેસિફાઈડ એરિયા તરીકે જાહેર કરવામાં આવશે. નવા નિયમોમાં 'પર્સન અગ્રીવડ' સહિતના નવા કાયદાકીય શબ્દોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

સરકારના નિર્ણય મુજબ, જ્યાં કોમી તણાવની સ્થિતિ હોય અથવા ભવિષ્યમાં એક સમુદાયના લોકોના સ્થળાંતરની શક્યતા ઊભી થતી હોય તેવા વિસ્તારોને સ્પેસિફાઈડ એરિયા જાહેર કરી શકાય છે. આવા વિસ્તારોમાં મિલકતની ખરીદી-વેચાણ પ્રક્રિયા માટે જિલ્લા કલેક્ટર કક્ષાએ વિગતવાર તપાસ હાથ ધરવામાં આવશે.

મિલકતના ટ્રાન્સફર સંબંધિત મામલાઓની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. કોમી તણાવ અથવા શાંતિ ભંગ થવાની સંભાવના અંગે તપાસ અને સંતોષકારક અહેવાલ બાદ જ મિલકત વેચાણને મંજૂરી આપવામાં આવશે.

જો મિલકતનું ટ્રાન્સફર ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યું હોવાનું સામે આવશે તો તે ટ્રાન્સફર રદ કરવામાં આવશે. સાથે જ ખરીદદારે છ મહિનાની અંદર ચૂકવેલી રકમ પરત મેળવી મિલકતનો કબ્જો મૂળ માલિકને પરત સોંપવાનો રહેશે. રાજ્ય સરકારે આ તમામ પ્રક્રિયાઓ અને નિયમોને લઈને વિગતવાર નોટિફિકેશન જાહેર કર્યું છે.

## અમરેલીના નાની ધારીમાં યુવકની હત્યા : 4 સામે ફરિયાદ નોંધાઇ

અમરેલી | અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નાની ધારી ગામ નજીક બુધવારે સાંજે પ્રેમલગ્નના મનદુઃખને કારણે જીવલેણ હુમલાની ઘટના બની હતી. આ હુમલામાં નાની ધારીના જયરાજભાઈ ઉર્ફે લાલાભાઈ ગોદડભાઈ ધાખડાનું મોત થયું હતું, જ્યારે શક્તિરાજભાઈ અમરૂભાઈ વાળા ઈજાગ્રસ્ત થતાં તેમની સારવાર ચાલી રહી છે. ખાંભા પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી ગૌતમભાઈ ધીરૂભાઈ વાળાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ઈંગોરાળાથી નાની ધારી તરફ પરત ફરી રહ્યા હતા. તેમની આગળ જયરાજભાઈ પોતાની મોટરસાયકલ પર શક્તિરાજભાઈને બેસાડીને જઈ રહ્યા હતા. ગોવિંદભાઈ મધુભાઈ માંગરોળીયાની વાડી નજીક પાછળથી આવેલી એક સ્વિફ્ટ કારે તેમની બાઈકને ટક્કર મારી હતી, જેના પગલે આ ઘટના બની હતી. કારની ટક્કર બાદ કારમાંથી મયુરભાઈ વલકુભાઈ વરૂ (રહે. કંથારીયા) તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સો નીચે ઉતર્યા હતા. ફરિયાદ અનુસાર, આરોપીઓ પાસે તલવાર, કુહાડી અને લોખંડની પાઈપ જેવા હથિયારો હતા.

## પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને અલગ કરવાની નીતિથી ઊભી થશે અસમાનતા : CET આધારિત જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલની નીતિ સામે શિક્ષણ મહાસંઘનો સવાલ

અમદાવાદ | રાજ્યમાં CET પરીક્ષાના આધારે ધોરણ 6થી 12 સુધીના વિદ્યાર્થીઓને ખાનગી જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલોમાં પ્રવેશ આપવાની નીતિ સામે હવે વિરોધના સ્વર ઊઠવા લાગ્યા છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાતે શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજાને પત્ર લખીને આ સમગ્ર નીતિની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરવાની માંગ કરી છે.

મહાસંઘે પોતાના પત્રમાં જણાવ્યું છે કે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સરકારી શાળાઓમાંથી અલગ કરીને ખાનગી સંચાલિત નિવાસી શાળાઓમાં મોકલવાથી સરકારી શાળાઓની ગુણવત્તા, શૈક્ષણિક વાતાવરણ અને વિદ્યાર્થીઓની સંખ્યા પર નકારાત્મક અસર પડી શકે છે. સંગઠનના મતે સરકાર દ્વારા સરકારી શાળાઓને જ વધુ મજબૂત બનાવવાના પ્રયાસો થવા જોઈએ.



પત્રમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલોમાં વિદ્યાર્થીઓ પાછળ સરકાર દ્વારા સરકારી શાળાઓની સરખામણીએ અનેકગણો ખર્ચ કરવામાં આવે છે. ધોરણ 6થી 8 માટે ખાનગી સંસ્થાઓને પ્રતિ વિદ્યાર્થી રૂ. 20 હજાર, ધોરણ 9-10 માટે 22 હજાર અને ધોરણ 11-12 માટે 25 હજાર સુધીની સહાય આપવામાં આવે છે, જ્યારે સરકારી શાળાઓમાં પ્રતિ વિદ્યાર્થી ખર્ચ તેની તુલનામાં ઘણો ઓછો છે. મહાસંઘે CET પરીક્ષાના આધારે 'પ્રતિભાશાળી વિદ્યાર્થી'ની વ્યાખ્યા અને માપદંડોને પણ પ્રશ્નાંકિત કર્યા છે. સંગઠનનું માનવું છે કે માત્ર એક પરીક્ષાના ગુણોના આધારે વિદ્યાર્થીઓની ક્ષમતા નક્કી કરવી યોગ્ય નથી અને તે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના સમાનતા અને સમાવેશના સિદ્ધાંતોને પણ અસર કરી શકે છે.

સંગઠને સરકાર સમક્ષ કેટલીક મુખ્ય માંગણીઓ પણ મૂકી છે, જેમાં CET આધારિત પ્રવેશ નીતિની સમીક્ષા, ખાનગી સંસ્થાઓને આપવામાં આવતી પ્રોત્સાહક જોગવાઈઓ બંધ કરવી, ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સરકારી શાળાઓમાં વધુ રોકાણ કરવું અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખીને નીતિ ઘડવાની માંગ સામેલ છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં આ મુદ્દો આગામી દિવસોમાં વધુ ચર્ચાનો વિષય બની શકે છે, કારણ કે એક તરફ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને વિશેષ તકો આપવાનો સરકારનો પ્રયાસ છે, તો બીજી તરફ સરકારી શાળાઓના અસ્તિત્વ અને સમાન શિક્ષણ વ્યવસ્થાના પ્રશ્નો પણ સામે આવી રહ્યા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### સ્થાનિક કાયદા ભંગ બદલ લેવાયો નિર્ણય

# યુએઈથી ડિપોર્ટ કરાયેલા 60 ભારતીયો સુરત પહોંચ્યા

(એજન્સી) સુરત । તા. 16



સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) માં કાયદાકીય નિયમોના ઉલ્લંઘન બદલ ડિપોર્ટ કરવામાં આવેલા ૬૦ ભારતીય નાગરિકો બુધવારે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નંબર આઈ.એક્સ-૨૭૪ દ્વારા આ મુસાફરો સુરતની ધરતી પર ઉતર્યા ત્યારે એરપોર્ટ પર તૈનાત સુરક્ષા અને ઈમિગ્રેશન એજન્સીઓ સંપૂર્ણ સતર્ક જોવા મળી હતી. વિદેશની ધરતી પર સ્થાનિક કાયદાના ભંગના આરોપસર આ ભારતીયોને દેશનિકાલ કરી ભારત પરત મોકલી દેવામાં આવ્યા છે.

### દૂતાવાસની મદદ અને પરત ફરવાની પ્રક્રિયા

વિદેશમાં મુશ્કેલીમાં ફસાયેલા આ નાગરિકોને પરત લાવવા માટે દુબઈ સ્થિત ભારતીય દૂતાવાસે મહત્વની ભૂમિકા ભજવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, દૂતાવાસના અધિકારીઓએ મુસાફરોની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને ભારત આવવા માટે જરૂરી કાનૂની મદદ પૂરી પાડી હતી. આ તમામ મુસાફરો પાસે પ્રવાસ દસ્તાવેજોના અભાવે દૂતાવાસ દ્વારા 'ઈમરજન્સી સર્ટિફિકેટ' અથવા 'અસ્થાયી પ્રવાસ દસ્તાવેજો' તૈયાર કરવામાં આવ્યા હતા, જેના આધારે તેઓ ભારત પરત ફરી શક્યા હતા. યુએઈના સત્તાવાળાઓએ ત્યાંના સ્થાનિક નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ આ કાર્યવાહી કરી હતી.

### એરપોર્ટ પર ઈમિગ્રેશન વિભાગની કડક તપાસ

ફ્લાઈટ સુરત એરપોર્ટ પર લેન્ડ થતાની સાથે જ ઈમિગ્રેશન વિભાગ દ્વારા તમામ ૬૦ મુસાફરોની સઘન પૂછપરછ અને તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેમના પ્રવાસના કારણો, યુએઈમાં તેમના રોકાણની વિગતો અને ત્યાં બનેલી ઘટનાઓની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. તમામ દસ્તાવેજોની ખરાઈ કર્યા બાદ જ તેમને એરપોર્ટ પરિસરમાંથી બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓ આ સમગ્ર મામલે અત્યંત સાવચેત રહીને કામ કરી રહી હતી જેથી કોઈ પણ સુરક્ષા નિયમનો ભંગ ન થાય.

પ્રાથમિક તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, ડિપોર્ટ કરાયેલા આ મુસાફરોમાં મોટાભાગના લોકો ઉત્તર ભારતના રાજ્યોના રહેવાસી છે. જેમાં બિહાર, ઉત્તર પ્રદેશ અને પંજાબના નાગરિકોની સંખ્યા વધુ છે. આ લોકો રોજગારીની શોધમાં કે અન્ય કામકાજ અર્થે યુએઈ ગયા હતા. જોકે, ત્યાંના કાયદાકીય માળખામાં અજાણતા કે જાણીજોઈને થયેલી ભૂલના કારણે તેઓ મુશ્કેલીમાં મુકાયા અને અંતે તેમને વતન પરત ફરવું પડ્યું છે.

### સ્થાનિક વહીવટીતંત્રની સતર્કતા

આ બનાવ બાદ સુરત એરપોર્ટ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. ઈમિગ્રેશન વિભાગના અધિકારીઓ આ પ્રકારના ડિપોર્ટ થયેલા મુસાફરોના આગમનને લઈને વધારાની સાવચેતી રાખી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિપોર્ટ થયેલા તમામ મુસાફરોની યાદી તૈયાર કરી લેવામાં આવી છે અને તેમની પૃષ્ઠભૂમિની વધુ ઊંડાણપૂર્વક તપાસ કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. આ સમગ્ર ઘટનાક્રમે વિદેશમાં નોકરી કરવા ઈચ્છતા અન્ય ભારતીયો માટે પણ કાયદાના પાલનનો સંદેશ આપ્યો છે. હાલ તો આ તમામ મુસાફરો પોતાના વતન જવા માટે રવાના થયા છે, પરંતુ આ ઘટનાએ ફરી એકવાર વિદેશમાં કાયદાકીય ગૂંચવણો અંગે ગંભીર ચર્ચાઓ જગાવી છે.

## વડોદરામાં ચોમાસાની નબળી શરૂઆતથી ચિંતા, ચોમાસાની ખેંચથી આજવાની સપાટી ઘટી



વડોદરા | વડોદરા જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાની સિઝન અત્યંત નબળી રહેતા ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. વરસાદની ભારે ખેંચના કારણે ખેડૂતો પાકના વાવેતરને લઈને મુશ્કેલીમાં મુકાયા છે, તો બીજી તરફ શહેરવાસીઓ પણ પાણીની અછતનો સામનો કરવા મજબૂર બન્યા છે. અત્યાર સુધી જિલ્લામાં માંડ ૭ થી ૮ ઇંચ વરસાદ નોંધાતા જળસ્ત્રોતોમાં પૂરતું પાણી આવ્યું નથી. શહેરની જીવાદોરી સમાન આજવા સરોવરની જળસપાટીમાં પણ ચિંતાજનક ઘટાડો જોવા મળી રહ્યો છે. હાલમાં આજવા સરોવરની સપાટી ૨૦૭.૮૫ ફૂટ પર સ્થિર છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નર્મદા કેનાલમાંથી પાણી છોડવા છતાં પણ સરોવર પૂરતું ભરાઈ શક્યું નથી. મળતી માહિતી મુજબ, હાલમાં ઉપલબ્ધ પાણીનો જથ્થો વડોદરા શહેરના પૂર્વ વિસ્તારને માત્ર ૨૦ દિવસ સુધી પાણી પૂરું પાડી શકે તેમ છે. જો આગામી દિવસોમાં વરસાદ નહીં વરસે તો શહેરીજનો માટે પાણીનું સંકટ વધુ ગંભીર બની શકે છે. વડોદરા જિલ્લામાં મોટાભાગના વિસ્તારમાં ગરમી અને બફારાનું વાતાવરણ યથાવત છે.

## વડોદરાના સયાજીબાગ ઝૂમાં મોર કુળના 36 પક્ષી દત્તક, રોટરી ક્લબ દ્વારા 3૬ પક્ષીઓ દત્તક લેવાયા

(એજન્સી) વડોદરા । તા. 16

વડોદરાના જાણીતા સયાજીબાગ પ્રાણીસંગ્રહાલય (ઝૂ) ખાતે જીવદયા અને વન્યજીવ સંરક્ષણનું એક અત્યંત પ્રેરણાદાયી ઉદાહરણ સામે આવ્યું છે. શહેરમાં કાર્યરત રોટરી ક્લબની ૧૧ સ્થાનિક શાખાઓએ એકજૂટ થઈને સયાજીબાગ ઝૂમાં રહેતા મોર કુળના ૩૬ પક્ષીઓને દત્તક લીધા છે. આ ઉમદા કાર્ય દ્વારા પક્ષીઓના ભરણપોષણ અને તેમની આરોગ્યલક્ષી તમામ જવાબદારીઓ હવે રોટરી ક્લબ દ્વારા નિભાવવામાં આવશે.

સયાજીબાગ ઝૂ દ્વારા દર વર્ષે વન્યજીવ સંરક્ષણ અને જીવદયાને પ્રોત્સાહન આપવા માટે ખાસ દત્તક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આ અભિયાનને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે. ઝૂના સત્તાધીશોના જણાવ્યા અનુસાર, રોટરી ક્લબની ૧૧ શાખાઓ આ પહેલમાં જોડાઈ છે અને તેમણે કુલ ૧૬ જેટલા અલગ-અલગ પાંજરાઓમાં રાખવામાં આવેલા ૩૬ પક્ષીઓને દત્તક લીધા છે. આ પક્ષીઓની ખાણી-પીણીથી માંડીને તેમના સ્વાસ્થ્ય અને રહેઠાણની સ્વચ્છતા સુધીની તમામ કાળજીમાં આ સંસ્થાઓનો સહયોગ રહેશે.

### સંવેદનશીલતા અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ

આ પ્રકારની લોકભાગીદારી માત્ર પક્ષીઓની સુવિધામાં જ વધારો નહીં કરે, પરંતુ સમાજના નાગરિકોમાં વન્યજીવો અને પ્રકૃતિ પ્રત્યેની સંવેદનશીલતાને પણ વધુ મજબૂત બનાવશે. ઝૂ સત્તાધીશોએ જણાવ્યું હતું કે, રોટરી ક્લબના આ નિર્ણયથી ઝૂના સંચાલનમાં મદદ મળશે અને પક્ષીઓની સારસંભાળમાં નવી ગુણવત્તા આવશે. આ પહેલ સમાજમાં જીવદયાની ભાવનાને પણ નવી દિશા આપશે. દત્તક લેવામાં આવેલા પક્ષીઓની સારવાર અને તેમના ખોરાક માટે રોટરી ક્લબ દ્વારા પૂરતું ધ્યાન આપવામાં આવશે. ઝૂમાં આવતા મુલાકાતીઓ માટે પણ આ એક શિક્ષણરૂપ અનુભવ બનશે કે કેવી રીતે વ્યક્તિગત અને સંસ્થાકીય સહયોગથી વન્યજીવોનું રક્ષણ કરી શકાય છે.




## ભરૂચ હિટ એન્ડ રન: સારવાર દરમિયાન યુવકનું મોત, 11 જુલાઈએ સર્જાયો હતો અકસ્માત

(એજન્સી) વડોદરા । તા. 16

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના વાગ્યા ગામ નજીક સર્જાયેલા હિટ એન્ડ રનના ગંભીર અકસ્માતમાં એક ૨૩ વર્ષીય યુવકે સારવાર દરમિયાન દમ તોડ્યો છે. ધવલ પ્રવીણભાઈ વસાવા નામના આ યુવકને અકસ્માત બાદ વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં આઈસીયુ વોર્ડમાં સારવાર ચાલી રહી હતી. ગત ૧૧ જુલાઈના રોજ ધવલ વસાવા પોતાના બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે વાગ્યા ગામ નજીક કોઈ અજાણ્યા વાહનચાલકે તેમને ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પ્રાથમિક સારવાર ભરૂચ સિવિલ હોસ્પિટલમાં આપવામાં આવી હતી, પરંતુ સ્થિતિ વધુ ગંભીર હોવાથી તેમને વડોદરાની સયાજી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.

આજે સારવાર દરમિયાન ધવલ વસાવાનું નિધન થતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હોસ્પિટલ દ્વારા પોસ્ટમોર્ટમની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. વાલિયા પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધીને અજાણ્યા વાહનચાલકની શોધખોળ શરૂ કરી છે. અકસ્માત સ્થળના સીસીટીવી ફૂટેજ અથવા અન્ય પુરાવાઓના આધારે આરોપી વાહનચાલક સુધી પહોંચવા માટે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ૨૩ વર્ષીય યુવકના અકાળ અવસાનથી વાગ્યા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે.

## વડોદરામાં તસ્કરોનો તરખાટ 73 લાખની મતાની ચોરી, કાર સાથે બે આરોપીઓ મુદ્દામાલ સાથે પકડાયા

(એજન્સી) વડોદરા । તા. 16

વડોદરા શહેરમાં ચોરીના ત્રણ ઉપરાછાપરી બનાવોએ સ્થાનિકોમાં ફફડાટ ફેલાવી દીધો છે. સયાજીગંજ, ગોત્રી અને મકરપુરા વિસ્તારમાં ત્રાટકેલા ચોરોએ અંદાજે 73 લાખ રૂપિયાની કિંમતના દાગીના અને રોકડ રકમની ચોરી કરી છે. આ ઘટનાઓમાં સૌથી વધુ નુકસાન સયાજીગંજ વિસ્તારમાં થયું છે, જ્યાં એક ફ્લેટમાંથી લાખોના દાગીના ઉઠાવી જવામાં આવ્યા હતા.

મીડિયા અહેવાલ મુજબ, સયાજીગંજમાં તસીદ ટાવરમાં રહેતા એક મહિલાના બહેન છેલ્લા એક વર્ષથી દુબઈમાં સ્થાયી છે. તેમના ફ્લેટની દેખરેખ રાખવામાં આવતી હતી, પરંતુ બપોરના સમયે ત્રાટકેલા ચોરોએ તાળા તોડીને લોકર જ ઉઠાવી લીધું હતું.

આ લોકરમાં આશરે 51 તોલા સોનાના દાગીના હતા, જેની વર્તમાન બજાર કિંમત અંદાજે 71 લાખ રૂપિયા જેટલી થાય છે. આ સિવાય ગોત્રીના અભિષેક ડૂપ્લેક્સ અને મકરપુરાના ક્રિષ્ણા ટાવરમાં પણ ચોરીની ઘટનાઓ બની હતી, જ્યાં ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી થઈ હતી.

વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોરીના બનાવને ગંભીરતાથી લઈને તપાસ શરૂ કરી હતી. સર્વેલન્સ દરમિયાન સરદાર એસ્ટેટ પાસે શંકાસ્પદ કારને અટકાવીને તપાસ કરતા બે શખ્સો, રામકુમાર ચૌહાણ અને વિશાલ દંતાણી પકડાઈ ગયા હતા. પોલીસે તેમની પાસેથી ચોરીના દાગીના, રોકડ અને અન્ય સામાન મળી કુલ 5 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પૂછપરછ દરમિયાન બંને આરોપીઓએ સુભાનપુરા અને ગોત્રીમાં ચોરી કર્યાની કબૂલાત કરી છે.

### સીસીટીવી ફૂટેજ બન્યા પુરાવા

ગોત્રીની ઘટનામાં મકાન માલિકની પુત્રીને સીસીટીવી કેમેરા અને લાઈટો બંધ હોવાની શંકા જતાં તપાસ કરવામાં આવી હતી. કેમેરાનું રેકોર્ડિંગ તપાસતા તેમાં ચોરોની વાતચીતનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો, જે તપાસમાં પોલીસ માટે ખૂબ મહત્વના પુરાવા સાબિત થયા.

## કપાસિયા તેલમાં 30 તો કોપરેલમાં 50 નો વધારો, અનિયમિત ચોમાસુ અને યુદ્ધની સ્થિતિ જવાબદાર



રાજકોટ | ગુજરાતમાં મગફળીનું રેકોર્ડબ્રેક 61 લાખ ટન જેટલું મબલખ ઉત્પાદન થયું હોવા છતાં, ખાદ્યતેલોના ભાવમાં થયેલો તોતિંગ વધારો સામાન્ય ગૃહિણીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. છેલ્લા એક વર્ષમાં તેલીબિયાંનું ઉત્પાદન સારું રહ્યું હોવા છતાં, વર્તમાન સમયમાં અનિયમિત ચોમાસું, બિયારણની વધતી માંગ અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવર્તતી યુદ્ધની પરિસ્થિતિ જેવા કારણોસર ખાદ્યતેલોના ભાવ ફરી એકવાર ભડકે બળ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, ખાદ્યતેલોના ભાવમાં થયેલો આ એકસાથે વધારો લોકોના ઘરનું બજેટ ખોરવી નાખશે તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સિંગતેલના ડબ્બામાં 50 રૂપિયાનો સીધો વધારો ઝીંકાયો છે, જ્યારે કપાસિયા તેલમાં 30 રૂપિયા, પામ તેલમાં 15 રૂપિયા, કોપરેલમાં 50 રૂપિયા અને સૂર્યમુખી તેલમાં 20 રૂપિયાનો વધારો થયો છે. આ વધારાને કારણે મોંઘવારીનો માર સીધો સામાન્ય જનતા પર પડ્યો છે. ઉત્પાદન સારું હોવા છતાં ભાવ વધવા પાછળ અનેક કારણો જવાબદાર છે. રાજ્યમાં અનિયમિત ચોમાસાને કારણે ખેડૂતો ચિંતિત છે, તો બીજી તરફ બજારમાં માલની આવક મર્યાદિત હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

### માલીમાં કેદ વેપારી ધીરુ રામાણી આઝાદ

# આતંકીઓની કેદમાંથી સુરતના હીરા વેપારી મુક્ત

(એજન્સી) સુરત । તા. 16



પશ્ચિમ આફ્રિકાના માલી દેશમાં લગભગ ત્રણ મહિનાથી આતંકવાદીઓના કબજામાં રહેલા સુરતના જાણીતા ડાયમંડ ઉદ્યોગપતિ ધીરુ રામાણી આખરે હેમખેમ સ્વદેશ પરત ફર્યા છે. ૭૫ વર્ષીય રામાણીને મુક્ત કરાવવા માટે તેમના પરિવારે ખૂબ જ મોટું જોખમ ઉઠાવીને ૪૪ કરોડ રૂપિયા જેટલી જંગી રકમ ખંડણી પેટે ચૂકવવી પડી હતી. આ ઘટનાએ આફ્રિકાના દેશોમાં વેપાર કરતા ભારતીય ઉદ્યોગપતિઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

### ગોલ્ડ માઈનિંગ પ્રોજેક્ટમાં રોકાયેલા હતા રામાણી

ધીરુ રામાણી છેલ્લા બે વર્ષથી માલીમાં એક મોટા ગોલ્ડ માઈનિંગ પ્રોજેક્ટના સંચાલન માટે સ્થાયી થયા હતા. આ પ્રોજેક્ટ દરમિયાન જ, આશરે ત્રણ મહિના પહેલાં અલ-કાયદા સાથે જોડાયેલા એક કટ્ટરપંથી જૂથે તેમનું અપહરણ કર્યું હતું. રામાણીની સાથે તેમના રસોઈયા અને ઈલેક્ટ્રિશિયનનું પણ અપહરણ કરવામાં આવ્યું હતું. આ ઘટના બાદ આખા હીરા ઉદ્યોગમાં અને તેમના પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું.

પરિવારના સભ્યોએ જણાવ્યું કે, અપહરણકારોએ શરૂઆતમાં ૧૦૦ કરોડ રૂપિયાની માંગણી કરી હતી, પરંતુ લાંબી વાટાઘાટો અને જીવિત હોવાની સાબિતી મળ્યા બાદ આખરે ૪ મિલિયન યુરો એટલે કે આશરે ૪૪ કરોડ રૂપિયામાં આ ડીલ ફાઈનલ કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં કોઈ પણ સરકારી એજન્સીની મદદ લેવામાં આવી ન હતી. પરિવારે સ્વતંત્ર રીતે અપહરણકારો સાથે સંપર્ક સાધીને પોતાના વડીલના સુરક્ષિત પુનરાગમન માટે આ રકમ ચૂકવવાનો કપરો નિર્ણય લીધો હતો. અપહરણકારોએ વીડિયો કોલ દ્વારા ધીરુ રામાણી જીવિત હોવાની પુષ્ટિ પણ કરી હતી.

ધીરુ રામાણી માત્ર સુરત જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ હીરા ઉદ્યોગમાં મોટું નામ ધરાવે છે. તેઓ 'રામાણી એક્સપોર્ટ' નામની ફેક્ટરીનું સંચાલન કરે છે અને ન્યૂયોર્કમાં પણ તેમના 'સીબીડી ડાયમંડ એન્ડ જ્વેલરી' નામના શો-રૂમ આવેલા છે. તેમના પુત્રો અમેરિકામાં સ્થાયી હોવાથી, આ આખી મુક્તિ પ્રક્રિયા પરિવાર માટે પડકારજનક હોવા છતાં અત્યંત વ્યવસ્થિત રીતે પાર પાડવામાં આવી હતી.

### આફ્રિકામાં રોકાણ કરતા વેપારીઓમાં ફફડાટ

આ ઘટનાના સમાચાર ફેલાતા જ આફ્રિકન દેશોમાં પોતાનો વેપાર અને ઉદ્યોગ ધરાવતા સુરતના અન્ય વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. સુરતના એક વરિષ્ઠ હીરા વેપારીએ આ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, જે રીતે આતંકવાદીઓ ભારતીય ઉદ્યોગપતિઓને ટાર્ગેટ કરી રહ્યા છે તે અત્યંત ગંભીર છે. માલી જેવા સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં કામ કરતા ભારતીય નાગરિકો માટે સલામતીના નિયમો વધુ કડક બનાવવા જોઈએ. હાલમાં ધીરુ રામાણી સુરક્ષિત રીતે પરત ફરતા તેમના પરિવારે રાહતનો શ્વાસ લીધો છે. પરંતુ આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે વિદેશી ધરતી પર વેપાર વધારવાની લાલચમાં ઘણીવાર જીવનું જોખમ પણ રહેલું હોય છે. સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક વેપારી સંગઠનો હવે આફ્રિકામાં કામ કરતા વેપારીઓ માટે નવી સુરક્ષા માર્ગદર્શિકા તૈયાર કરવા પર વિચાર કરી રહ્યા છે.

### વાઘોડિયામાં માનવભક્ષી દીપડાનો આતંક, ગ્રામજનો ટોર્ચ અને હથિયારો સાથે સજ્જ

# વાઘોડિયામાં દીપડો માનવભક્ષી બનતા ફફડાટ

(એજન્સી) વડોદરા । તા. 16



વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં દીપડાના સતત વધતા આતંકને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. લાંબા સમયથી પશુધનનું મારણ કરી રહેલો દીપડો હવે માનવભક્ષી બન્યો હોવાની ઘટના સામે આવતા ફોરેસ્ટ વિભાગની ટીમો દોડતી થઈ ગઈ છે. વાઘોડિયાના ફલોડ ગામે ગઈકાલે રાત્રે દીપડાએ બે ગ્રામજનો પર હુમલો કરતા આખો વિસ્તાર હચમચી ઉઠ્યો છે.

દેવ નદીને કાંઠે આવેલા ફલોડ ગામમાં ગત રાત્રે દીપડાએ બે વ્યક્તિઓ પર અચાનક હુમલો કર્યો હતો. હેમાંગ પરમાર નામના ગ્રામજન પર દીપડાએ હુમલો કરી બાથ ભીડી હતી, ત્યારબાદ ત્યાંથી ભાગેલા દીપડાએ મણીભાઈ પરમાર નામના આધેડને પણ નિશાન બનાવી બચકા ભર્યા હતા. ગ્રામજનો બુમરાણ મચાવતા દીપડો નદીના કોતરો તરફ ભાગી છૂટ્યો હતો. આ હુમલા બાદ દીપડો માનવભક્ષી બન્યો હોવાની આશંકાએ લોકોમાં ગભરાટ ફેલાયો છે.

ઘટનાની જાણ થતા જ વડોદરા ફોરેસ્ટ વિભાગની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. દીપડાને પકડવા માટે નદી કાંઠાના વિસ્તારોમાં બે પાંજરા ગોઠવવામાં આવ્યા છે. વડોદરાના વાઘોડિયા ઉપરાંત ડભોઇ, સાવલી, કરજણ અને પાદરા જેવા વિસ્તારોમાં પણ દીપડાની અવરજવર વારંવાર જોવા મળતી હોવાથી ફોરેસ્ટ વિભાગે સતર્કતા વધારી દીધી છે. દીપડાને પકડવા માટેના પ્રયાસો અગાઉ પણ કરવામાં આવ્યા હતા, પરંતુ તે ફરી ગ્રામ્ય વિસ્તારોમાં આવી જતો હોવાથી સ્થાનિકોમાં ચિંતા છે.

### ગ્રામજનોનું રાત્રિ જાગરણ

પોતાના અને પશુધનના રક્ષણ માટે ફલોડ ગામના ગ્રામજનોએ સ્વબચાવના માર્ગ અપનાવ્યા છે. ટોર્ચ અને મારક હથિયારો સાથે ગ્રામજનો આખી રાત ખેતરો અને નદી કાંઠાના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા છે. લોકોનું કહેવું છે કે, જ્યાં સુધી દીપડો પકડાય નહીં ત્યાં સુધી તેમને જીવનું જોખમ છે. ફોરેસ્ટ વિભાગની ટીમો પણ સતત પેટ્રોલિંગ કરી રહી છે જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને. વડોદરા જિલ્લામાં દીપડાના મોત અંગે પણ અનેક રહસ્યમય કિસ્સાઓ સામે આવ્યા છે. અત્યાર સુધીમાં આઠ જેટલા દીપડાઓ વાડમાં ફસાવાથી, ટ્રેન કે વાહનની અડફેટે આવવાથી અથવા અગમ્ય સંજોગોમાં સળગેલી હાલતમાં મળી આવ્યા છે.

### બંનેની સારવાર સયાજી હોસ્પિટલમાં ચાલુ

## 18 વર્ષીય યુવતી અને 34 વર્ષીય યુવકે જીવન ટૂંકાવવાનો પ્રયત્ન કર્યો

(એજન્સી) વડોદરા । તા. 16

વડોદરા શહેરમાં આપઘાતનો પ્રયાસ કર્યાની બે ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં રહેતા એક યુવતી અને એક યુવકે કોઈ અગમ્ય કારણોસર ઝેરી પ્રવાહી પી લેતા તેમને ગંભીર હાલતમાં સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.

મીડિયા અહેવાલ મુજબ, પ્રથમ બનાવમાં જૂના પાદરા રોડ વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષની યુવતીએ ગઈકાલે બપોરે પોતાના નિવાસસ્થાને હાર્પિક પી લીધું હતું. યુવતીની તબિયત બગડતાં પરિવારજનો તેને તાત્કાલિક હોસ્પિટલ દોડાવી ગયા હતા. આ બનાવ અંગે જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે અને પોલીસ ઘટનાના કારણો તપાસી રહી છે.

બીજા બનાવમાં, સમા-સાવલી રોડ વિસ્તારમાં રહેતા ૩૪ વર્ષીય કૃષ્ણા મોરેએ ગઈકાલે રાત્રિના સમયે ફીનાઈલ પી લીધું હતું. આ બાબતે જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી તેમને સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની સારવાર ચાલી રહી છે અને તેમની સ્થિતિ અંગે વધુ માહિતી મેળવવા પ્રયાસો થઈ રહ્યા છે.

### પોલીસ તપાસ

આ પ્રકારની ઘટનાઓ વધતી જતી હોવાથી તંત્ર પણ ચિંતિત છે. જે.પી. રોડ પોલીસ અને સંબંધિત પોલીસ મથકો દ્વારા પ્રાથમિક તપાસમાં કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. શું આ ઘટનાઓ પાછળ કૌટુંબિક કારણો છે કે આર્થિક મુશ્કેલીઓ, તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. બંને કિસ્સામાં ઝેરી પ્રવાહી પીવાની ઘટના બનતા પરિવારજનોમાં આઘાતનું મોજું ફરી વળ્યું છે. પોલીસ તપાસમાં જે તથ્યો બહાર આવશે, તેના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### નાગરિકોની ફરી સુવિધા શરૂ કરવાની માંગ

## વડોદરા કોર્પોરેશનની વેબસાઈટ પરથી AQI ની માહિતી ગાયબ

(એજન્સી) વડોદરા । તા. 16

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકો માટે શહેરના વિવિધ વિસ્તારોની હવાની ગુણવત્તા (Air Quality Index - AQI) અંગે ઓનલાઈન માહિતી પૂરી પાડતી સુવિધા અચાનક બંધ કરી દેવામાં આવી છે. કોર્પોરેશનની સત્તાવાર વેબસાઈટ પરથી હવે 8 જેટલા વિવિધ વિસ્તારોના હવાની ગુણવત્તાના આંકડા હટાવી લેવાતા નાગરિકોમાં ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે.

### કયા વિસ્તારો પ્રભાવિત થયા?

મીડિયા અહેવાલ મુજબ, અગાઉ વેબસાઈટ પર મંગળ બજાર, છાણી (ટીપી-13), જાંબુઆ, સુભાનપુરા સહિત કુલ આઠ મહત્વના સ્થળોએ હવાની ગુણવત્તાની સ્થિતિ જીવંત (Live) જોવા મળતી હતી. નાગરિકો ખાસ કરીને શિયાળાની ઋતુમાં, જ્યારે હવાનું પ્રદૂષણ વધે છે ત્યારે આ આંકડા પરથી સાવચેતી રાખતા હતા. પરંતુ હવે આ માહિતી વેબસાઈટ પર ઉપલબ્ધ નથી.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, કારેલીબાગ વિસ્તારમાં 24 કલાક કાર્યરત નવી એર ક્વોલિટી મોનિટરિંગ સિસ્ટમ બેસાડ્યા બાદ, કોર્પોરેશને જૂના સ્ટેશનોના આંકડા 'સિસ્ટમ મેન્ટેનન્સ'ના બહાને બંધ કરી દીધા હતા. હવે તે સુવિધાને સત્તાવાર રીતે વેબસાઈટ પરથી પણ દૂર કરી દેવામાં આવી છે.

પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત નાગરિકોનું કહેવું છે કે હવાની ગુણવત્તા દરેક વિસ્તારમાં ભૌગોલિક સ્થિતિ અને ટ્રાફિકના આધારે અલગ-અલગ હોય છે. માત્ર કારેલીબાગના આંકડાથી સમગ્ર વડોદરા શહેરની હવાની સ્થિતિનો સાચો અંદાજ લગાવી શકાતો નથી. શહેરીજનો માગ કરી રહ્યા છે કે કોર્પોરેશન વહેલી તકે આ તમામ 8 સ્થળોએ મોનિટરિંગ ફરી શરૂ કરે જેથી નાગરિકો પોતાના સ્વાસ્થ્ય અંગે સજાગ રહી શકે.

તંત્ર દ્વારા આ મામલે કોઈ ચોક્કસ સ્પષ્ટતા કરવામાં આવી નથી, જેનાથી લોકોમાં અસંતોષની લાગણી જન્મી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારી પત્ની પરનો કામનો બોજ ઘટાડવા ઘરના કામકાજમાં તેની મદદ કરજો. આ બાબત શૅરિંગ તથા આનંદની લાગણીને પ્રોત્સાહિત કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**

બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે- જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે.

**મિથુન : ક. છ. ઘ.**

જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**કર્ક : ડ. હ.**

તમારા મિત્રો અથવા પરિવારના સભ્યો સાથેની મજા માટેની ટ્રીપ તમને નિરાંતવા બનાવશે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. બાળકો વધુ ધ્યાનની માગ કરશે.

**સિંહ : મ. ટ.**

તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો.

**તુલા : ર. ત.**

આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

**વૃશ્ચિક : ન. ય.**

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પ ર ા ધ ી ન ત ા આવી શકે છે.

**મકર : ખ. જ.**

માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.

# ભગવાનશ્રી જગન્નાથજીની ૧૯ મી રથયાત્રા-દાહોદ







દિપક રાવલ દાહોદ લીમખેડા

કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર પશુપલાન મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ દાહોદના જગન્નાથજી મંદિર ખાતે ભક્તિભાવપૂર્વક દર્શન કર્યાકૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર પશુપલાન મંત્રી )શ્રી રમેશભાઈ કટારાએ આજે અષાઢી બીજ નિમિત્તે પાવન અવસરે દાહોદના સુપ્રસિદ્ધ જગન્નાથજીની રથયાત્રામાં સહભાગી થઈ, જગન્નાથજીના ભક્તિભાવપૂર્વક દર્શન કર્યાં હતા.

દેશભરના લાખો ભક્તોમાં ભગવાન જગન્નાથ પ્રત્યે દ્રઢ આસ્થા છે. પ્રતિ વર્ષ અષાઢી બીજના પાવન દિવસે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી ભક્તોને દર્શન આપવા સામે ચાલીને નગરયાત્રાએ નીકળે છે.

રથયાત્રાના આ શુભ અને પાવન અવસરે રાજ્ય મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ ભગવાન જગન્નાથજીની મંગળા આરતી અને પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

દાહોદ શહેર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે આસ્થાના પ્રતીક સમાન આજની રથયાત્રાના આ પાવન અવસરે દાહોદ મંદિરના મહંતો તથા સંતો-મહંતો તેમજ ભાવિક ભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## દેવગઢ બારીયા ઘટક-૨ ખાતે આંગણવાડી કાર્યકરોની સમીક્ષા અને માર્ગદર્શન બેઠક સરકારી આયુર્વેદ હોસ્પિટલ દેવગઢબારિયા ખાતે યોજાઇ

દિપક રાવલ દાહોદ લીમખેડા

દેવગઢ બારીયા ઘટક-૨ ખાતે જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી ડૉ. સુધીર જોશીના અધ્યક્ષસ્થાને ઘટકની કુલ ૧૩૬ આંગણવાડી કાર્યકર બહેનોની સમીક્ષા તથા માર્ગદર્શન બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન આંગણવાડી કેન્દ્રોની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.



જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રીએ આંગણવાડી કેન્દ્રો દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપતાં સગર્ભા અને ધાત્રી માતાઓ, ૦ થી ૬ વર્ષના બાળકો તથા કિશોરીઓને અપાતી પોષણ સેવાઓ, પૂરક પોષણ આહારનું મહત્વ, કુપોષણ નિવારણ, બાળકોનું નિયમિત વજન અને ઊંચાઈ માપન, વૃદ્ધિનું નિરીક્ષણ, AVT, સુપોષિત દાહોદ અભિયાન, તેમજ SAM અને MAM બાળકોની નિયમિત દેખરેખ અને અનુસરણ (Follow-up) અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ આરોગ્ય સંબંધિત સેવાઓના અસરકારક અમલીકરણ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠક દરમિયાન પ્રોગ્રામ અધિકારીશ્રીએ આંગણવાડી કાર્યકર બહેનોને કિશોરીઓના સશક્તિકરણ માટે શાળા છોડેલી કિશોરીઓને પુનઃ શાળામાં પ્રવેશ અપાવવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જે આંગણવાડી કાર્યકર ત્રણ કિશોરીઓને પુનઃ શાળામાં પ્રવેશ અપાવશે, તેમને જિલ્લા કક્ષાએ સન્માનિત કરીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

આ ઉપરાંત સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રો મારફતે આપવામાં આવતી વિવિધ યોજનાઓ અને લાભો સમયસર, પારદર્શક અને અસરકારક રીતે દરેક લાભાર્થી સુધી પહોંચે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રીએ કાર્યકર બહેનોને નિષ્ઠા, પ્રામાણિકતા, સમયપાલન, જવાબદારી અને સેવાભાવથી કામગીરી કરવા પ્રેરિત કર્યા હતા. પોતાના અનુભવો અને પ્રેરણાદાયી ઉદાહરણો દ્વારા તેમણે કાર્યકર બહેનોમાં નવી ઊર્જા અને આત્મવિશ્વાસનો સંચાર કર્યો તેમજ સરકારની તમામ યોજનાઓનો સંપૂર્ણ લાભ દરેક લાભાર્થી સુધી પહોંચાડવા અનુરોધ કર્યો.

પંચકર્મ ચિકિત્સક ડૉ. પિયુષ શાહે પણ સૌને જાગૃત કર્યા અને આયુર્વેદિક સિદ્ધાંતો તથા ઔષધિઓ દ્વારા કુપોષણ અટકાવવા અંગે સૂચનો આપ્યાહોમિયોપેથિક મેડિકલ ઓફિસર ડૉ. ભૂમિકાબેને પણ સર્વાંગી પોષણના મહત્વ પર ભાર મૂક્યો અને તેમને એનિમિયા (લોહીની ઉણપ)ની રોકથામ અંગે જાગૃત કર્યા.પૂર્ણા યોજનાના જિલ્લા કન્સલ્ટનસ હિરલ સોલંકીએ આ યોજના વિશે જાગૃતિ ફેલાવી હતી અને કિશોરીઓના ૧૦૦% નોંધણી માટે સૌને અનુરોધ કર્યો હતો.બેઠક દરમિયાન કામગીરીમાં આવતી વિવિધ મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને તેના વ્યવહારુ ઉકેલો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા 'સુપોષિત દાહોદ' તથા 'રમશે દાહોદ, જમશે દાહોદ, ભણશે દાહોદ' પ્રોજેક્ટનો વધુમાં વધુ લાભ લાભાર્થીઓ સુધી પહોંચે અને યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે આંગણવાડી કાર્યકર બહેનોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.બેઠકના અંતે સીડીપીઓશ્રી રાજેશ્વરીબેન બારીઆ, મુખ્ય સેવિકા, BNM, DISMU સ્ટાફ તેમજ તમામ આંગણવાડી કાર્યકર બહેનોએ નિષ્ઠાપૂર્વક અને જવાબદારીપૂર્વક કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## મોડલ સ્કૂલ, દેવગઢ બારિયા ખાતે કિશોરી સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

નિયામકશ્રી આયુષ, ગાંધીનગર તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્મિત લોઢાના માર્ગદર્શન હેઠળ મોડલ સ્કૂલ, દેવગઢ બારિયા ખાતે કિશોરી સશક્તિકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમ્યાન જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ. સુધીર જોશી દ્વારા કિશોરીઓને પંચસૂત્ર (5S) એટલે કે સ્વચ્છતા, સુપોષણ, સ્વાસ્થ્ય, શિક્ષણ અને સુરક્ષા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમણે તરુણાવસ્થા દરમિયાન વ્યક્તિગત સ્વચ્છતા જાળવવા, માનસિક સ્વાસ્થ્યનું સંવર્ધન કરવા, નકારાત્મક વિચારો પર નિયંત્રણ મેળવવા તથા સકારાત્મક જીવનશૈલી અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

આ ઉપરાંત સંતુલિત આહાર, સર્વગ્રાહી પોષણ, મિલેટ્સ, વિવિધ શાકભાજી તથા ધાન-ધાન્યના નિયમિત ઉપયોગ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારવા, સારી આદતો વિકસાવવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. કિશોરીઓને શિક્ષણ, જ્ઞાન, કૌશલ્ય, કલા અને કારીગરી દ્વારા આત્મનિર્ભર બની પોતાના જીવનના નિર્ણયો સ્વયં લઈ ઉજ્જવળ ભવિષ્ય ઘડવા માટે પ્રેરિત કરવામાં આવી.તરુણાવસ્થા દરમિયાન સ્વબચાવ, વિવિધ સંક્રમણોથી પોતાને અને પરિવારને સુરક્ષિત રાખવા તેમજ કાયદાકીય જોગવાઈઓ અંગે પણ વિગતવાર માહિતી આપવામાં આવી. કાર્યક્રમ દરમિયાન પ્રશ્નોત્તરી, ચર્ચા અને પ્રતિજ્ઞા દ્વારા કિશોરીઓને 5S ના સિદ્ધાંતોને પોતાના દૈનિક જીવનમાં અમલમાં મૂકવાનો સંદેશ આપવામાં આવ્યો. આ નિમિતે સરકારી હોમિયોપેથીક દવાખાના ડભવાના મેડિકલ ઓફિસરશ્રી (હોમિયોપેથી) ડૉ. ભૂમિકા જાદવ, જિલ્લા પૂર્ણા કન્સલ્ટન્ટશ્રી હિરલ સોલંકી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ સર્પ દિવસ-૨૦૨૬ નિમિત્તે કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢના વેટરનરી કોલેજમા "સ્નેક અવેરનેસ પ્રોગ્રામ" યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૫ વિશ્વ સર્પ દિવસ-૨૦૨૬ નિમિત્તે કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢના વેટરનરી કોલેજની એન.એસ.એસ. યુનિટ તથા વસુંધરા નેચર ક્લબ, જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે 'સ્નેક અવેરનેસ પ્રોગ્રામ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં સર્પો પ્રત્યેની વૈજ્ઞાનિક સમજ વિકસાવવી, સર્પ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવી તેમજ સર્પદંશથી બચવાના ઉપાયો અને પ્રાથમિક સારવાર અંગે યોગ્ય માર્ગદર્શન આપવાનો હતો. કાર્યક્રમનું આયોજન વેટરનરી કોલેજના આચાર્યશ્રી તથા ડીન ડૉ.એમ.ડી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૫૦થી વધુ સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓ, ઈન્ટર્ન, અધ્યાપકો તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને કાર્યક્રમનો લાભ મેળવ્યો.

કાર્યક્રમની શરૂઆતમાં એન.એસ.એસ. સ્વયંસેવક મીત ઝાલા એ સ્વાગત પ્રવચન આપતાં જણાવ્યું હતું કે સર્પો પ્રકૃતિના અતિ મહત્વપૂર્ણ જીવ છે, જે ઉંદરોની વસ્તીને નિયંત્રિત કરીને કૃષિ અને પર્યાવરણ ના સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે જણાવ્યું કે અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાના કારણે લોકો સર્પોને નુકસાન પહોંચાડે છે, જ્યારે વૈજ્ઞાનિક માહિતી અને જાગૃતિ દ્વારા તેમનું સંરક્ષણ શક્ય બની શકે છે. કાર્યક્રમમાં વસુંધરા નેચર ક્લબ, જૂનાગઢના જાણીતા પ્રકૃતિપ્રેમી શ્રી પરમ માથુર અને શ્રી હિત વોરા એ નિષ્ણાત વક્તા તરીકે ઉપસ્થિત રહી સર્પોની વિવિધ પ્રજાતિઓ, ઝેરી અને બિનઝેરી સર્પોની ઓળખ, ગુજરાતમાં જોવા મળતા સામાન્ય સર્પો, તેમની જીવનશૈલી, પર્યાવરણમાં તેમનું મહત્વ તથા વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ મળતા રક્ષણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ સર્પોની ઓળખ, ઝેરની અસર, બચાવ કામગીરી, વન્યજીવ સંરક્ષણ અને સર્પદંશ વ્યવસ્થાપન અંગે ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછ્યા હતા, જેના નિષ્ણાતોએ સરળ અને વૈજ્ઞાનિક ભાષામાં સંતોષકારક જવાબો આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમ અત્યંત માહિતીપ્રદ અને જાગૃતિપ્રેરક રહ્યો હતો.આ કાર્યક્રમના સફળ આયોજનમાં ડૉ. એસ. વી. માવદિયા (એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર) અને પ્રણવભાઇ વઘાસીયા (પ્રેસિડેન્ટ, વસુંધરા નેચર ક્લબ) તેમજ તેમની ટીમના સંકલન હેઠળ એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો તથા કોલેજના અધ્યાપકગણનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. કાર્યક્રમના અંતે એન.એસ.એસ. સ્વયંસેવક મીત ઝાલાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમના સફળ આયોજન બદલ આચાર્યશ્રી ડૉ.એમ. ડી. ઓડેદરાએ આયોજક મંડળ, વસુંધરા નેચર ક્લબ, જૂનાગઢ, નિષ્ણાત વક્તાઓ તથા ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

## દાહોદના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિલિંગ ફાર્મર્સ માટે 'પ્રાકૃતિક ખેતી તાલીમ' યોજાઇ

દિપક રાવલ દાહોદ લીમખેડા

નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ (NMNF) અંતર્ગત આજે તારીખ ૧૫/૦૭/૨૦૨૬ના રોજ દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના બારા ક્લસ્ટરના વિલિંગ ફાર્મર્સ માટે એક દિવસીય 'પ્રાકૃતિક ખેતી તાલીમ' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ શિબિર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), દાહોદ ખાતે યોજાઈ હતી.




આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિસ્તારના ખેડૂતો રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના પ્રયોગથી દૂર રહીને સંપૂર્ણપણે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે પ્રેરિત કરવાનો હતો.

તાલીમ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાતો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મૂળભૂત સિદ્ધાંતો જેવા કે જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત બનાવવાની સાચી રીત અને તેના ઉપયોગ વિશે વિસ્તૃત અને પ્રાયોગિક માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, પાક સંરક્ષણ માટે દેશી ઉપચારો અને જીવાત નિયંત્રણના પ્રાકૃતિક નુસ્ખાઓ વિશે પણ ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

બારા ક્લસ્ટરના પ્રગતિશીલ અને વિલિંગ ફાર્મર્સે આ તાલીમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પોતાના ખેતરોમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવીને જમીનની ફળદ્રુપતા વધારવા તેમજ માનવ સ્વાસ્થ્યની જાળવણીમાં પોતાનું યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## અષાઢી બીજ- રથયાત્રાના પાવન પર્વે

## શ્રીકષ્ટભંજનદેવને જગન્નાથજી થીમ આધારિત અલૌકિક શણગાર !

નરેન્દ્ર દવે જૂનાગઢ

સાળંગપુર તા.૧૬. વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર સ્થિત શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તા.16-07-2026ને ગુરુવારના રોજ પવિત્ર અષાઢી બીજ અને જગન્નાથજીની રથયાત્રાના પાવન અવસરે શ્રીકષ્ટભંજનદેવને રથયાત્રાની થીમ પર આધારિત અદ્ભુત અને દિવ્ય શણગાર કરી શણગાર સાથે આરતી કરવામાં આવી હતી.દાદાના સિંહાસનની આસપાસ ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી અને બલભદ્રજીના પરંપરાગત રંગબેરંગી દિવ્ય રથ તૈયાર કરવામાં આવ્યો હતો. શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના હૃદય કમળમાં ભગવાન જગન્નાથ, સુભદ્રાજી અને બળદેવજી બિરાજમાન હોય તેવા અલૌકિક વાઘા અને આભૂષણો ધારણ કરાવવામાં આવ્યા હતા. દાદાના ચરણોમાં વિવિધ પ્રકારના કઠોળ (મગ, ચણા) અર્પણ કરાયા હતાં સાથે રંગબેરંગી ઓર્કિડ્સ ફૂલોથી શણગારવામાં આવ્યો છે.મંદિર ગર્ભગૃહમાં પુરીની રથયાત્રા અને ભક્તોની ભીડની ઝાંખી કરવામાં આવી હતી.

## જૂનાગઢ મહાનગરપાલિકાની સેનીટેશન શાખા દ્વારા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો -૨૦૨૬ અન્વયે શહેરના બલ્ક વેસ્ટ જનરેટરોનો વર્કશોપ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬. મહાનગરપાલિકાના કમિશનરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ તારીખ ૧૫/૭/૨૦૨૬ ના રોજ ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા પર્યાવરણ સરક્ષણ અધિનિયમ ૧૯૮૬ હેઠળ તાજેતરમાં 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૨૬' અધીસુચિત કરવામાં આવેલ છે જે સમગ્ર દેશમાં તારીખ ૦૧/૪/૨૦૨૬ થી અમલમાં આવેલ છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૨૬ અંતર્ગત બલ્ક વેસ્ટ જનરેટર (BWG)' ની સુધારેલ વ્યાખ્યા અનુસાર મહાનગરપાલિકાના વિસ્તારમાં 'ફ્લોર એરીયા ૨૦૦૦ ચો.મી. કે તેથી વધુ અથવા પાણી વપરાશ પ્રતિદિન ૪૦,૦૦૦ લિટર કે તેથી વધુ અથવા સોલીડ વેસ્ટ જનરેશન પ્રતિદિન ૧૦૦ કિલોગ્રામ કે તેથી વધુ કોઈ પણ એક માપદંડને પૂર્ણ કરતા એકમ/સંસ્થાનો તેમાં સમાવેશ થાય છે. મહાનગર પાલિકાના વિસ્તારમાં ઉકત માપદંડને પૂર્ણ કરતી હોય તેવા એકમો સંસ્થાઓને બલ્ક વેસ્ટ જનરેટરની ફરજો અને કરવાની થતી કામગીરીથી અવગત કરાવવા માટે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તારીખ ૧૫/૦૭/૨૬ ને બુધવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે મિટિંગ હોલ ખાતે સેમીનારનું આયોજન કરવામાં આવેલ જેમાં હાજર રહેલ જુનાગઢ શહેરના તમામ બલ્ક વેસ્ટ જનરેટરોને બલ્ક વેસ્ટ જનરેટરની ફરજો અને કરવાની થતી કામગીરી વિશેથી પ્રેઝન્ટેશનના માધ્યમથી અવગત કરવામાં આવેલ ઉકત સેમીનારમાં સેનિટેશન સુપ્રીટેન્ડેન્ટશ્રી કલ્પેશભાઈ ટોલીયા તેમજ દર્શનભાઈ મકવાણા અને જુનાગઢના બ્રાન્ડ એમ્બેસેડરશ્રી અમિતભાઈ ચરાડવા હાજર રહેલ આમ મહાનગરપાલિકા વિસ્તારમાં ઉક્ત માપદંડને પૂર્ણ કરતી હોય તેવા એકમો સંસ્થાઓને બલ્ક વેસ્ટ જનરેટર તરીકે ભારત સરકારના C.P.C.B. વિભાગના પોર્ટલ 'https://swm.CPCB.gov.in/rejister ' માં જાતે અથવા મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગના માધ્યમથી રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

## વિશ્વ યુવા કૌશલ્ય દિવસ 15 જુલાઈ 2026, ગુજકોસ્ટ પ્રસ્થાપિત શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ દ્વારા આયોજન કરવામાં આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬. વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ની ઉજવણી કરવામાં આવી યુવાઓના કૌશલ્ય દ્વારા સપનાઓ અને સિદ્ધિઓ વચ્ચેનો મજબૂત પુલ છે.તે યુવાનોની ક્ષમતાને હેતુમાં અને વિચારોને સમાજ પર સકારાત્મક અસર પાડતા કાર્યમાં પરિવર્તિત કરે છે.વિશ્વ યુવા કૌશલ્ય દિવસ નિમિત્તે ચાલો દરેક યુવાનને એવા કૌશલ્યોથી સશક્ત બનાવીએ,જે તેમને નવીનતા લાવવા, વાસ્તવિક જીવનના પડકારોનો ઉકેલ શોધવા અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા પ્રેરણા આપે.આજના ઝડપથી બદલાતા વિશ્વમાં જ્ઞાન સફળતાના દરવાજા ખોલે છે તથા કૌશલ્ય નવી તકો ઊભી કરે છે, નવીનતાને વેગ આપે છે અને આત્મનિર્ભર તથા સશક્ત સમાજનું નિર્માણ કરે છે.તેમની પ્રતિભાને પ્રોત્સાહિત કરીએ, નવીન વિચારધારાને પાંખ આપીએ અને સાથે મળીને વધુ મજબૂત સ્માર્ટ અને ટકાઉ ભવિષ્યનું નિર્માણ કરીએ તથા ગુજકોસ્ટ દ્વારા રોબોફેસ્ટ 6.0 પ્રોગ્રામ નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું આ વ્યાખ્યાન એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર, જોષીપુરા, જુનાગઢ ખાતે યોજવામાં આવેલ જેમાં લોક વિજ્ઞાન કેન્દ્ર આઈ.પી.ઓફિસર શ્રધ્ધાબેન કચોટ, પ્રિન્સીપાલશ્રી જયશ્રીબેન રંગોલીયા તથા સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવી હતી તેવી એક યાદીમાં પ્રતાપસિંહ ઓરા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## બનાસકાંઠા ખાણ-ખનિજ વિભાગની મહેસૂલી આવકમાં ઐતિહાસિક વધારો

પાલનપુર | બનાસકાંઠા જિલ્લા ખાણ-ખનિજ વિભાગે મહેસૂલી આવક વધારવા અને ગેરકાયદેસર ખાણકામ પર અસરકારક નિયંત્રણ લાવવાના પ્રયાસોના પરિણામે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ વિભાગે સુદ્રઢ આયોજન દ્વારા મહેસૂલી આવકમાં ઐતિહાસિક વધારો નોંધાવ્યો છે.જિલ્લા ખાણ-ખનિજ વિભાગે છેલ્લા કેટલાક વર્ષોમાં રૂ. ૧૦૦ કરોડ અને રૂ. ૨૦૦ કરોડની મહેસૂલી આવકના માઈલસ્ટોન પાર કર્યા બાદ હવે તેનાથી પણ વધુ આવક પ્રાપ્ત કરવા માટે સઘન આયોજન હાથ ધર્યું છે. તેના પરિણામે ગત વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાની રૂ. ૩૮.૪૮ કરોડની આવકની સરખામણીએ ચાલુ વર્ષમાં રૂ. ૫૫.૭૭ કરોડની આવક નોંધાઈ છે. એટલે કે રૂ. ૧૭ કરોડથી વધુનો વધારો નોંધાવતા વિભાગે આશરે ૧૪૫ ટકા વૃદ્ધિ હાંસલ કરી નવા શિખરો સર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.આ ઉપરાંત ગુજરાત રાજ્યમાં કાર્યાન્વિત ખાણ લીઝોના બ્લોક નિર્માણની પ્રક્રિયામાં બનાસકાંઠા જિલ્લાએ ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરી છે. જિલ્લામાં કુલ ૧૫૧ બ્લોકની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવતા રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. સાથે જ નવા બ્લોકોની જાહેર હરાજીની પ્રક્રિયા પણ ઝડપભેર આગળ ધપાવવામાં આવી રહી છે.જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી શ્રી ગુરપ્રીત સિંહ સારસ્વાએ જણાવ્યું હતું કે કમિશ્નરશ્રી ડૉ. ધવલ પટેલના માર્ગદર્શન તથા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના દિશાનિર્દેશ હેઠળ વિભાગની તપાસ ટીમો અને કર્મચારીઓ સતત સઘન કામગીરી કરી રહ્યા છે.

# સેન્સેક્સ ફ્લેટ બંધ, 77186 પર આવ્યો:નિફ્ટી 5 અંક ઘટીને 24072ના સ્તરે; રિયલ્ટી શેર્સ સૌથી વધુ ઘટ્યા

નવી દિલ્હી: ભારતીય શેરબજારમાં ૧૬ જુલાઈએ સુસ્ત કારોબાર જોવા મળ્યો હતો. દિવસભરની વધ-ઘટ બાદ મુખ્ય સૂચકાંકો લગભગ સપાટ સ્તરે બંધ થયા હતા. સેન્સેક્સ નજીવા ૧ પોઈન્ટના વધારા સાથે ૭૭,૧૮૬ ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૦૭૨ ના સ્તરે બંધ થયો હતો. આજના સત્રમાં રિયલ્ટી શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી હતી.

એશિયન બજારોમાં આજે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સાઉથ કોરિયાના કોસ્પીમાં ૬.૨૫% અને જાપાનના નિકેઈમાં ૨.૮૪% જેટલો મોટો ઘટાડો નોંધાયો હતો, જ્યારે હોંગકોંગના હેંગસેંગમાં ૧.૮૪% નો ઉછાળો જોવા મળ્યો હતો. બીજી તરફ, ૧૫ જુલાઈએ અમેરિકી બજારમાં તેજીનો માહોલ હતો, જ્યાં ડાઉ જોન્સ, નાસ્ડેક અને S&P ૫૦૦ ત્રણેય સૂચકાંકો ઉછાળા સાથે બંધ થયા હતા.

સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) બજારમાં સતત ખરીદારી કરી રહ્યા છે. છેલ્લા ૭ દિવસમાં DII દ્વારા ૯,૧૭૭ કરોડ રૂપિયાના શેર ખરીદવામાં આવ્યા છે. તેની સામે વિદેશી રોકાણકારો (FII/FPI) દ્વારા છેલ્લા ૭ દિવસમાં ૧,૭૩૧ કરોડ રૂપિયાની નેટ વેચવાલી જોવા મળી છે.

ગઈકાલે ૧૫ જુલાઈએ બજારમાં તેજી જોવા મળી હતી.




સેન્સેક્સ ૧૩૦ પોઈન્ટના વધારા સાથે ૭૭,૧૮૫ અને નિફ્ટી ૨૬ પોઈન્ટના વધારા સાથે ૨૪,૦૭૯ ના સ્તરે બંધ રહ્યો હતો.

આજના કારોબારમાં રિયલ્ટી સેક્ટરમાં દબાણ હોવા છતાં, સ્થાનિક રોકાણકારોનો વિશ્વાસ બજારને ટેકો આપી રહ્યો છે. રોકાણકારો આગામી સત્રોમાં બજારની દિશા માટે વધુ સંકેતોની રાહ જોઈ રહ્યા છે. શેરબજાર આજે એટલે કે 16 જુલાઈએ ફ્લેટ બંધ થયું. સેન્સેક્સ 1 અંકના વધારા સાથે 77,186ના સ્તરે બંધ થયો. જ્યારે નિફ્ટી 5 અંક ઘટીને 24,072ના સ્તરે આવ્યો. રિયલ્ટી શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી.

આ પહેલા ગઈકાલે એટલે કે 16 જુલાઈએ શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 130 પોઈન્ટ વધીને 77,185 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 26 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, જે 24,079 પર બંધ થયો હતો.

# સોનું ₹189 ઘટીને ₹1.42 લાખ પર આવ્યું

## ચાંદી ₹680 વધીને ₹2.20 લાખ પ્રતિ કિલો પર પહોંચી, કેરેટ મુજબ સોનાની કિંમત



નવી દિલ્હી | આજે એટલે કે 16 જુલાઈએ સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 189 રૂપિયા ઘટીને 1.42 લાખ રૂપિયા પર આવી ગયું છે. જ્યારે એક કિલો ચાંદી 680 રૂપિયા વધીને 2.20 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધી સોનું 9 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.42 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

જ્યારે, ચાંદીની કિંમતમાં 10 હજાર રૂપિયાનો ઘટાડો થયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.20 લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાની ઓલ ટાઈમ હાઈ સ્તર પણ બનાવ્યો હતો.

### જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલ સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

### સોના-ચાંદીના ભાવમાં ઘટાડાનું કારણ

મજબૂત અમેરિકી ડોલર: ફેડરલ રિઝર્વના સંકેતો પછી વૈશ્વિક બજારમાં અમેરિકી ડોલર ઈન્ડેક્સ મજબૂત થયો છે. સામાન્ય રીતે જ્યારે ડોલર મજબૂત થાય છે, ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં સોના અને ચાંદીની કિંમતો ઘટે છે.

નફા વસૂલી: થોડા સમય પહેલા સોના અને ચાંદીની કિંમતો તેમના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ હતી. કિંમતોમાં આટલો મોટો ઉછાળો આવ્યા પછી મોટા રોકાણકારો અને ટ્રેડર્સે નફા વસૂલી કરી, જેના કારણે કિંમતોમાં ઘટાડો થયો છે.

સોના-ચાંદીમાં એકસાથે રોકાણ કરવાનું ટાળો

આવા સમયે રોકાણકારો તેમાં રોકાણ કરી શકે છે, જોકે તેમાં એકસાથે રોકાણ કરવાનું ટાળવું જોઈએ. અજય કેડિયા અનુસાર, વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર 1.60 લાખ અને ચાંદી 2.80 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

# ડીઝલ-ATF પર એક્સપોર્ટ ડ્યુટી વધી, પેટ્રોલ પર ઘટી:દેશમાં ફ્યુઅલની અછત રોકવા માટે નિર્ણય લેવાયો, નવા ભાવ 16 જુલાઈથી લાગુ

નવી દિલ્હી | કેન્દ્ર સરકારે ડીઝલ અને વિમાન ઈંધણ એટલે કે ATFના એક્સપોર્ટ પર લાગતી ડ્યુટીમાં વધારો કર્યો છે. જ્યારે બીજી તરફ પેટ્રોલના એક્સપોર્ટ પર લાગતા ટેક્સમાં ઘટાડો કર્યો છે. ડીઝલના એક્સપોર્ટ પર ડ્યુટી 8.50 થી વધારીને 15.50 પ્રતિ લિટર કરી દીધી છે. એટલે કે, તેમાં પ્રતિ લિટર 7 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.આ જ રીતે ATF એટલે કે વિમાનના ઈંધણ પર એક્સપોર્ટ ડ્યુટી 7.50 થી વધારીને 14.50 પ્રતિ લિટર કરી દેવામાં આવી છે. જોકે, પેટ્રોલ નિકાસકારોને થોડી રાહત આપતા તેના પર લાગતી ડ્યુટીને 4 થી ઘટાડીને 2.50 પ્રતિ લિટર કરી છે. ઈંધણના આ નવા ભાવ 16 જુલાઈથી દેશભરમાં લાગુ થઈ ગયા છે.સરકારનું કહેવું છે કે ક્રૂડ ઓઈલના સંકટને જોતા દેશની અંદર પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની કોઈ કમી ન થાય, તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે જેથી કંપનીઓ ઘરેલું બજારને બદલે બહાર તેલ વેચવાનું પસંદ ન કરે. સરકાર દ્વારા દર 15 દિવસે ડ્યુટી એટલે કે ટેક્સની સમીક્ષા કરવામાં આવે છે.નાણા મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે 27 માર્ચે સરકારે સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) અને રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ (RIC) ના રૂપમાં આ ડ્યુટી લેવી શરૂ કરી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઘરેલું બજારમાં ઈંધણની પર્યાપ્ત ઉપલબ્ધતા જાળવી રાખવાનો હતો.પશ્ચિમ એશિયા સંકટને કારણે વૈશ્વિક સ્તરે ઊભી થયેલી પરિસ્થિતિ વચ્ચે કંપનીઓ નફા માટે દેશની બહાર વધુ તેલ ન મોકલે, તેને રોકવા માટે આ ટેક્સ લગાવવામાં આવ્યો હતો.મંત્રાલયના અધિકારીઓ અનુસાર, ક્રૂડ ઓઈલ, પેટ્રોલ, ડીઝલ અને ATFની સરેરાશ આંતરરાષ્ટ્રીય કિંમતોના આધારે દર 15 દિવસે આ ડ્યુટી દરોની સમીક્ષા કરવામાં આવે છે. અગાઉની સમીક્ષા પછી 1 જુલાઈ 2026ના રોજ નવા દરો લાગુ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ હવે 16 જુલાઈથી શરૂ થતા પખવાડિયા માટે આ નવા ફેરફારો કરવામાં આવ્યા છે.કારણ કે આ ફક્ત 'એક્સપોર્ટ' એટલે કે દેશની બહાર મોકલવામાં આવતા ઈંધણ પરનો ટેક્સ છે અને ઘરેલું ઈમ્પોર્ટ ડ્યુટીમાં કોઈ ફેરફાર થયો નથી.

# IRCTCની નવી ટિકિટ બુકિંગ વેબસાઈટ લોન્ચ:બધી ક્લાસની સીટો એકસાથે દેખાશે

નવી દિલ્હી | ભારતીય રેલવેની ઓનલાઈન ટિકિટ બુકિંગ વેબસાઈટ IRCTCનું નવું વર્ઝન લોન્ચ કરી દેવામાં આવ્યું છે. આ અપગ્રેડનો મુખ્ય હેતુ દરરોજ ટિકિટ બુક કરનારા લાખો મુસાફરોના અનુભવને સરળ અને ઝડપી બનાવવાનો છે. આ મોટા ફેરફારને સમજવા માટે આ ખાસ Q&A રિપોર્ટમાં પૂરા સમાચાર વાંચો:

સવાલ 1: IRCTCની આ નવી વેબસાઈટને લઈને શું અપડેટ આવ્યું છે?

જવાબ: IRCTCની વેબસાઈટનું બીટા વર્ઝન 15 જુલાઈ 2026ના રોજ રાત્રે 9 વાગ્યાથી લાઈવ થઈ ગયું છે. ગયા મહિને જયપુરના માલવીય રાષ્ટ્રીય પ્રૌદ્યોગિકી સંસ્થાનની મુલાકાતે ગયેલા રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે વિદ્યાર્થીઓ સાથે વાતચીત દરમિયાન જાહેરાત કરી હતી કે 15 જુલાઈ સુધીમાં IRCTCની નવી વેબસાઈટ લોન્ચ કરી દેવામાં આવશે.

સવાલ 2: સામાન્ય મુસાફરો માટે નવી બીટા વેબસાઈટમાં કયા મોટા સુધારા કરવામાં આવ્યા છે?

જવાબ: રેલવેએ મુસાફરોની સુવિધા માટે મુખ્યત્વે ચાર મોટા ટેકનિકલ સુધારા કર્યા છે:

સ્માર્ટ કેપ્ચા: હવે લોગિન કે બુકિંગ દરમિયાન હેરાન કરતા કેપ્ચા દેખાશે નહીં. સાથે જ, બિનજરૂરી પોપ-અપ, ચમકતા ગ્રાફિક્સ અને ધ્યાન ભટકાવતા એલિમેન્ટ્સ પણ નથી.

સીટોની ઉપલબ્ધતા: હવે યુઝર્સને અલગ-અલગ ક્લાસ જેવા કે- સ્લીપર, થર્ડ એસી, સેકન્ડ એસી માટે વારંવાર સર્ચ કરવું પડશે નહીં. તમામ શ્રેણીઓમાં સીટોની ઉપલબ્ધતા એકસાથે સ્ક્રીન પર દેખાશે.

ફાસ્ટ ચેકઆઉટ: IRCTCએ બુકિંગ માટે 'ફાસ્ટર ચેકઆઉટ' ફીચર રજૂ કર્યું છે. ટિકિટ બુક કરતી વખતે મુસાફરોને જેટલા સ્ટેપ્સમાંથી પસાર થવું પડતું હતું, તેની સંખ્યા ઘટાડી દેવામાં આવી છે. સ્ટેપ્સ ઓછા થવાથી બુકિંગની આખી પ્રક્રિયામાં લાગતો સમય ઘટી જશે.

સરળ રિપીટ બુકિંગ: વારંવાર મુસાફરી કરતા મુસાફરો માટે 'ઈઝીઅર રિપીટ બુકિંગ'ની સુવિધા આપવામાં આવી છે. આમાં મુસાફરોની વિગતો પહેલાથી જ સેવ રહેશે. આગળની વખતે ટિકિટ બુક કરતી વખતે તમારે ફરીથી નામ, ઉંમર કે અન્ય માહિતી ભરવી પડશે નહીં.

સવાલ 3: બીટા વેબસાઈટ કેવી રીતે એક્સેસ થશે અને તેની લિંક ક્યાં મળશે?

જવાબ: મુસાફરો https://www.irctc.co.in/eticket/ પર જઈને નવા પોર્ટલનો અનુભવ લઈ શકે છે. આ ઉપરાંત, જે લોકો IRCTCની જૂની અથવા હાલની હોમપેજ વેબસાઈટ પર જઈ રહ્યા છે, તેમને પણ મુખ્ય પેજ પર જ નવી બીટા વેબસાઈટ પર જવા માટે સીધી લિંક ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે.

સવાલ 4: બીટા વર્ઝન બહાર પાડવા પાછળ રેલવેનો મુખ્ય હેતુ શું છે?

જવાબ: બીટા વર્ઝન લોન્ચ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય મુસાફરો પાસેથી પ્રતિભાવ અને સૂચનો મેળવવાનો છે. રેલ મુસાફરો નવી વેબસાઈટનો ઉપયોગ કરીને તેની સુવિધાઓ પર પોતાનો અભિપ્રાય આપી શકશે. આ પ્રતિભાવના આધારે, ભવિષ્યમાં વેબસાઈટમાં વધુ જરૂરી સુધારા કરવામાં આવશે, જેથી ગ્રાહક સંતોષ વધી શકે.

સવાલ 5: IRCTC વેબસાઈટ પર કેટલો લોડ છે, જેના કારણે ફેરફારની જરૂર પડી?

જવાબ: વર્ષ 2002માં લોન્ચ કરવામાં આવેલી IRCTC વેબસાઈટ દેશના સૌથી વ્યસ્ત ઓનલાઈન ટિકિટિંગ પ્લેટફોર્મ્સમાંથી એક છે. પહેલા તેના પર ટ્રાફિક ઓછો હતો, પરંતુ હાલમાં આ વેબસાઈટ દ્વારા દરરોજ સરેરાશ 14.5 લાખ ટ્રેન ટિકિટ બુક કરવામાં આવે છે. આટલા મોટા યુઝર બેઝને કોઈપણ અવરોધ વિના ઝડપી સેવા આપવા અને તકનીકી રીતે અપ-ટુ-ડેટ રાખવા માટે આ વેબસાઈટના સમગ્ર માળખાને અપગ્રેડ કરવું જરૂરી બની ગયું હતું.

સવાલ 6: શું આ ફેરફાર ફક્ત વેબસાઈટની ડિઝાઈન પૂરતો મર્યાદિત છે?

જવાબ: ના, આ માત્ર બાહ્ય ડિઝાઈનનો બદલાવ નથી. ભારતીય રેલવે આની સાથે જ પોતાની બેકએન્ડ સિસ્ટમને પણ બદલી રહ્યું છે. દાયકાઓ જૂના પેસેન્જર રિઝર્વેશન એન્જિનને સમાંતર રીતે અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે.

સવાલ 7: જૂનું પેસેન્જર રિઝર્વેશન એન્જિન બદલવામાં શું પડકારો આવી રહ્યા છે?

જવાબ: રેલવે માટે સૌથી મોટો પડકાર એ હતો કે આ સમગ્ર અપગ્રેડેશન દરમિયાન ટ્રેન ટિકિટ બુકિંગની લાઈવ સર્વિસને એક મિનિટ માટે પણ બંધ કરી શકાતી ન હતી. ચાલુ સિસ્ટમની સાથે જ બેકએન્ડમાં આ કામ કરવું ખૂબ જ પડકારજનક હતું. નવું પેસેન્જર રિઝર્વેશન એન્જિન પણ ટૂંક સમયમાં લોન્ચ કરી દેવામાં આવશે.

સવાલ 8: નવી વેબસાઈટ સંપૂર્ણપણે કાર્યરત ક્યાં સુધીમાં થઈ જશે?

જવાબ: પેસેન્જર રિઝર્વેશન એન્જિન અને નવી વેબસાઈટ બંને પર એકસાથે કામ ચાલી રહ્યું હોવાથી, રેલવેએ સ્પષ્ટ કર્યું છે કે બીટા વર્ઝનમાંથી યુઝર ફીડબેક લીધા પછી અને એન્જિનનું કામ પૂર્ણ થયા પછી, આગામી કેટલાક અઠવાડિયામાં સંપૂર્ણપણે કાર્યરત નવું IRCTC પોર્ટલ બધા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ત્યાં સુધી મુસાફરો બીટા વર્ઝનનો ઉપયોગ કરી શકે છે અને જૂના પોર્ટલ પરથી પણ સામાન્ય બુકિંગ ચાલુ રાખી શકે છે.

વાચકો માટે ટિપ્સ: નવી વેબસાઈટ પર ફીડબેક કેવી રીતે આપવો?

IRCTC ની વેબસાઈટ પર આપેલ બીટા વર્ઝનની લિંક પર ક્લિક કરો.

નવા ઈન્ટરફેસ પર જઈને લોગિન કરો અને ટિકિટ બુકિંગની પ્રક્રિયાનો અનુભવ કરો.

હોમપેજ પર આપેલ 'ફીડબેક' વિકલ્પ પર જઈને જણાવો કે નવું લેઆઉટ કેવું લાગ્યું.

જો તમને સીટ જોવામાં કે ચુકવણી કરવામાં કોઈ મુશ્કેલી આવે, તો તેને સ્ક્રીનશોટ સાથે સબમિટ કરો જેથી ફાઈનલ રોલઆઉટ પહેલાં રેલવે તેને ઠીક કરી શકે.

# ઈન્સ્ટાગ્રામ પર નકલી કોપીરાઈટ સ્ટ્રાઈકનો ખેલ

## એડિટ ફીચરથી પોસ્ટ બેકડેટેડ કરવામાં આવી રહી છે; દિલ્હી હાઈકોર્ટ પહોંચ્યા બે ડિજિટલ ક્રિએટર્સ

નવી દિલ્હી | ઈન્સ્ટાગ્રામ પર ઓરિજિનલ કન્ટેન્ટ બનાવનારા ક્રિએટર્સને નિશાન બનાવવા માટે મેટાના કોપીરાઈટ સિસ્ટમનો ખોટો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.અજાણ્યા લોકો ફેસબુકના એડિટ ફીચરનો ઉપયોગ કરીને પોસ્ટની તારીખ બેકડેટેડ કરી દે છે અને પછી અસલી ક્રિએટર્સના કન્ટેન્ટ પર નકલી કોપીરાઈટ સ્ટ્રાઈક મોકલી રહ્યા છે.આ રમત વિરુદ્ધ બે મોટા ડિજિટલ ક્રિએટર્સ પુષ્કર રાજ ઠાકુર અને નીરજ જોશીએ દિલ્હી હાઈકોર્ટમાં કોમર્શિયલ સૂટ ફાઈલ કર્યો છે. ક્રિએટર્સે કોર્ટમાં શું આરોપ લગાવ્યા?ફાઈનાન્સિયલ એજ્યુકેટર પુષ્કર રાજ ઠાકુર અને ડિજિટલ ક્રિએટર નીરજ જોશીએ અલગ-અલગ દાખલ કરેલી અરજીઓમાં ગંભીર આરોપ લગાવ્યા છે.

તેમનું કહેવું છે કે કેટલાક અજાણ્યા લોકો ઓરિજિનલ ક્રિએટર્સને પરેશાન કરવા અને તેમના એકાઉન્ટ બંધ કરાવવાની ધમકી આપવા માટે નકલી કોપીરાઈટ સ્ટ્રાઈકને હથિયાર બનાવી રહ્યા છે.

આ સિસ્ટમના કારણે તેમના ઓરિજિનલ કન્ટેન્ટને ડિલીટ કરવાનો અથવા તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને સસ્પેન્ડ/ડિલીટ કરવાનો ખતરો ઊભો થયો છે.

મેટાના ઓટોમેટેડ સિસ્ટમ પર સવાલો ઉઠ્યા

ક્રિએટર્સનો તર્ક છે કે મેટાનું ઓટોમેટેડ કોપીરાઈટ સિસ્ટમ કોઈપણ ઊંડાણપૂર્વકની તપાસ વિના કામ કરી રહ્યું છે. આ સિસ્ટમ વીડિયોના અસલી ક્રિએટર, મેટાડેટા, એડિટ હિસ્ટ્રી અથવા વાસ્તવિક પબ્લિશિંગ ક્રોનોલોજી (અપલોડ કરવાનો સાચો સમય)ની તપાસ કર્યા વિના જ સ્ટ્રાઈકની ફરિયાદો પર કાર્યવાહી કરે છે.

પુષ્કર રાજ ઠાકુરે જણાવ્યું કે આ નકલી રમતને કારણે તેમના ડઝનબંધ વીડિયોને હટાવી દેવામાં આવ્યા, ડિસેબલ કરવામાં આવ્યા અથવા પ્રતિબંધિત કરવામાં આવ્યા. આશ્ચર્યની વાત એ છે કે મેટાએ ઠાકુરને પોતાના 'રાઈટ્સ મેનેજર' ટૂલનો એક્સેસ આપવાનો ઈનકાર કર્યો, જ્યારે છેતરપિંડી કરનારાઓ આ જ ટૂલનો ઉપયોગ કરીને તેમની વિરુદ્ધ સતત નકલી સ્ટ્રાઈક મોકલતા રહ્યા.

નીરજ જોષીના કેસમાં કોર્ટનો આદેશ

ડિજિટલ ક્રિએટર નીરજ જોષીના મામલામાં ૯ જુલાઈના રોજ જસ્ટિસ જ્યોતિ સિંહની કોર્ટમાં સુનાવણી થઈ. કોર્ટે મેટાના તે નિવેદનને રેકોર્ડ કર્યું, જેમાં કંપનીએ કહ્યું કે જો જોષીનું એકાઉન્ટ હજુ સુધી કાયમી ધોરણે બંધ થયું નથી, તો તેઓ આ આરોપોની તપાસ કરશે અને તેમના વેરિફાઈડ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ (@Neerajjoshi5014) ને સુરક્ષિત રાખશે.

આ સાથે જ કોર્ટે મેટાને નિર્દેશ આપ્યો છે કે તે ત્રણ અઠવાડિયાની અંદર નીરજ જોષીને સંબંધિત બેઝિક સબસ્ક્રાઈબર ઈન્ફોર્મેશન (BSI) અને IP (આઈપી) લોગ ઉપલબ્ધ કરાવે. આ જાણકારીઓથી તે અજાણ્યા લોકોની ઓળખ કરવામાં મદદ મળી શકે છે જેઓ તેમના એકાઉન્ટ સાથે ચેડાં કરી રહ્યા છે. મામલામાં સમન્સ જારી કરી દેવામાં આવ્યા છે અને જોષીની વચગાળાની રોકવાળી અરજી પર આગામી સુનાવણી 5 ઓગસ્ટના રોજ થશે.

પુષ્કર રાજ ઠાકુરના કેસમાં શું થયું?

જસ્ટિસ તુષાર રાવ ગેડેલાએ 29 મેના રોજ પુષ્કર રાજ ઠાકુરની અરજી



પર સુનાવણી કરતા મેટાને પૂછ્યું હતું કે તેણે તેના પ્લેટફોર્મના આવા દુરુપયોગને રોકવા માટે શું પગલાં લીધાં છે અથવા તે શું ઉપાય કરી શકે છે.

ત્યારબાદ 1 જુલાઈના રોજ આ મામલો જસ્ટિસ અનૂપ જયરામ ભંભાણી સમક્ષ આવ્યો. સુનાવણી દરમિયાન મેટાએ કોર્ટને ખાતરી આપી કે આગામી સુનાવણી સુધી ઠાકુરના વીડિયોને કોપીરાઈટ સ્ટ્રાઈકના આધારે હટાવવામાં આવશે નહીં.

સાથે જ, વારંવાર આવતી કોપીરાઈટ સ્ટ્રાઈકને કારણે તેમનું એકાઉન્ટ પણ બંધ કરવામાં આવશે નહીં. મેટાએ એ પણ સંમતિ આપી કે જેમ જ ઠાકુર તેમને હટાવવામાં આવેલા વીડિયોના યુઆરએલ (URLs) સોંપશે, તેઓ તે વીડિયોને રિસ્ટોર કરી દેશે. કોર્ટે આ ખાતરીઓને નોંધતા કેસની આગામી સુનાવણી 17 જુલાઈના રોજ નક્કી કરી છે.

ક્રિએટર્સે મેટા પાસેથી 2 કરોડનું વળતર માંગ્યું

પુષ્કર રાજ ઠાકુરે કોર્ટમાં માંગ કરી છે કે મેટાને તેમની મૂળ સામગ્રીને આવા નકલી અને બેકડેટેડ દાવાઓના આધારે હટાવવાથી રોકવામાં આવે. તેમણે કંપનીને રાઈટ્સ મેનેજર ટૂલની અંદર KYC (કેવાયસી) સુરક્ષા ઉપાયો, ટાઈમસ્ટેમ્પ સુરક્ષા, મેટાડેટા વેરિફિકેશન અને એન્ટી-મેનિપ્યુલેશન પ્રોટોકોલ લાગુ કરવાના નિર્દેશો આપવાની પણ માંગ કરી છે.

આ ઉપરાંત, ઠાકુરે તેમના ફોલોઅર્સ ઘટવા, મોનેટાઈઝેશનની તકો ગુમાવવા, સ્પોન્સરશિપના નુકસાન અને તેમની કોમર્શિયલ શાખને નુકસાન પહોંચાડવાના બદલામાં મેટા અને અજાણ્યા છેતરપિંડી કરનારાઓ પાસેથી લગભગ 2 કરોડના વળતરની માંગ કરી છે.

આવા કિસ્સાઓએ ડિજિટલ સર્જકોમાં ચિંતા વધારી દીધી છે, કારણ કે મૂળ સામગ્રીની સુરક્ષા માટે બનાવેલા કોપીરાઈટ ટૂલ્સનો ઉપયોગ હવે ખુદ સર્જકોને નિશાન બનાવવા માટે કરવામાં આવી રહ્યો છે. આ વિષયને લઈને દિલ્હી હાઈકોર્ટમાં એક જનહિત અરજી (PIL) પણ પેન્ડિંગ છે.

શું છે મેટાનું રાઈટ્સ મેનેજર અને કોપીરાઈટ સ્ટ્રાઈક

રાઈટ્સ મેનેજર: આ મેટાનું એક ટૂલ છે જે મોટા ક્રિએટર્સ અને પ્રકાશકોને ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર તેમની વિડિઓ અને ઑડિઓ કન્ટેન્ટની માલિકી હકને મેનેજ અને સુરક્ષિત કરવાની સુવિધા આપે છે.

# શ્યામ મેટાલિક્સે ઓડિશામાં એલ્યુમિનિયમ ફોઈલ પ્લાન્ટ કાર્યરત કર્યો, આશરે ₹800 કરોડનું રોકાણ

## એલ્યુમિનિયમ FRP પ્લાન્ટ સપ્ટેમ્બરમાં શરૂ થવાની તૈયારીમાં

નવી દિલ્હી | શ્યામ મેટાલિક્સ એન્ડ એનર્જી લિમિટેડની પેટા-કંપની (સ્ટેપ-ડાઉન સબસિડિયરી) એવી SMEL સ્ટીલ સ્ટ્રક્ચરલ પ્રાઈવેટ લિમિટેડે આજે સંબલપુર, ઓડિશા ખાતે તેના એલ્યુમિનિયમ ફોઈલ પ્લાન્ટમાં વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પ્લાન્ટની સ્થાપિત કાર્યકારી ક્ષમતા વાર્ષિક 18,000 ટન (TPA) છે અને તે 6 થી 40 માઈક્રોનની જાડાઈ ધરાવતી પ્રીમિયમ-ગ્રેડની ફોઈલના ઉત્પાદન માટે સજ્જ છે. BSE અને NSE પર સૂચિબદ્ધ કંપની 'શ્યામ મેટાલિક્સ એન્ડ એનર્જી લિમિટેડ'ના શેરના ભાવમાં છેલ્લા એક મહિનામાં ૧૦%થી વધુનો વધારો જોવા મળ્યો છે અને કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન (બજાર મૂડીકરણ) આશરે રૂ. ૩૦,૦૦૦ કરોડની નજીક છે. કંપનીએ એ પણ પુષ્ટિ કરી છે કે તેનો એલ્યુમિનિયમ ફ્લેટ રોલ્ડ પ્રોડક્ટ્સ (FRP) પ્લાન્ટ કાર્યરત થવા માટેના અંતિમ તબક્કામાં છે અને સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં તેનું વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે; આનાથી 'વેલ્યુ-એડેડ' (વધારાનું મૂલ્ય ધરાવતા) એલ્યુમિનિયમ ઉત્પાદનોના ક્ષેત્રમાં કંપનીની હાજરી વધુ મજબૂત બનશે. FRP વિભાગની સ્થાપિત ક્ષમતા ૬૦,૦૦૦ TPA (ટન પ્રતિ વર્ષ) હશે અને તેમાં ૦.૩ થી ૪.૦ mmની જાડાઈ ધરાવતા ઉત્પાદનો તૈયાર કરવામાં આવશે. (કુલ મળીને, કંપની સંબલપુરમાં એલ્યુમિનિયમ સુવિધાઓ પાછળ આશરે રૂ. ૮૦૦ કરોડનું રોકાણ કરી રહી છે.) સંબલપુર ડાઉનસ્ટ્રીમ સુવિધાની ક્ષમતાની વિગતો: એલ્યુમિનિયમ ફોઈલ્સ: ૧૮,૦૦૦ TPA ક્ષમતા | જાડાઈની શ્રેણી: ૬ - ૪૦ માઈક્રોન (હાલમાં સક્રિય વ્યાવસાયિક ઉત્પાદન હેઠળ) એલ્યુમિનિયમ ફ્લેટ રોલ્ડ પ્રોડક્ટ્સ (FRP): 60,000 TPA ક્ષમતા | જાડાઈની શ્રેણી: 0.3 - 4.0 mm (સપ્ટેમ્બર 2026ના અંત સુધીમાં વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કરવાનું આયોજન છે) વેલ્યુ-એડેડ (મૂલ્ય-વર્ધિત) અને ડાઉનસ્ટ્રીમ એલ્યુમિનિયમ ઉત્પાદનોના ક્ષેત્રમાં વ્યૂહાત્મક પ્રવેશ એ SMELની ઉત્પાદન વિવિધતા (ડાયવર્સિફિકેશન) વ્યૂહરચનામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તે ચોકસાઈપૂર્વક નિર્મિત (precision-engineered) અને ઉચ્ચ ગુણવત્તાવાળી સામગ્રીની મહત્વપૂર્ણ સ્થાનિક માંગને સંતોષે છે.

# યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આજે 30 જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે બેંકના હિસાબોને મંજૂરી આપી હતી




નવી દિલ્હી | Q1FY27 (નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા) ની મુખ્ય બાબતો:

નાણાકીય કામગીરી:

Q1FY27 દરમિયાન બેંકનો ચોખ્ખો નફો રૂ. ૫,૩૩૨ કરોડ રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન બેંકની વ્યાજની આવક રૂ. ૨૭,૨૦૩ કરોડ રહી હતી.

વ્યવસાયમાં વૃદ્ધિ:

બેંકના કુલ વ્યવસાયમાં વાર્ષિક ધોરણે (YoY) ૭.૪૬% નો વધારો થયો છે, જેમાં કુલ ધિરાણમાં (Gross Advances) ૧૨.૫૦% અને કુલ થાપણોમાં ૩.૫૦% નો વધારો નોંધાયો છે. ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ બેંકનો કુલ વ્યવસાય રૂ. ૨૩,૭૯,૬૯૭ કરોડ રહ્યો હતો.

થાપણોમાં વૃદ્ધિ:

વૈશ્વિક થાપણોમાં વાર્ષિક ધોરણે ૩.૫૦% નો વધારો થયો છે. ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ બેંકનો કુલ થાપણ આધાર રૂ. ૧૨,૮૩,૩૬૬ કરોડ રહ્યો હતો.

રિટેલ, કૃષિ અને MSME (RAM) સેગમેન્ટમાં વૃદ્ધિ:

બેંકના RAM સેગમેન્ટમાં વાર્ષિક ધોરણે ૧૧.૫૬% નો વધારો થયો છે, જેમાં રિટેલમાં ૧૨.૦૬% અને MSME ધિરાણમાં ૧૬.૪૯% ની વૃદ્ધિ નોંધાઈ છે. સ્થાનિક ધિરાણના ટકાવારી તરીકે RAM ધિરાણનું પ્રમાણ ૫૭.૩૧% રહ્યું હતું.

NPA માં ઘટાડો:

૩૦.૦૬.૨૦૨૬ના રોજ, ગ્રોસ NPA (%) વાર્ષિક ધોરણે ૮૭ બેઝિસ પોઈન્ટ્સ (bps) ઘટીને ૨.૬૫% અને નેટ NPA (%) ૧૫ બેઝિસ પોઈન્ટ્સ ઘટીને ૦.૪૭% થઈ હતી.

મજબૂત મૂડી ગુણોત્તર (Capital Ratios):

૩૦.૦૬.૨૦૨૬ના રોજ CRAR ૧૮.૪૬% રહ્યો હતો. CET-1 ગુણોત્તર ૩૦.૦૬.૨૦૨૫ના રોજ ૧૫.૩૦% થી સુધરીને ૩૦.૦૬.૨૦૨૬ના રોજ ૧૬.૩૮% થયો હતો. વળતર:

નાણાકીય વર્ષ 27 ના પહેલા ક્વાર્ટર દરમિયાન બેંકનું સંપત્તિ પર વળતર અને ઈક્વિટી પર વળતર અનુક્રમે 1.36% અને 17.23% રહ્યું.

**તંત્રીની કલમે...**

**વિક્રમ સંવત 2082, અષાઢ સુદ - 03**

# સંખ્યાબળ હશે ત્યારે જ સરકાર બંધારણ સુધારા બીલ લાવશે

નવી દિલ્હીમાં સંસદના ચોમાસુ સત્રમાં સરકાર 2029 થી મહિલાઓને 33% અનામત અને સીમાંકન બીલ લાવવાની તૈયારીમાં છે. મહારાષ્ટ્રમાં ફડણવીસના ઘરે અજીત પવાર અને શરદ પવાર જૂથના NCP નેતાઓ વચ્ચે અડધી રાત્રે બેઠક થઈ, જેનાથી રાજકીય ગરમાવો વધ્યો છે. આ ઉપરાંત, સોનમ વાંગચૂકના આંદોલનને અખિલેશ યાદવે સમર્થન આપ્યું છે.20મી જુલાઈથી શરૂ થઈ રહેલા ચોમાસા સત્રમાં સરકાર કેટલાક અગત્યના બંધારણ સુધારા બીલ લાવવાની તૈયારી કરી રહી છે. આમા ૨૦૨૯થી મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાની અને લોકસભા તેમજ વિધાનસભાના સિમાંકન બીલનો સમાવેશ થાય છે. આ વર્ષે એપ્રિલ મહિનામાં આ બીલ પસાર કરવાની કોશિષ કરી હતી, પરંતુ ગૃહમાં બેતૃતિયાસ બહુમતી નહી હોવાને કારણે બીલ પસાર થઈ શક્યા નહોતા. ત્યાર પછી સરકાર બંને ગૃહોમાં બેતૃતિયાસ બહુમતી મેળવવાની કોશિષ કરી રહી છે જેમાં એને સફળતા મળતી હોવાનું લાગે છે. જોકે સરકારના સૂત્રોના કહેવા પ્રમાણે આમ છતાં ચોમાસા સત્રમાં બંધારણ સુધારણા બીલ તો જ લાવવામાં આવશે જો સરકારને બેતૃતિયાસ બહુમતી હોવાની ખાતરી થશે. ગયા વખતની જેમ સરકાર પોતાની ઈમેજનો ફજેતો કરવા માંગતી નથી.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પોતાના સરકારી નિવાસસ્થાને એનસીપી (અજીત પવાર) અને એનસીપી (શરદ પવાર)ના નેતાઓને અરધી રાતે મળ્યા હતા. આ મુલાકાત પછી રાજ્યમાં રાજકીય સમીકરણ બદલાવાની વાતો ચાલુ થઈ છે. આ બેઠક એવા સમયે થઈ છે કે જ્યારે કોંગ્રેસના નેતા પી ચીદમ્બરમએ એવો દાવો કર્યો છે કે ભાજપ, એનસીપી (શરદ પવાર) અને ડીએમકેના સંપર્કમાં છે. સંસદના ચોમાસુ સત્રમાં રજુ થનાર બીલોને પસાર કરવા માટે ભાજપ વિવિધ પક્ષોના સાંસદોની મદદ માગી રહી છે. આ મીટીંગ પછી એનસીપીના બંને જૂથ ભેગા થઈ જવાની સંભાવના હોવાની ચર્ચા પણ થઈ રહી છે. બંને જૂથના વિલિનીકરણનો વિરોધ કરી રહેલા એનસીપી (શરદ પવાર)ના નેતા જયંત પાટીલ પણ અરધી રાતની મીટીંગમાં હાજર રહ્યા હતા. આ મીટીંગ માટે એવું બહાનુ આપવામાં આવ્યું હતું કે સાંગલી જિલ્લાના પુરણ-ઈસ્લામપુર વિધાનસભાની એક બેઠકની સમસ્યા માટે કરવામાં આવી હતી. જોકે પહેલીનજરએ જ આ કારણ દરેકને હાસ્યાસ્પદ લાગ્યું હતું.દિલ્હીના જંતરમંતર ખાતે કોકરોચ જનતા પાર્ટીના આંદોલનમાં સોનમ વાંગચૂક અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ પર છે. હવે કેટલાક વિરોધપક્ષના નેતાઓએ પણ વાંગચૂકને સમર્થન જાહેર કર્યું છે. અરવિંદ કેજરીવાલ અને ઉદ્ધવ ઠાકરે પછી હવે અખિલેશ યાદવે પણ વાંગચૂકને ટેકો જાહેર કર્યો છે. એમણે વાંગચૂકને ટેકો જાહેર કરીને ઉપવાસ છોડી દેવા માટે વિનંતી કરી છે. અખિલેશે એમના સાંસદો પુષ્પેન્દ્ર સરોજ અને પ્રિયા સરોજને જંતરમંતર ખાતે ચાલી રહેલા આંદોલનના સ્થળે મોકલ્યા હતા. એમણે પોતે પણ વાંગચૂક સાથે ફોન પર વાતચીત કરી છે. અખિલેશે એમને સલાહ આપી છે કે થોડા દિવસ આરામ કરીને સમગ્ર દેશમાં આંદોલન શરૂ કરે. અખિલેશે ફોન પર વાંગચૂકને કહ્યું હતું કે લોકોના હિતમાં તેઓ ઉપવાસ છોડવા બાબતે વિચારે. દેશના તમામ યુવાનો અને એમના ચાહકો પણ એમ જ ઈચ્છી રહ્યા છે. જોકે કેટલાક રાજકીય નિરીક્ષકો માને છે કે, આ આંદોલનમાં વિરોધપક્ષોના પ્રવેશને કારણે સમગ્ર આંદોલન રાજકીય બની જવાની શક્યતા છે.બાંગ્લાદેશે ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના બાંગ્લાદેશ પરત ફરવાના નિર્ણયને આવકાર્યો છે. જોકે બાંગ્લાદેશના પ્રવક્તાઓએ એમ કહ્યું છે કે, જાહેર કરવામાં આવેલી મૃત્યુદંડની સજા બાબતે એમણે ન્યાયનો સામનો કરવો પડશે. ૭૮ વર્ષના શેખ હસીના ૨૦૨૪ના વર્ષમાં સરકાર સામે થયેલા બળવા પછી બાંગ્લાદેશ છોડીને ભારતમાં આશ્રય લઈ રહ્યા છે. થોડા દિવસો પહેલા હસીનાના નજીકના સૂત્રોએ કહ્યું હતું કે, પોતાના પક્ષ અવામી લીગ પાર્ટીને મજબૂત કરવા માટે આ વર્ષના અંત સુધીમાં હસીના ઢાકા પરત ફરશે. બાંગ્લાદેશના વડાપ્રધાનના સલાહકાર ઝાહેદ ઉર રહેમાનએ હસીનાને એમની સરકાર સામેના આરોપોનો બચાવ કરવા તેઓ ઈચ્છે તો વિશ્વના શ્રેષ્ઠ વકીલોને ઢાકા બોલાવી શકે છે. એમણે કહ્યું હતું કે, 'દેશના લોકો ચાહે છે કે એમણે કરેલા ગુના માટે એમને કરવામાં આવેલી મૃત્યુદંડની સજા કાયમ રહે.'ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સાથે ભાજપને પ્રેમ અને ધિક્કારનો સંબંધ રહ્યો છે. પ્રણવ મુખર્જી જ્યારે યુપીએ સરકારમાં નાણામંત્રી હતા ત્યારે ભાજપ અને પ્રણવ મુખર્જી વચ્ચે છત્રીસનો આંકડો હતો.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન શાસ્ત્રી સ્વામિ ધર્મજીવનદાસ સાયન્સ અને આઇ.ટી કોલેજ ખાતે રક્તદાન કેમ્પમાં ૧૫૦ બોટલ રક્ત થયુ એકત્ર

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

જૂનાગઢ તા.૧૬, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢ એફીલેટેડ કોલેજ એવી શાસ્ત્રી સ્વામિ શ્રી ધર્મજીવનદાસજી સ્વામિ સાયન્સ અને આઇ.ટી. ગુરૂકુળ કોલેજ અને રાષ્ટ્રીય સેવા યોજનાં સંયુક્ત ઉપક્રમે શાસ્ત્રી સ્વામિ ધર્મજીવનદાસજી સ્વામિની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો હતો. રક્તદાન કેમ્પમાં ૧૫૦ જેટલી બોટલ નું રક્તદાન કરનાર રક્તદાતાઓની ઉપસ્થિતીમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે દિપ પ્રાગટ્યથી રક્તદાન શિબીરને ખુલ્લી મુકતા જણાવ્યુ હતુ કે રક્તદાન એ માનવજીવન માટે ખૂબ મહત્વપૂર્ણ અને શ્રેષ્ઠ સેવાયજ્ઞ છે. રક્તદાન દ્વારા આપણે નવી આશા અને જીવંત શક્તિનો સંદેશ આપી શકીએ છીએ. યુદ્ધ, દુર્ઘટના કે બીમારીમાં રક્તની તાત્કાલિક જરૂર પડે ત્યારે રક્તદાન જીવનરક્ષક સાબિત થાય છે. નિયમિત રક્તદાનથી રક્તમાં નવી તાજગી અને શારીરિક સ્વચ્છતા સાથે એક મુરજાતી જીંદગી બચાવવાનો આનંદ અને માનસિક શાંતિ મળે છે.આજે રાષ્ટ્રીય સેવા યોજનાં દ્વારા માનવ જીવનમાં ઉપયોગી રક્તની જરુરતોને સહાયરૂપ બનવા શાસ્ત્રી ધર્મજીવનદાસ સ્વામિનાં પ્રાગટ્ય દિને યુવાનોમાં સામાજિક જવાબદારી અને સન્માન ભાવના વિકસાવવા, સ્વાસ્થ્ય, શિક્ષણ, સાફ-સફાઇ, અને પર્યાવરણ સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં સેવા કરવાની જે ક્ષણ મળી છે તે ધન્યવાદને પાત્ર છે. આ તકે ૫૬ વખતથી વધુ રક્તદાન કરનાર રક્તદાતાને કુલપતિશ્રી ચૌહાણે સન્માનિત કર્યા હતા. સાથે અનેકવાર રક્તદાનમાં જોડાનાર રક્તદાતાઓને સદગુરૂ પુરાણી સ્વામિ, ડો. કે.આર. ઝાંઝરૂકીયા , શાસ્ત્રી સ્વામિ હરિનારાયણ સ્વામિ, ઋષિકેશ સ્વામિ અને યુનિ.નાં એન.એસ. એસ. કો-ઓર્ડીનેટર ડો.પરાગ દેવાણીએ પ્રશસ્તિ પત્ર એનાયત કરી સન્માનિત કર્યા હતા. સમગ્ર કામર્યક્રમને સફળ બનાવવા કોલેજનાં એન.એસ.એસ. યુનિટ પ્રોગ્રામ ઓફીસર, આચાર્યશ્રી રાજેશ ભરાડ, અધ્યાપકગણ, છાત્રોએ જહેમત ઉઠાવી હતી.

# રાજપીપલા માં મતદારયાદી સુધારણા અંતર્ગત મતદાન મથકોના પુનર્ગઠન. માટે બેઠક યોજાઇ



રાજપીપલા | નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારીઅને જિલ્લા કલેકટર ગંગાસિંઘના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૭ અંતર્ગત મતદાન મથકોના પુનર્ગઠન અંગે જિલ્લા કક્ષાની બેઠક યોજાઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ ચૂંટણીલક્ષી આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહી મતદાન મથકોના પુનર્ગઠન અંગે ચર્ચા કરી હતી.બેઠક દરમિયાન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ચેતન સુથારે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૭ અંતર્ગત હાથ ધરાનારી મતદાન મથકોના પુનર્ગઠનની કામગીરી, તેની પ્રક્રિયા તેમજ તારીખવાર કાર્યક્રમ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે પ્રાથમિક સુધારા દરખાસ્ત, મતદાન મથકોના પુનર્ગઠન માટેના માપદંડો તથા આગામી કામગીરી અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.બેઠકમાં ઉપસ્થિત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ પ્રાથમિક સુધારા દરખાસ્તના સંદર્ભમાં વિવિધ મતદાન મથકો અંગે પોતાના સૂચનો અને અભિપ્રાયો રજૂ કર્યા હતા.જિલ્લા કલેકટર ગંગાસિંઘે તમામ રજૂઆતોને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી તેમજ મતદારયાદીને વધુ ચોકસાઈપૂર્ણ અને પારદર્શક બનાવવા સૌના સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી.આ બેઠકમાં ચૂંટણી નોંધણી અધિકારી અને નાંદોદ પ્રાંત અધિકારી પરસનજીત કૌર, ચૂંટણી નોંધણી અધિકારી અને દેડિયાપાડા પ્રાંત અધિકારી જુહી પાંડે સહિત વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોંધીબા ગાયત્રી વિદ્યાલય, લાડવેલ ખાતે ભવ્ય અને લોકશાહી ઢબે 'શાળા પંચાયત'ની ચૂંટણી સંપન્ન

**જગદીશ ત્રિવેદી | મહીસાગર**

શ્રેયસ એજ્યુકેશન મંડળ સંચાલિત મોંધીબા ગાયત્રી વિદ્યાલય, લાડવેલ (તા.કોઠંબા, જિ. મહીસાગર) ખાતે તારીખ ૧૫/૦૭/૨૦૨૬, બુધવારના રોજ શાળા પંચાયત (G.S. અને L.R.)ની ચૂંટણીનું ભવ્ય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં નાનપણથી જ લોકશાહીના મૂલ્યો, મતદાન પ્રક્રિયા અને નેતૃત્વના ગુણોનો વિકાસ થાય તેવા ઉમદા હેતુથી આ સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો.

આ ચૂંટણી પ્રક્રિયામાં ધોરણ ૯ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર પ્રક્રિયાને સાચી લોકશાહી ઢબે ચૂંટણી પંચના નિયમો અનુસાર ગોઠવવામાં આવી હતી, જેમાં પ્રિસાઈડિંગ ઓફિસર, આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર અને પોલિંગ ઓફિસર તરીકે વિદ્યાર્થીઓએ પોતે જ ફરજ બજાવી હતી. મતદાન કરવા માટે વિદ્યાર્થીઓ પોતાના આઇ-કાર્ડ /આધાર કાર્ડ સાથે શિસ્તબદ્ધ રીતે લાઈનમાં ઊભા રહ્યા હતા, અને મતદાન કર્યા બાદ આંગળી પર શાહીનું નિશાન પણ લગાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત વ્યવસ્થા જાળવવા માટે વિદ્યાર્થી સેવકો પણ ખડેપગે રહ્યા હતા.શાળાના આચાર્યશ્રી મુકેશકુમાર પટેલ અને સમગ્ર સ્ટાફગણના યોગ્ય માર્ગદર્શન અને સચોટ આયોજનને કારણે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અત્યંત શાંતિપૂર્ણ, પારદર્શી અને સફળ રહી હતી. મતદાન પૂર્ણ થયા બાદ શાળાના હોલમાં એક સભાનું આયોજન કરી ચૂંટણીના પરિણામો અને તેના મહત્વ અંગે આચાર્યશ્રી તથા શિક્ષકો દ્વારા પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવ્યું હતું. શાળા પરિવાર તરફથી ચૂંટાયેલા પ્રતિનિધિઓને ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# સાલાવાડા મહી દૂધ ઉત્પાદક સહકારી મંડળની ચોથી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ.....

**જગદીશ ત્રિવેદી | મહીસાગર**



પંચમહાલ ડેરીના ડિરેક્ટર શ્રી જુવાનસિંહજી ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. પૂર્વ શાસક પક્ષના નેતા અજયભાઈ દરજી સહિત સભામાં મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

સભામાં મંડળીના ચેરમેનશ્રી પ્રજાપતિ જયંતિભાઈ શિવાભાઈ, વાઈસ ચેરમેનશ્રી પટેલ કાળુભાઈ સોમાભાઈ, સેક્રેટરીશ્રી પટેલ કિરણભાઈ કાળુભાઈ, વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યો, કર્મચારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

સભામાં મંડળીની વાર્ષિક કામગીરી, વિકાસલક્ષી પ્રવૃત્તિઓ, વહીવટી કામગીરી તેમજ આગામી આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે મંડળી દ્વારા સભાસદોને 17%ટકા બોનસ આપવાની જાહેરાત કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત તમામ સભાસદોએ હર્ષભેર આવકારી હતી.

આ ઉપરાંત વર્ષ દરમિયાન સૌથી વધુ દૂધ ભરનાર સભાસદોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. દૂધ ભરાવામાં પ્રથમ ક્રમે (૧) શ્રી તલાર રમણભાઈ રહ્યા, જેમણે વર્ષ દરમિયાન રૂ.16 લાખનું દૂધ ભર્યું હતું. બીજા ક્રમે (૨) શ્રી કાળીદાસભાઈ શિવાભાઈ પ્રજાપતિ રહ્યા, જેમણે રૂ. 7.50 લાખનું દૂધ ભર્યું હતું. ત્રીજા ક્રમે (૩) શ્રી જેન્તીભાઈ શિવાભાઈ પ્રજાપતિ રહ્યા, જેમણે રૂ. 5.30 લાખનું દૂધ ભર્યું હતું.

શ્રેષ્ઠ કામગીરી બદલ ત્રણેય સભાસદોને પ્રોત્સાહન ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. પ્રથમ ક્રમે રહેનારને રૂ. 5,000, બીજા ક્રમે રહેનારને રૂ. 3,000 અને ત્રીજા ક્રમે રહેનારને રૂ. 2,000 નું પારિતોષિક પંચમહાલ ડેરીના ડિરેક્ટર શ્રી જુવાનસિંહજી ચૌહાણના હસ્તે અર્પણ કરવામાં આવ્યું હતું.

સભાના અંતે અધ્યક્ષશ્રીએ મંડળીની પ્રગતિમાં સહભાગી બનેલા તમામ સભાસદો, સંચાલક મંડળ અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ભવિષ્યમાં પણ સૌના સહયોગથી મંડળ વધુ પ્રગતિના નવા શિખરો સર કરશે તેવી આશા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી તરફથી બાળવાટિકાથી ધોરણ ૮ સુધી માં ક્રમ નં.૧ થી ૩ સુધીનાં વિદ્યાર્થીઓને સ્કુલબેગ, કલરકીટ અને કંપાસ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.



**નરેન્દ્ર દવે જૂનાગઢ**

જૂનાગઢ તા.૧૬. શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળીનાં પ્રમુખશ્રી રસીલાબેન સોઢાએ એક યાદી જણાવેલ છે કે તા.૧૫/૦૭/૨૦૨૬ ને બુધવારનાં રોજ આ સંસ્થા દ્વારા પે સેન્ટર પ્રાયોગિક પ્રાથમિક સ્કુલનાં બાળવાટિકા થી ધોરણ ૮ સુધીમાં અભ્યાસ કરતા અને પરીક્ષામા ક્રમ નં.૧ થી ૩ સુધીનાં વિધાર્થીઓને સ્કુલબેગ, કલરકીટ અને કંપાસ આપી પ્રોત્સાહિત કરવામા આવેલ, અને સ્કૂલના તમામ વિદ્યાર્થીઓને નાસ્તો કરાવવામાં આવેલ હતો, આ સમયે તમામ વિદ્યાર્થીઓનાં મુખ ઉપર ખુશી જોવાં મળી હતી, આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી રસીલાબેન સોઢા, ઉપપ્રમુખશ્રી સાધનાબેન નિર્મળ, સેક્રેટરીશ્રી રૂપલબેન લખલાણી તથા સ્ટાફ મેમ્બરશ્રી કૃપાલીબેન જીકરીયા, નમ્રતાબેન પરમાર, રિદ્ધિબેન ત્રિવેદી, નિરાલીબેન ખેતાણી તેમજ નરેન્દ્રભાઈ ઘુચલા હાજર રહ્યા હતા, શાળાનાં સ્ટાફ મેમ્બર્સ બહેનો તરફથી પણ ખુબજ સારો સાથ સરકાર મળેલ હતો.

# મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આગામી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા અને મતદાન મથકોના પુનર્ગઠન અંગે રાજકીય પક્ષો સાથે અગત્યની બેઠક યોજાઇ

**જગદીશ ત્રિવેદી | મહીસાગર**

આજ રોજ મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક મુખ્ય નિર્વાચન અધિકારીની સૂચના મુજબ, તા. ૦૧/૦૧/૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદીના ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ તથા મતદાન મથકોના પુનર્ગઠનની કામગીરી અંગે ચર્ચા કરવા માટે યોજવામાં આવી હતી.

ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર, ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોના મતદાન મથક ખાતે મતદારોની મહત્તમ સંખ્યા ૧૨૦૦ નિર્ધારિત કરવામાં આવી છે. આ વર્ષે મતદારયાદીની ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં મતદારોની સંખ્યામાં થયેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને મતદાન મથકોની સંખ્યામાં અને સ્થળોમાં હયાત મતદાન મથકો ખાતે મોટા પાયે



ફેરફાર અને ઘટાડો (પુનર્ગઠન) કરવામાં આવનાર છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ મતદાન મથકોની પ્રાથમિક સુધારા દરખાસ્ત સંદર્ભમાં માન્ય રાજકીય પક્ષોના સ્થાનિક આગેવાનો અને જનપ્રતિનિધિઓ સાથે બેઠક કરી તેમની પાસેથી સલાહ-સૂચનો મેળવવાના હોય છે. જેના અનુસંધાને મહીસાગર જિલ્લામાં આ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પબ્લિક ડોમેઈન પરથી જાહેર જનતા તરફથી મળેલા સૂચનો પરત્વે પણ પારદર્શક રીતે ચર્ચા-વિચારણા કરી તેનો નિકાલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ બેઠકમાં માન્ય રાજકીય પક્ષો અને આગેવાનો તરફથી મળેલા નવા સૂચિત સ્થળોની તા. ૧૭ અને ૧૮ જુલાઈના રોજ જાત-ચકાસણી કરાવીને ત્યારબાદ, મહીસાગર જિલ્લાની મતદાન મથકોની સુધારા-વધારા-સ્થળાંતરની આ તમામ દરખાસ્તોની પ્રાથમિક ચકાસણી રાજ્ય કક્ષાએ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી ખાતે તા. ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે હાથ ધરવામાં આવશે.

# સંખેડાના કાછીયા વગામાંથી મહિલા મંડળ દ્વારા જગન્નાથ શોભાયાત્રાનું આયોજન







**કમલેશ પટેલ. સંખેડા**

સંખેડાના કાછીયા વગામાંથી મહિલા મંડળ દ્વારા જગન્નાથ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા ભક્તિ અને ઉત્સાહ સાથે નગરમાં નીકળી હતી.

શોભાયાત્રા સંખેડા નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. જ્યાં જ્યાં યાત્રા પહોંચી, ત્યાં ભક્તોએ ભગવાન જગન્નાથજીની આરતી ઉતારી દર્શન કર્યા હતા.

આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં મહિલાઓ અને અન્ય ભક્તો જોડાયા હતા. સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું અને 'જય જગન્નાથ'ના નાદથી નગર ગુંજી ઉઠ્યું હતું.

# અષાઢી બીજ નિમિત્તે જુનાગઢ જિલ્લામાં વિવિધ ધાર્મિક સંસ્થાઓ દ્વારા ૨૫૦ યુનિટ રક્તદાન

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

જૂનાગઢ તા.૧૬. અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે જુનાગઢ જિલ્લાના વિવિધ ધાર્મિક સંસ્થાઓ દ્વારા સેવાભાવને પ્રાધાન્ય આપતા રક્તદાન કેમ્પોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ધર્મ સાથે માનવસેવાનો સુંદર સમન્વય સાધી સમાજને રક્તદાન જેવા મહાદાન માટે પ્રેરિત કરવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો. આ રક્તદાન અભિયાનમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, જવાહર રોડ, જૂનાગઢ દ્વારા ૧૦૪, શ્રી દેવારામ બાપા આશ્રમ, ભેડા પીપળીયા દ્વારા ૯૬, સંત શ્રી દેવતનખી ધામ, મજેવડી દ્વારા ૧૯, શ્રી સેવાદાસ બાપા આશ્રમ, તોરણીયા દ્વારા ૩૫ તેમજ શ્રી નાગબાઈ અને ગાત્રાડ આઈ મંદિર, મોનિયા દ્વારા ૫ એમ કુલ ૨૫૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું.આ રક્ત GMERS જનરલ હોસ્પિટલ, જુનાગઢના બ્લડ સેન્ટરમાં



જમા કરવામાં આવ્યું છે. આ રક્તનો ઉપયોગ થેલેસેમિયા થી પીડિત બાળકો, ગર્ભવતી મહિલાઓ, અકસ્માતગ્રસ્ત દર્દીઓ તેમજ કેન્સરના દર્દીઓ જેવા જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવા માટે કરવામાં આવશે. આવા ધાર્મિક પ્રસંગોને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડવાથી સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ અને સકારાત્મક અભિગમ વિકસે છે. ઘણી વખત લોકો પોતાના સગાં-સંબંધીઓ માટે પણ ભય કે ગેરસમજને કારણે રક્તદાન કરવામાં ખચકાટ અનુભવતા હોય છે. આવા સામૂહિક રક્તદાન કેમ્પો લોકોમાં રહેલી આ માનસિકતા દૂર કરીને નિઃસ્વાર્થ સેવાભાવ અને નિયમિત રક્તદાન માટે પ્રેરણા આપે છે અન્ય ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ માટે પણ આ એક પ્રેરણાદાયી પહેલ બની છે. આ સેવાકીય કાર્યમાં સહભાગી બનેલી તમામ ધાર્મિક સંસ્થાઓ, રક્તદાતાઓ, સ્વયંસેવકો તથા આયોજકોનો GMERS જનરલ હોસ્પિટલ, જુનાગઢના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ.કૃતાર્થ બ્રહ્મભટ્ટ, બ્લડ સેન્ટરના ઈન્ચાર્જ તથા સમગ્ર હોસ્પિટલ પરિવાર દ્વારા હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# દુર્લભ વિશુદ્ધ આહાર

યુનોએ ગ્લોબલ વોર્મિંગ સામે લડત ઉપાડી છે, પણ મોટા દેશોની બેદરકારીથી પર્યાવરણનો ખુરદો બોલી રહ્યો છે. માલદીવથી નાગાલેન્ડ સુધી પર્યાવરણ તબાહ થયું છે. એમેઝોનમાં આગ અને ઈઝરાયેલનો ખારો સમુદ્ર સુકાઈ રહ્યો છે. શુદ્ધ હવા-પાણી કિંમતી બન્યા છે. ટોકિયો, મુંબઈ જેવા શહેરો પર ખતરો છે. સત્તાધીશો ન સમજે ત્યાં સુધી જળવાયુ પરિવર્તન તરંગ જ રહેશે.

યુનોએ હમણાં નવેસરથી ગ્લોબલ વોર્મિંગ સામે લડત ઉપાડી છે. છેલ્લાં પચાસેક વરસથી રાષ્ટ્રનેતાઓ અને તેમની પ્રજાએ પર્યાવરણ કે આહારશુદ્ધિ વિશે માત્ર વારતાઓ જ કરી છે. જેનું પરિણામ એ આવ્યું છે કે ઘરે ઘરે પ્રજાના ભોજનથાળ સુધી ઝેરી રસાયણો છુપાયેલા સ્વરૂપમાં પહોંચી ગયા છે. બે દિવસમાં મટી જાય એવી આરોગ્ય તકલીફો માનવ શરીરમાં છ-છ મહિના સુધી ધામા નાખે છે. બાળકો માટે માત્ર ઓસડિયાં હવે કામ કરતા નથી. દોડી દોડીને બાળતબીબો પાસે જવું પડે છે. નવોદિત માતાપિતા હવે તો બાળકો મોટાં થાય ત્યાં સુધી એના આરોગ્યના આંટાફેરામાં જ વ્યસ્ત રહે છે. આ ચિત્ર કંઈ એકલા ભારતનું નથી. વિશ્વમાં બધે જ આ સ્થિતિ છે. શુદ્ધ આહાર મળવો સહુને સુગમ નથી. વળી, હજુ તો અશુદ્ધ આહારની ઓળખ જ પાકી થઈ નથી. પ્રજા એક વણઓળખ્યા સંકટમાં ફસાઈ રહી છે. આપણા ફૂડ ઈન્સ્પેક્ટરો જે બ્રાન્ડેડ કંપનીઓની ખાદ્ય સામગ્રીના નમૂના લે છે તે પણ તપાસમાં પાસ થતા નથી.

આજથી આખી દુનિયામાં વાહનો બંધ થઈ જાય, અણુમથકોને તાળાં લાગી જાય, ચીમનીના ધૂમાડા બંધ થઈ જાય, કચરો પેદા થાય એવા કોઈ પણ કામ ઉપર પ્રતિબંધ આવી જાય તો પણ ઘાયલ કુદરત બેઠી થઈ શકે એમ નથી. આખી દુનિયાના પર્યાવરણનો ખુરદો બોલી રહ્યો છે. માલદીવના ટાપુઓથી લઈને વિયેતનામ સુધી અને ગ્રીનલેન્ડથી લઈને નાગાલેન્ડ સુધી બધે જ પર્યાવરણની તબાહી જોવા મળે છે. કુદરતી સૌંદર્યના અનુપમ દર્શન થાય એવી જગ્યા ભાગ્યે જ કોઈ બચી છે. એમેઝોનના જંગલોમાં આગ લાગી રહી છે તો ઈઝરાયેલનો ખારો સમુદ્ર સુકાઈ રહ્યો છે. સાઈબિરિયાનું વન સંકોચાઈ રહ્યું છે તો આફ્રિકાનાં ખુલ્લા મેદાનના વગડાઓ શહેરીકરણની આપત્તિનો સામનો કરી રહ્યાં છે. યુરોપ પાસે બરફની શ્વેત સુંદરતા વધુ હતી, તો એ પણ અદ્રશ્ય થઈ રહી છે.


વૈશ્વિક વાતાવરણમાં વિકૃતિ લાવવાનો શ્રેય બધાને જાય છે, પણ એમાં મોટા દેશોનો સૌથી વધુ ફાળો છે. મોટા દેશો એટલે વિકસિત દેશો જે પોતાને મહાસત્તા કહેવરાવીને પર્યાવરણ વિરોધી ગેરફાયદા લઈ લે છે અને અમુક વિકાસશીલ દેશો પણ પોતે વિકસિત નથી એવું ગાણું ગાઈને પર્યાવરણનું નખ્ખોદ વાળતાં રહે છે. અમેરિકા, બ્રિટન, ચીન, ભારત, જાપાન, બ્રાઝિલ, ફ્રાન્સ વગેરે દેશો ગ્લોબલ વોર્મિંગ માટે સહુથી વધુ જવાબદાર છે. હવે તો ગલ્ફ દેશો પણ પેટ્રોલિયમને કારણે ખૂબ સમૃદ્ધ થઈ ગયા છે. માટે જોર્ડન-સિરિયાથી લઈને અફઘાનિસ્તાન-પાકિસ્તાન સુધીનો આખો પટ્ટો કુદરતને હણવામાં કોઈ કસર બાકી નથી રાખી રહ્યો. ઉલટાનું આ નાના લાગતા દેશોમાં વસ્તી વધી રહી છે જે દરેક પ્રકારના પ્રદૂષણમાં વધારો કરવામાં ભાગ ભજવે છે. શુદ્ધ હવા અને ચોખ્ખું પાણી દિવસેને દિવસે કિંમતી પદાર્થો બનતા જાય છે.

માલદીવના ટાપુઓ નજીકના ભવિષ્યમાં ડૂબી જવાના છે એ સૌ જાણે છે. ઈન્ડોનેશિયા અને મલેશિયાના ટાપુઓ પણ ખતરામાં છે. ટોકિયો, મુંબઈ, સિડની જેવાં ઘણાં મોટાં શહેરો ઉપર દૂરના ભવિષ્યમાં મોટી આફત આવે એવી ભયજનક સંભાવના છે. કારણ કે સમુદ્રની સપાટી સતત વધતી જવાની છે. નવી દિલ્હીનું પ્રદૂષણ વિશ્વવિખ્યાત થઈ ચૂક્યું છે. ગંગા છેલ્લા કેટલાય દાયકાઓથી શુદ્ધ થઈ નથી અને હજુ કેટલાય દાયકાઓ સુધી શુદ્ધ થાય એવું લાગતું નથી. ગંગા સિવાયની એશિયાની મહાન નદીઓ પણ બહુ પ્રદૂષિત છે. બ્રહ્મપુત્રા કંઈ ડિસ્ટીલ્ડ વોટરનું વહન નથી કરી રહી. ચીનમાં પ્રદૂષણે માઝા મૂકી છે. ચીનની એગ્રેસિવ આર્થિક અને સામાજિક નીતિએ ત્યાંના પર્યાવરણને તબાહ કરી મૂક્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ જેવા તરંગી નેતાઓ ગ્લોબલ વોર્મિંગને પરીકથાથી વિશેષ કશું માનતા નથી. માનવજાત પોતાની કબર ખુદ ખોદી રહી છે. બધા એમાં ક્યારે સમાઈ જઈશું એ નિશ્ચિત નથી, પરંતુ કબરમાં એક દિવસ ચોક્કસ ચાલ્યા જશું એ નક્કી છે. કુદરતનો કાળો કેર સહન કરવાની ક્ષમતા કાળા માથાના માનવીમાં નથી.

જે લોકો ભેખધારી બની પૃથ્વીની સેવા કાજે નીકળી પડયા છે તેનાથી નવું જે વાતાવરણ બંધાશે તે પણ હશે તો વાતોનું જ. કારણ કે જેમની પાસે સત્તા છે તેઓ ન સમજે ત્યાં સુધી જળવાયુ પરિવર્તનની બધી વાત એક તરંગ જ રહેશે. આ સ્થિતિ આગળ જતાં પર્યાવરણીય સંરક્ષણ માટેની પરસ્પર અથડામણ તરફ વિવિધ રાષ્ટ્રોને લઈ જશે જેની શરૂઆત પણ થઈ ગઈ છે. સિંધુ નદીનો જળવિવાદ આપણો પરિચિત છે. આગામી એક દાયકામાં ઝડપી વસ્તી વધારો અને કુદરતી સંસાધનોનો વિદ્યુતવેગી વિનાશ - બન્ને એકસાથે જોવા મળશે. પર્યાવરણ વિશે પ્રાથમિક શાળાનાં બાળકો કંઈક જાણતા હોય છે. આગળ જતાં કોલેજોમાં તો એ વિષય જ નજરે ચડતો નથી. એટલે વ્યક્તિગત જીવનમાં પણ અમલવારીના વરસો આવે ત્યારે લોકો અનુસંધાન ગુમાવી દે છે. આ વિષચક્રનો નજીકમાં તો કોઈ ઉકેલ નથી.

# હું ભૂખ હડતાલ કરીશ

## કોકરોચના આંદોલનમાં જોડાયેલા શાન દીપડાની જાહેરાત



જંગલમાં પેપર લીક મુદ્દે યુવા નેતા કોકરોચ કચવાટિયાએ બંજર-ગંજરના મેદાનમાં વિરોધ પ્રદર્શનોની જાહેરાત કરી હતી. પર્વતમાં રહેતા શાન દીપડાએ આંદોલનમાં જોડાવાની જાહેરાત કરતા સેંકડો સ્ટુડન્ટ્સ કોકરોચના સમર્થનમાં ઉમટી પડ્યા. શાન દીપડાએ માંગણીઓ ન સંતોષાય ત્યાં સુધી ભૂખ હડતાળ પર બેસવાની જાહેરાત કરતા આંદોલન વધુ તેજ બન્યું છે.

આપનાં તો અઢાર વાંકાં - અષ્ટાવક્ર

'જંગલના વિદ્યાર્થીઓના હિતમાં આંદોલન કરી રહ્યા હોવાથી હું પણ આંદોલનમાં જોડાઈશ.' પર્વતમાં રહેતા શાન દીપડાએ કોકરોચ કચવાટિયા અને વંદા વખારીને મેસેજ મોકલ્યો. યુવા નેતા કોકરોચ કચવાટિયાએ પેપર લીક મુદ્દે બંજર-ગંજરના મેદાનમાં વિરોધ પ્રદર્શનોની જાહેરાત કરી હતી. આંદોલન પહેલાં વંદા વખારીને સૂચન પછી કોકરોચ કચવાટિયાએ વાયદા કર્યા હતા. તેના વાયદાઓ એટલા વાયરલ થયા કે જંગલના સેંકડો સ્ટૂડન્ટ્સ કોકરોચના સમર્થનમાં આવી ગયા.

જંગલમાં રાતોરાત કોકરોચ કચવાટિયાની તરફેણમાં માહોલ બની ગયો. 'મેં ભી કોકરોચ' લખીને કેમ્પેઈન શરૂ થયું હતું. હમારા નેતા કૈસા હો? કોકરોચ ભાઈ કે જૈસા હો' એવા ચીલાચાલુ પણ જંગલના રાજકારણમાં અનિવાર્ય ગણાય એવા નારાઓ પણ ગૂંજવા લાગ્યા હતા. કેટલાય સમયથી પેપર લીકથી પરેશાન વિદ્યાર્થીઓને એક પ્લેટફોર્મ મળ્યું હતું. વજન ઉઠાવવા માટે બિલકુલ જાણીતા ન હોવા છતાં એક કોકરોચ પેપર લીકનો અવાજ ઉઠાવતો હતો એનાથી જંગલની આખી યુવા જનરેશનમાં ઉત્સાહનો માહોલ હતો.

આ બધું પારખીને શાન દીપડાએ આંદોલનમાં જોડાવાની જાહેરાત કરી. શાન દીપડો જંગલની સરકાર સામે વિરોધ પ્રદર્શનો કરી ચૂક્યો હતો. જંગલમાં રાજા સિંહની સરકાર ચારેબાજુ વિકાસનાં કાર્યો કરતી હતી, પરંતુ પર્વતમાં વિકાસકાર્યો શરૂ થયાં તેની સામે શાન દીપડાએ મોરચો ખોલ્યો હતો. શાન દીપડાના પૂર્વજો સદીઓથી પહાડીઓમાં રહેતા હતા. તેમને મેદાની પ્રદેશોના દીપડા સમાજ સાથે પણ ખાસ બનતું નહીં. શાન દીપડા ભલા ને એમની પહાડીઓ ભલી. રાજા સિંહનાં વિકાસકાર્યોથી પહાડીઓની બ્યુટીનો નાશ થશે એવું કહીને શાન દીપડાએ તેમની જ જાતિના બીજા દીપડાઓને એકઠા કરીને આંદોલન કર્યું હતું. પહાડીઓનો રસ્તો રોકી દીધો હતો અને બધાં જ વિકાસકાર્યો અટકાવી દીધાં હતાં.

રાજા સિંહે સ્પેશિયલ ઓપરેશનનું જ કામ પાર પાડતા સરકારી અધિકારી વાઘ વિકરાળને શાનને કાબૂમાં લેવાનું ઓપરેશન સોંપ્યું હતું. શાન દીપડો પ્રદર્શન કરતો હતો ત્યાંથી પકડીને વાઘ વિકરાળે તેને પાંજરે પૂરી દીધો. જંગલની સરકારે 'જંગલ વિરોધી ગતિવિધિ' અને 'જંગલને અસ્થિર કરવાનું ષડયંત્ર' જેવા ભારેખમ આરોપ લગાવીને કેટલાય મહિના સુધી શાન દીપડાને પાંજરામાં રાખ્યો. આખરે શાન દીપડાનું જોર ઓછું થયેલું માનીને ત્રણ-ચાર મહિના પહેલાં જ તેને પાંજરામાંથી મુક્ત કરાયો હતો.

શાન દીપડાનો મેસેજ જોઈને કોકરોચ કચવાટિયા અને વંદા વખારીના આનંદનો પાર ન રહ્યો. શાન દીપડો સ્વયં આંદોલનમાં જોડાશે તેનાથી આંદોલનનું મહત્ત્વ વધશે. જંગલનું મિડીયા પણ શાન દીપડાના કારણે આંદોલનના સમાચારો બતાવશે. આંદોલનની વાતો સાંભળતો જંગલનો મોટો વર્ગ શાનની જાહેરાત પછી વિરોધ પ્રદર્શનોને ગંભીરતાથી લેશે એ વાત કોકરોચ કચવાટિયો જાણતો હતો. તેણે એક વિડીયો મેસેજ આપ્યોઃ 'ફ્રેન્ડ્સ! આપણાં માટે આનંદ અને ગૌરવના સમાચાર છે. લેજન્ડ પહાડી એક્ટિવિસ્ટ શાન દીપડા સર આપણા આંદોલનમાં જોડાશે. શાન સર તેમના જમાનામાં મહાન સ્ટુડન્ટ રહી ચૂક્યા છે. એ જમાનામાં પેપર લીક થતા ન હતા. આઈએમપીની સિસ્ટમ પણ વિકસી ન હતી. એવી પરિસ્થિતિ વચ્ચે મહેનત કરીને જ પાસ થવાતું ત્યારે તેમણે માત્ર બુદ્ધિથી અઘરી પરીક્ષાઓ પાસ કરી હતી. તેમનો સપોર્ટ મળતા આપણું આંદોલન વધારે શક્તિશાળી બનશે.'

કોકરોચ કચવાટિયો વાયદાનો વેપાર કરીને જંગલના સ્ટુડન્ટ્સમાં માહોલ બનાવી ચૂક્યો હતો. એમાં શાન દીપડાએ આંદોલનમાં જોડાવાની જાહેરાત કરી પછી તો જંગલના સ્ટુડન્ટ્સ આંદોલન કરવા ઉતાવળા બન્યા હતા. આમેય પેપર લીક થયા પછી સ્ટુડન્ટ્સ નવરા પડયા હતા. આખો દિવસ મોબાઈલ મચડવા કરતાં કંઈક એક્ટિવિટી થશે એમ વિચારીને બંજર-ગંજરના મેદાનમાં ઉમટવા લાગ્યા હતા. સ્ટુડન્ટ્સનો ઉત્સાહ જોઈને એક દિવસ કોકરોચ કચવાટિયાએ પોસ્ટ લખીઃ 'સવારે સૂર્યનું પહેલું કિરણ પડશે એ પછી તુરંત બંજર-ગંજરના મેદાનમાં આંદોલન શરૂ થશે. શાન દીપડા સર હાજર રહેશે.'

નક્કી કરેલા સમયે જ જંગલના સેંકડો સ્ટૂડન્ટ્સ બંજર-ગંજરના મેદાનમાં ઉમટી પડયા. કોકરોચ કચવાટિયા અને વંદા વખારીએ સ્ટૂડન્ટ્સને ઉત્સાહિત કરવા સૂત્રોચ્ચારો કર્યા : 'નહીં સહેંગે નહીં સહેંગે પેપર લીક હમ નહીં સહેગેં ઈસ્તીફા દે ઈસ્તીફા દે.. કાચિંડા કાટાવાલા ઈસ્તીફા દે બંધ કરો બંધ કરો પેપર લીક કૌભાંડ બંધ કરો નીંદ સે જાગો નીંદ સે જાગો. રાજા સિંહ તુમ નીંદ સે જાગો'

આખાય બંજર-ગંજરના મેદાનમાં નારા ગૂંજી ઉઠયા. કેટલાય દિવસે ઘાંટા પાડવાની તક મળી હતી એટલે બધા જ પ્રદર્શનકારી સ્ટુડન્ટ્સ ગળું ફાડીને અવાજો કાઢતા હતા. નારો તો છેક સિંહના દરબાર સુધી પહોંચતો હતો.

બરાબર એ જ વખતે શાન દીપડો પણ આવી ગયો. 'શાન સર હમારી શાન હૈ' એવા નારો લગાવીને સૌએ એનું સ્વાગત કર્યું. ફુલનો હાર પહેરાવીને શાન દીપડાનું સ્વાગત કરાયું. તેના વિશે ઘણી સારી વાતો કોકરોચ કચવાટિયાએ કહી સંભળાવી એનાથી ફરીથી નારો લાગ્યોઃ 'શાન સર હમારી શાન હૈ!'

આટલા સન્માનથી ગદગદ થયેલા શાન દીપડાએ જાહેરાત કરીઃ 'આપણી ડિમાન્ડ પૂરી નહીં થાય ત્યાં સુધી હું બંજર-ગંજરના મેદાનમાં ભૂખ હડતાલ કરીશ!'

# વરસાદ ખેંચાતાં સરકાર દાળવડાં ફ્લેવરનું પરફ્યુમ વહેંચશે

મંત્રીશ્રીએ સેક્રેટરીશ્રીને વરસાદ અંગે પૂછતાં, સેક્રેટરીએ જણાવ્યું કે હવામાન ખાતા ઉપરાંત સોશિયલ મીડિયા પર પણ ઘણા સ્વયંભૂ હવામાન નિષ્ણાતો ઊભા થયા છે, જેમના વચ્ચે આગાહીઓ બાબતે ગજગ્રાહ ચાલે છે. મંત્રીશ્રીએ દુકાળમાં લૂંટફાટની ચિંતા વ્યક્ત કરી. સેક્રેટરીએ રેઈનકોટ અને છત્રીનું વિતરણ સૂચવ્યું, પણ મંત્રીશ્રીએ દાળવડાં ફ્લેવરનું પરફ્યુમ આપવાનો વિચાર રજૂ કર્યો, જેથી પ્રજા ખુશ રહે.

અગડમ્ બગડમ્ - બાબા આદમ

'વરસાદ બાબતે આજકાલ શું ચાલે છે?' મંત્રીશ્રીએ સેક્રેટરીશ્રીને સવાલ કર્યો.

'સર, આજકાલ તો વરસાદની આગાહી કોણે કરવી અને કોણે ન કરવી એ બાબતે તકરાર અને રીસામણાં-મનામણાં ચાલે છે,' સેક્રેટરીશ્રીએ મંત્રીશ્રીની જિજ્ઞાસા સંતોષવા પ્રયાસ કર્યો.

'હેં? હવામાન ખાતાંને પણ બાકીનાં સરકારી ખાતાં જેમ કામ નહીં કરવાનો રોગ લાગુ પડયો?' મંત્રીશ્રીના ચહેરા પર વિસ્મય, ચિંતા અને હાસ્યના એકસામટા ભાવ આવ્યા.

'અરે ના, ના, સર હવામાન ખાતાં વાળા તો સાચા પડવાની ચિંતા વિના આગાહી પર આગાહી કરે જ જાય છે, પણ હવે તો સોશિયલ મીડિયાના જમાનામાં સેલ્ફ સ્ટાઈલ્ડ અર્થશાસ્ત્રી, શેફ, આયુર્વેદ નિષ્ણાત, ફિલ્મ ક્રિટિક અને કોન્ટેન્ટ ક્રિએટરની જેમ ગલીએ ગલીએ હવામાન નિષ્ણાતોની પણ મોટી ફોજ ઉભી થઈ ગઈ છે. એ બધાની વચ્ચે અંદરોઅંદર ગાજવીજ ચાલે છે.' સેક્રેટરીશ્રીએ સવિસ્તર અહેવાલ રજૂ કર્યો.

'આમાં કાંઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઊભી થાય તેમ નથી ને?' મંત્રીશ્રીને હૈયે ફાળ અને કપાળે કરચલી પડી.

'સર, કદાચ આ વખતે અલ નીનોને કારણે દુકાળ પડશે તો અનેક લોકો લૂંટફાટ અને ચોરી તરફ વળી શકે છે,' સેક્રેટરીશ્રીએ દાયકાઓ જૂનું જ્ઞાન ભાખ્યું.



જોકે, મંત્રીશ્રીએ તરત જ આ તર્ક રિજેક્ટ કર્યો. 'લૂંટફાટ અને ચોરી જ કરવાં હોય તો દુકાળ સુધી રાહ જોવાની ક્યાં જરુર છે. લોકો બારેમાસમાંથી કોઈપણ દિવસે રાજકારણમાં પણ ઝંપલાવી શકે છે.'

મંત્રીશ્રી મજાક કરી રહ્યા છે કે આત્મકથા શરુ કરવાના મૂડમાં છે તેનો તરત ખ્યાલ ન આવતાં સેક્રેટરીશ્રીએ એકદમ કન્ફ્યુઝ્ડ વિદ્યાર્થી જેમ આગળની સૂચના કે જ્ઞાન માટે મંત્રીશ્રી તરફ જોયા કર્યું. સેક્રેટરીશ્રીના ચહેરા પર પ્રશ્નાર્થ જોઈને મંત્રીશ્રીને નવો સવાલ જ સૂઝયો. 'તમે સૂચવો, વરસાદ ખેંચાવાની સ્થિતિમાં શું કરીએ?'

'સર, જમાનો ફ્રી રેવડીનો છે. સરકાર ધારે તો લોકોને મફત રેઈનકોટ કે છત્રીઓનું વિતરણ કરી શકે. છત્રી-રેઈનકોટ પર આપના સસ્મિત મુખારવિંદના ફોટા મૂકી શકાશે. ભલભલી આફત વખતે જ નહિ, પરંતુ સામાન્ય વરસાદમાં પણ મંત્રીશ્રી પલળી જાય છે તેવો પ્રજાને અહેસાસ થશે.'

'પણ પછી પ્રજાજનો છત્રીથી મારામારી કરશે તેવા સંજોગોમાં મારો ચહેરો ખરડાશે કે ફાટશે તો? વિપક્ષો તો આવી સ્પોન્સર્ડ મારામારીઓ કરાવશે.' મંત્રીશ્રીએ ભવિષ્યની ચિંતા વ્યક્ત કરી. પછી પોતે જ એક આઈડિયા રજૂ કર્યો. 'એવું કરીએ. વરસાદ ખેચાતાં અનેક શોખીન પ્રજાજનોના દાળવડાં ઝાપટવાનાં ઓરતાં અધૂરાં રહી ગયાં હશે. આપણે સરકાર તરફથી દાળવડાં ફ્લેવરનું પરફ્યૂમ ફ્રી આપીએ તો? પ્રજા દાળવડાંની મઘમઘતી સુગંધથી મસ્ત રહેશે અને અમારો જયજયકાર કરશે.'

સેક્રેટરીશ્રીએ માથું ખંજવાળ્યું. પછી ખચકાતાં ખચકાતાં કહે, 'સર, એક પ્રેક્ટિકલ પ્રોબ્લેમ છે. લોકોને ડુંગળી અને મરચાં વગર દાળવડાં ખાવાં ગમતાં નથી. મતલબ આપણે દાળવડાં ફ્લેવરની સાથે સાથે ડુંગળી અને મરચાં ફ્લેવરનાં પરફ્યુમની મિની બોટલો પણ આપવી પડશે. પછી તો રાજકારણ જેમ શહેરો અને ગામો પણ ગંધાશે.'

વિખેરાઈ રહેલાં વાદળની જેમ મંત્રીશ્રીએ પણ ચાલતી પકડી.

આદમનું અડપલું


વરસાદ પહેલાં ટેસ્ટ મેચ જેમ વરસતો હવે એ પણ ટીટ્વેન્ટીના રવાડે ચઢ્યો છે માતુશ્રી એસ.બી.વી.ચાવડા સરસ્વતી હાઈસ્કૂલ, પાલનપુર ખાતે તાજેતરમાં સામાજિક વિજ્ઞાન વિષયના પ્રકરણ 'વન અને વન્યજીવ સંસાધન' ના અનુસંધાનમાં એક પ્રેરણાદાયી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવવાનો અને કુદરતી સંસાધનોના મહત્વને સમજાવવાનો હતો.શાળાના આચાર્યશ્રી અને શિક્ષકગણના માર્ગદર્શન હેઠળ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ માત્ર વર્ગખંડમાં પુસ્તક દ્વારા જ્ઞાન મેળવવાને બદલે શાળાના મેદાનમાં જાતે વૃક્ષો રોપીને પર્યાવરણ સુરક્ષામાં પોતાનું યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે લીમડો, બોરસલી, જાસુદ અને શુલ જેવા વિવિધ પ્રકારના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણની સાથે વિદ્યાર્થીઓએ આ છોડ માત્ર વાવવા પૂરતું મર્યાદિત ન રાખતા, તે મોટા થઈને ઘટાદાર વૃક્ષ બને ત્યાં સુધી તેની સંપૂર્ણ દેખભાળ અને જતન કરવાની સામૂહિક પ્રતિજ્ઞા પણ લીધી હતી. આ પ્રકારની પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસિત થાય છે.શાળાના આચાર્યશ્રી નરેન્દ્ર સિંહ દેવડાએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, "પાઠ્યપુસ્તકમાં ભણાવવામાં આવતો 'વન અને વન્યજીવ સંસાધન'નો પાઠ ત્યારે જ સાર્થક ગણાશે જ્યારે આપણે પ્રકૃતિનું રક્ષણ પ્રાયોગિક રીતે કરીશું.

# નિંદામણ નાશક ઝેરી પેરાક્વેટ પર મોડે મોડે પ્રતિબંધ મૂકાયો ખરો

ભારત સરકારે નિંદામણ નાશક ઝેરી પેરાક્વેટ પર પ્રતિબંધ મૂકીને બહુ આવકારદાયક પગલું ભર્યું છે. પેસ્ટિસાઈડ્સ (Pesticide), ઈન્સેક્ટિસાઈડ્સ (Insecticide) અને હર્બીસાઈડ (Herbicide) એ ત્રણેય ભારતમાં કૃષિ ક્ષેત્ર માટે મહત્ત્વના છે. ખેડૂતો આ ત્રણેય વિના ઉત્પાદકતા વધારી શકતા નથી. જે લોકો પ્રાકૃતિક ખેતીનો ઉપયોગ વધારવાનો પ્રયાસ કરે છે, તેઓ આ ત્રણેય પદાર્થનો વિરોધ કરે છે. અનેક કિસાનો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે, પરંતુ હજુ તે બાબતની જાગ્રતતા કેળવાઈ નથી. ગુજરાતના રાજ્યપાલ અવારનવાર પ્રાકૃતિક ખેતી કરનારાઓને મળે છે અને અન્ય કિસાનોને આ પદ્ધતિ અપનાવવાનો આગ્રહભર્યું સૂચન કરે છે.લાખો કિસાનોને પ્રાકૃતિક ખેતીની વાત ગળે ઊતરી છે, પરંતુ ખેતીમાં પાયાથી સુધારો કરવાની હિંમત બહુ ઓછા કિસાનો કરી શક્યા છે, પેસ્ટિસાઈડ્સ, ઈન્સેક્ટિસાઈડ્સ અને હર્બીસાઈડ એ ત્રણેય કેમિકલયુક્ત ખેતી કરનારા માટે બહુ મહત્ત્વના છે. પરંતુ નિંદામણ નાશક કહેવાતા પેરાક્વેટ પર ભારત સરકારે પ્રતિબંધ મૂકીને અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ અને કૃષિ વિજ્ઞાનીઓએ સરકારને કરેલી રજૂઆતનો પ્રત્યાઘાત આપ્યો છે.ભારતે પેરાક્વેટ (Paraquat) પર પ્રતિબંધ મૂકીને કૃષિ ક્ષેત્રમાંથી સૌથી મોટું ઝેર દૂર કર્યું છે. ઊભા પાકની આસપાસ ઊગતા બિનજરૂરી નિંદામણનો નાશ કરવા હર્બીસાઈડનો ઉપયોગ થાય છે. વિશ્વના ૭૦ જેટલા દેશોએ જેના પર પ્રતિબંધ મૂક્યો છે, તેનો ભારતમાં છૂટથી ઉપયોગ થતો હતો. પેરાક્વેટ, એક એવું હબસાઈડ (નિંદામણ નાશક) જેનો કોઈ જાણીતો એન્ટીડોટ (નાશક) નથી. તે વિશ્વના મોટાભાગના દેશોમાં તેની અતિશય ઝેરી અસરોને કારણે પ્રતિબંધિત હોવા છતાં ભારતમાં વરસો સુધી ટકી રહ્યો. કૃષિ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા એક ખરડા દ્વારા ૭૦થી વધુ દેશોમાં પ્રતિબંધિત આ કેમિકલ પર દેશવ્યાપી પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.કેન્દ્ર સરકારે એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડીને જીવલેણ હર્બીસાઈડ પેરાક્વેટ પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધો છે. હકીકત તો એ છે કે જો આ પેરાક્વેટ ઝેરી હતું તો સરકારે શા માટે પ્રતિબંધ મૂકતા આટલી વાર લગાડી? ટોક્સિકોલોજિસ્ટ્સ, ડૉક્ટરો અને કૃષિ નિષ્ણાતો કહી રહ્યા છે.

# આકાશ માંથી વિહરતા નારદજી ના રાતે લાઇવ દર્શન કર્યા પણ...

આકાશ માંથી વિહરતા નારદજી ના રાતે લાઈવ દર્શન કર્યા પણ વાતચીત કંઇ ન થઈ એ સ્માર્ટ મોબાઇલ પર કોઈની સાથે "રથ યાત્રા" ની તૈયારીઓ બાબતે વાતો માં વ્યસ્ત હતા. મને નારદજી ના હાવભાવ પર થી લાગ્યું કે ગુજરાત માં મુખ્ય મંત્રી દ્વારા થતી પહિંદ વિધિ મતલબ સોનાની સાવરણી થી રથ વાળવા ની વિધિ એ આ વર્ષે ઉપ મુખ્ય મંત્રી કરવાના લાગે છે. હમ.."નિવૃત" તો એક ના એક દિવસ બધાને થવું જ પડતું હોય છે પણ રાજકારણ એક એવી કેરિયર છે કે જેમાં નિવૃતિ બાદ પણ ધન ધના ધન ના જોરે ઈચ્છો એ બધુય કરી શકાય.. પહેલા ના સમય માં બુઝુર્ગો પેન્શન ના લીધે નિવૃતિ નો મસ્ત આનંદ માણી શકતા હતા પણ ભારત ને વિકાસ ના માર્ગે આગળ વધારવા પેન્શન યોજના નું બલિદાન આપ્યા બાદ અત્યાર ના બુઝુર્ગો ના મનમાં "નિવૃતિ બાદ શું? મૂંઝવતો ખાસ પ્રશ્ન છે.જય મંગલ સોસાયટી ના હર્યાભર્યા બગીચા ના બાકડા આખો સવાર થી લઈને રાત સુધી વ્યસ્ત હોય છે. નિવૃતિ એ ગાર્ડન ના બાકડા પર કબજો જમાવી દીધો છે.વડીલો ને યુવાનીના દિવસો માં ઘરના માટે સમય નહતો ને નિવૃત્તિ બાદ ઘરના ને એના માટે સમય નથી. ગાંઠિયા ખૂબ ભાવે પણ પચતા નથી ને દૂરથી જલેબી ના દર્શન કરી ને સંતોષ માણવા પડે છે.કદાચ ભવિષ્ય માં ગાર્ડન નું આ દશ્ય દૂરબીન લઈને શોધતા પણ મળશે નહી,કેમ? 'નવરા નવરા નખોદ વાળે' આ કહેવત ખોટી નથી પડી સાચું જો તમારે આ કહેવત નો અર્થ સમજવો હોય તો બપોર ના સમય માં ભરાતા બૈરા મંડળ ના ઓટલા પરિષદ માં ભરતી થઈ જાવ મજા ની મજા ને મસાલા નો ભરપૂર આનંદ.પુત્રવધૂઓ કામકાજી મહિલા ઓ એટલે પંચાત રસ ની સાસુ ચટણી મોબાઈલ ફોન પર વાટે. પતિદેવ નું આઉટ ગોઈંગ થયું એ ભેગા ૧૨ થી ૫ ના સમયમાં 'આમી જે તોહર' મતલબ મંજુલિકા ના ફોર્મેટ માં ફેરવાઈ જાય છે.જય મંગલ સોસાયટી ના નિવાસી શાંતિ ને જાજુ ટકવું ગમતું નથી ને અશાંતિ ને પંચાત રસ માં મજા વધારે આવે. પુરુષો ની સરખામણી માં સ્ત્રીઓને જીવન અંત સુધી નિવૃતિ મળતી કે આવતી નથી,કેમ?નવી નવી સાસુ બનેલી સ્ત્રીને નજીક ના લોકોની સલાહ વહુ ની લગામ કસી ને રાખજે નહિતર માથે ચડી જશે.આ સલાહ માં પરણી ને સાસરે આવેલ વહુ ને સાસરિયા માં સાસુ માં સુ - પંખા,સસરા ધાર વગર ની તલવાર, નણંદ ધડ માથા વગર નું ફારસ,દિયર અને જેઠ માં મેં ચૂપ રહુંગા,ચક્રવ્યૂહ માં ફસાયેલા પતિ માં બધું હારી ચૂકેલ જુગારી જેવી દશા દેખાય છે.આ કારણોસર એંશી પંચાશી ની ઉંમરે પણ "બાપરે!!મારા સાસરિયાનો ત્રાસ એટલો બધો હતો ને કે મારા પર ગુજરવા માં કંઇ બાકી રાખ્યું નથી.મારી કમસીન કલી વહુ ને મારી જેવી સાસુ મળી હોત ને તો એની બધી હેકડી મિનિટો માં તૂટી જાત.



પંચાત રસ
- રુપાલી દવે

અમારી જય મંગલ સોસાયટી નું ટ્રેડમાર્ક એંશી વર્ષ ના 'શાંતા બા' ડોશી મંડળ ની સભા માં ભમરાઓની પણ બોલતી બંધ કરી દે છે...લે એલા વાત જ એવી હોય સે..પટેલ ભાઈ ની સાસુ ગબ્બર ઉર્ફ ચીકુ બાં અને મહેસાણા ના મોર્ડન એન.આર આઈ શાંતા બા ની દોસ્તી શોલે ફિલ્મ ના જય અને વીરુ જેવી. આમ તો ઓટલા પરિષદ માં ડોશી મંડળ નો મુખ્ય વાત નો વિષય 'વહુ' અને 'જમાઈ' જ હોય છે પણ નવાસવા વિદેશ જઈને આવેલ મોંઘી બા ના મોંઢે થી અમેરિકા ના વખાણ થાકતાં નહતા એટલે

શાંતા બાં ના એ મોંઘી બા ની વાત વચ્ચે થી કાપતા કહ્યું કે એલી!! મોંઘી,શું ક્યારની યુ.એસના ભજન ગાયા કરે છે?ત્યાં કાંઈ મોટા ભલીવાર નથી આપણો દેશ એટલે આપણો દેશ ને આપણી જય મંગલ સોસાયટી ની તોલે કઈ ન આવે.દર વર્ષે પાસપોર્ટ ની લપમાં યુ.એસ જવું પડે છે.

મોંઘી બા એ શાંતા બાં ની વાત સાંભળતા જ કીધું કે ના ના તમે કહો છો એવું સાવ ત્યાં ન મજા આવે એવું નથી. મારા અને તમારા માં ફર્ક એ છે કે હજુ નાનો કુંવારો છે એટલે ત્યાં અત્યારે આપણા ભજનો ચાલે છે એના લગ્ન થયા બાદ એ પણ વહુ નું ચાવી દીધેલું રમકડું બની જવાનો..તમેને બધા ને ખબર તો છે રામ જેવા મારા મોટો ને વહુ એ સાવ ઠંડો ગાર બનાવી દીધો છે..

બન્ને ની વાતો સાંભળીને ચીકુ બાં સહેજ સ્મિત કરતા બોલ્યા કે હા!! સાચી વાત છે.

મોંઘી બા સામુ જોઈને શાંતા બા બોલ્યા કે કહાની ઘર ઘર કી છે મારા નાના ની બાયડી ગોમડાની એટલે સંસ્કાર ની પૂતળી ના નાટકો સારી રીતે ભજવી શકે છે.અમેરિકા એના ઘર માં પ્રવેશું એ ભેગા આરતી કરશે અને બા તમે કેટલા નબળા થઈ ગયા બોલી બોલી ને બોર બોર જેવડા આંસુડાં પાડીને ભેટી પડશે.નાની વહુ ની આંખ માંથી વહેતા વરસાદથી મારો ભોળિયો દીકરો ગજબ નો ભરમાઈ જાય છે.વહુ ના નાટકો માં મારા ભોળિયા નું મોઢું જોવ છું ને ત્યારે મને શંકા જતા મનોમન પૂછું છું કે આને જન્મ મેં જ આપ્યો છે ને?

નાની વહુ ને ત્યાં હોવ ને ત્યારે રસોઈ બનાવવાની ઝંઝટ નથી હોતી એ જ અવનવું બનાવી ને જમાડે છે. નાની બધી રીતે સારી પણ વાત વાત માં પ્રેમના નાટકો કરી ને મારા ભોળિયા દીકરા ને ઈમ્પ્રેસ કરવાની આદત અને દિકરા ની હાજરી માં મારા ચિંતિત છે એવું દેખાડવા સતત રોક ટોક 'બાં,તમે યુ એસમાં છો અમદાવાદ માં નથી ગરમ કપડા પૂરેપૂરા પહેરો'....રેસ્ટોરન્ટ માં પિઝા ખાવા જઈએ ત્યારે પીઝાનો કટકો મોમાં મૂકું એ ભેગા બોલી ઊઠશે 'બાં ધીમેધીમે ચાવીને ખાજો,પીઝા મેંદાનો બને ને ઉપરથી ચીઝ બટર નો ભરપૂર ઉપયોગ હોય છે પેટમાં દુખશે,..'...'ગાર્ડન વગેરેમાં ફરવા જઈએ ને ત્યારે તો નાની વહુ હદ વટાવી દે છે,એક્સ્ટ્રા ધાબળા જેવી શાલ ગરમ કપડા માં ઓઢાડતા બોલશે કે બાં,યુ એસની ઠંડી આકરી હોઈ છે બીમાર પડશો.'...

શાંતા મારું નામ ને અશાંતિ ને ગજવા માં નાખીને ફરું છું એમ નાની વહુના કાવાદાવા થી હારુ એવી નથી.કાંતા અને મોંઘી સાંભળો દીકરાઓને ગજવામાં રાખતા થોડું શીખો.

મંજુ બા એ શશિ બા ના કાન માં ધીમેથી કીધું કે ફાંકા તો એવા મારે છે ને જાણે એના દીકરાઓ એનો પડ્યો બોલ જીલતા હોય..યાદ છે ગયા વર્ષે શાંતા ડોશી બીમાર પડી હતી ત્યારે એની સેવા જય મંગલ સોસાયટી એ ખડે પગે ઊભા રહીને કરી હતી. ભલે આપણા દીકરાઓ વહુ ઘેલા છે પણ છીંક આવે તોય દોડતા થઈ જાય છે..

હા..લે..

આમ જ ડોસી મંડળની પંચાત રસ માં મેથીના ગોટા નું આયોજન બેઠા બેઠા થઈ ગયું...



# કેટરીનાએ ગુલશન ગ્રોવર સાથે 2 કલાક કિસિંગ સીનની પ્રેક્ટિસ કરી

## મહેશ ભટ્ટે ફિલ્મમાંથી કાઢી મૂકી, સલમાને લાફો ઝીંકી દીધો; બી-ગ્રેડ ફિલ્મોથી બોલિવૂડ સુપરસ્ટાર બનવાની સફર

(એજન્સી) મુંબઈ | તા.16

વર્ષ 2000ની આસપાસની વાત છે. આશરે 18 વર્ષની કેટરીના કૈફને અનુરાગ બાસુના ડિરેક્શનમાં બની રહેલી ફિલ્મ 'સાયા' મળી, જેમાં જોન અબ્રાહમ લીડ રોલમાં હતો. લીડ એક્ટ્રેસ તરીકે બોલિવૂડમાં આ તેની પહેલી ફિલ્મ હોત. એક રાત્રે તેને શૂટિંગ પર બોલાવવામાં આવી. ન તો કોઈ ડાયલોગ હતો, ન કોઈ એક્સપ્રેશન, બસ ડમી પાસિંગ શોટ આપવાનો હતો. બીજા દિવસે તેને ફરી બોલાવવામાં આવી, એક સીન શૂટ થયો અને તરત જ પેકઅપ થઈ ગયું. થોડીવાર પછી ત્યાં હાજર પ્રોડ્યુસર મહેશ ભટ્ટે કહ્યું કે, 'આ છોકરીને ફિલ્મમાંથી કાઢી મૂકો.' ટીમે જ્યારે આ વાત તેને જણાવી, ત્યારે તે રડી પડી. તે ધ્રુસકે-ધ્રુસકે રડતાં-રડતાં સેટ પરથી બહાર નીકળી અને વિચાર્યું કે, 'મારું કરિયર અહીં જ પૂરું થઈ ગયું, હું ક્યારેય એક્ટિંગ નહીં કરી શકું.'

કેટરીના માટે આ રિજેક્શન સહન કરવું મુશ્કેલ હતું. હોંગકોંગમાં જન્મેલી કેટરીનાએ માત્ર 14 વર્ષની ઉંમરે મોડેલિંગ શરૂ કર્યું હતું. એક એશિયન મિત્રના કહેવા પર તે ભારત ફરવા આવી હતી, જ્યાં તેને બી-ગ્રેડ ફિલ્મ 'બૂમ' (2003)માં કામ મળી ગયું. આ ફિલ્મ પછી તેને ઘણી ઓફરો મળી હતી, જેના આધારે તેણે બોલિવૂડ એક્ટ્રેસ બનવાનું સપનું જોયું હતું. સાંજે જ્યારે સલમાન મળ્યો, તો કેટરીના તેની સામે પણ રડી પડી. આ જોઈને સલમાન હસવા લાગ્યો.

કેટરીના ચીઢાઈને બોલી- 'મને મારી પહેલી ફિલ્મમાંથી કાઢી મૂકવામાં આવી છે, મારી જિંદગી બરબાદ થઈ ગઈ છે અને તું હસી રહ્યો છે.'

સલમાને જોરથી હસતાં હસતાં કહ્યું- 'આનાથી કંઈ નહીં થાય, હું જાણું છું કે તું બહુ આગળ જવાની છે. આ બધું થશે, મારી પાસે અત્યારે કોઈ જવાબ નથી, પણ તું પોતે જોઈશ કે તું કેટલી આગળ વધીશ.'

તે દિવસે સલમાને કહેલી વાત ખરેખર સાચી સાબિત થઈ. જે ફિલ્મ 'સાયા' માંથી કેટરીનાને કાઢી મૂકવામાં આવી હતી, તે ફ્લોપ થઈ ગઈ અને વર્ષ 2005માં કેટરીનાની એક નહીં પણ બે મોટી ફિલ્મો રિલીઝ થઈ. પહેલી ફિલ્મ અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન સાથેની 'સરકાર રાજ' હતી અને બીજી બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાન સાથેની 'મૈંને પ્યાર ક્યૂં કિયા'. આ ફિલ્મમાં પોતાની સુંદરતા અને ચાર્મથી કેટરીના દેશભરમાં પોપ્યુલર થઈ ગઈ. તેના ગીતો બ્લોકબસ્ટર હિટ રહ્યા અને ટૂંક સમયમાં જ તેનું નામ બોલિવૂડની ટોપ એક્ટ્રેસિસમાં સામેલ થઈ ગયું. સંયોગ એવો પણ રહ્યો કે, જે અનુરાગ બાસુની ફિલ્મમાંથી તેમને કાઢી મૂકવામાં આવી હતી, તે જ અનુરાગે જ્યારે 'બર્ફી' જેવી મોટી ફિલ્મ બનાવવાનું શરૂ કર્યું, ત્યારે સૌથી પહેલા તેમના મનમાં કેટરીનાનો જ વિચાર આવ્યો હતો. આજે કેટરીના કૈફ 43 વર્ષની થઈ ચૂકી છે. તેના જન્મદિવસના ખાસ અવસર પર જાણો, તેની જિંદગી સાથે જોડાયેલી રસપ્રદ વાતો-

16 જુલાઈ 1983ના રોજ હોંગકોંગમાં કેટરીના કૈફનો જન્મ થયો હતો. તે એક ભાઈ અને 6 બહેનોમાં વચલી હતી. તેની માતા સુઝેન વિદેશી હતાં અને પિતા કાશ્મીરી. કેટરીના હજી નાની હતી, ત્યારે જ પિતા તેની માતા અને 7 બાળકોને છોડીને જતા રહ્યા હતા. ગુજરાન ચલાવવા માટે તેની માતા ક્યારેક ચાઈના તો ક્યારેક જાપાન જતાં. ક્યારેક બોટ દ્વારા બાળકોને ફ્રાન્સ લઈ જતા, તો ક્યારેક સ્વિટ્ઝર્લેન્ડ, પોલેન્ડ, બેલ્જિયમ, હવાઈ અને લંડન. વારંવાર શહેરો બદલવાના કારણે તેની સ્કૂલિંગ બરાબર થઈ શકી નહીં. ઘરમાં જ કેટલાક ટ્યુટર આવતા, જે તમામ ભાઈ-બહેનોને સાથે ભણાવતા હતા.

કેટરીના માત્ર 14 વર્ષની હતી, જ્યારે તે એક બ્યુટી કોન્ટેસ્ટની વિજેતા બની, ત્યાર પછી તેને સતત જ્વેલરી એડ અને મોડેલિંગની ઓફરો મળવા લાગી. પોતાના હુનરના દમ પર તે 'લંડન ફેશન વીક'ની મોડેલ બની. અહીં તેની મુલાકાત એક એશિયન છોકરી સાથે થઈ, જે તેની સાથે જ મોડેલિંગ કરતી હતી. તે છોકરીએ એક દિવસ કેટરીનાને કહ્યું કે, તેણે ક્યારેક ભારત ફરવા જવું જોઈએ. કેટરીનાએ સમય મળતાં જ ભારતની ટિકિટ બુક કરાવી લીધી.

એક દિવસ તે પોતાની બહેનપણી સાથે એક ફેશન શો જોવા પહોંચી. અહીં લંડનના ફિલ્મમેકર કૈઝાદ ગુસ્તાદની નજર તેના પર પડી. કૈઝાદે તેને હિન્દી-ઈંગ્લિશ ફિલ્મ 'બૂમ' ઓફર કરી દીધી. આ એક બી-ગ્રેડ ફિલ્મ હતી, જેમાં અમિતાભ બચ્ચન, ગુલશન ગ્રોવર, જેકી શ્રોફ જેવા મોટા ચહેરાઓ હતા. આ ફિલ્મના પ્રોડ્યુસર જેકી શ્રોફ અને તેમની પત્ની આયેશા હતા, જેમણે આમાં પોતાની તમામ બચત લગાવી દીધી હતી અને ઘણું દેવું પણ કર્યું હતું. ફિલ્મમાં કેટરીનાને એક એવી મોડેલનું પાત્ર મળ્યું હતું, જે ડાયમંડ સ્મગલિંગમાં ફસાય છે. ફિલ્મના એક સીન માટે કેટરીના કૈફે ગુલશન ગ્રોવર સાથે બોલ્ડ કિસિંગ સીન આપવાનો હતો, તે પણ અમિતાભ બચ્ચનની હાજરીમાં. ડિરેક્ટર કૈઝાદે ગુલશનને સુઝાવ આપ્યો કે, ફાઈનલ શોટ પહેલા તેણે પ્રેક્ટિસ કરી લેવી જોઈએ. કેટરીના નવી હતી, તેથી ગુલશન ગ્રોવરે બધાની સામે શરમજનક સ્થિતિથી બચવા માટે કેટરીના સાથે એક બંધ રૂમમાં 2 કલાક સુધી કિસિંગ સીનની પ્રેક્ટિસ કરી હતી.

# 'દિલ તૂટવા પર આમિરને રડતા જોયો છે'

## મિત્ર અમીનનો ખુલાસો; 'ટ્રોલર્સ નથી જાણતા કે તે દરેક સંબંધ જવાબદારીપૂર્વક નિભાવે છે'

(એજન્સી) મુંબઈ | તા.16

બોલિવૂડ એક્ટર આમિર ખાને 5 જુલાઈએ ગૌરી સ્પ્રેટ સાથે ત્રીજા લગ્ન કર્યા છે. આ લગ્ન પછી તેને સોશિયલ મીડિયા પર ખૂબ ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. હવે આમિરના નજીકના મિત્ર અમીન હાજી તેના બચાવમાં આવ્યા છે. અમીન હાજીએ રેડિફને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે આમિર લગ્નનો ખૂબ આદર કરે છે અને તેણે હંમેશા પોતાના જૂના પરિવાર અને બાળકોની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી છે.

અમીને કહ્યું કે તેણે દિલ તૂટવા પર આમિરને રડતા જોયો છે. આમિરની અંગત જિંદગીની મજાક ઉડાવે છે, પરંતુ તે જાણતા નથી કે આમિર કેટલા પ્રામાણિક અને ભાવુક વ્યક્તિ છે.

અમીન હાજીએ જણાવ્યું કે તેઓ આમિર ખાનને છેલ્લા 35 વર્ષથી ઓળખે છે. અમીને કહ્યું કે આમિર હંમેશા લગ્નના સંબંધને ગરિમા આપતા આવ્યા છે. ઘણા લોકો એક સંબંધ તૂટ્યા પછી નિરાશ થઈ જાય છે, પરંતુ આમિર એવા નથી. લોકો અવારનવાર તેમની પર્સનલ લાઈફ વિશે વાતો કરે છે, પરંતુ તે એ નથી જોતા કે તે કેટલા ઈમાનદાર રહ્યા છે. જીવનમાં આગળ વધ્યા પછી પણ તેણે હંમેશા પોતાના પાછલા પરિવાર અને બાળકોનું પૂરું ધ્યાન રાખ્યું છે. બહુ ઓછા લોકો આ વાત સ્વીકારે છે. આમિરને એક અત્યંત ભાવુક વ્યક્તિ ગણાવતા અમીને કહ્યું કે તેણે આમિરને દિલ તૂટ્યા પછી વિખેરાઈ જતા જોયા છે. તે કહે છે કે લોકો ઘણા વર્ષો પછી ફરીથી પ્રેમ મળવા પર મજાક ઉડાવે છે, પરંતુ 15 વર્ષનો સમય ખૂબ લાંબો હોય છે. મેં તેને રડતા જોયા છે. બહારથી સંબંધો જેટલા સરળ લાગે છે, તેટલા હોતા નથી.




**આમિરે 5 જુલાઈએ ત્રીજા લગ્ન કર્યા હતા** બોલિવૂડનો 'મિસ્ટર પરફેક્શનિસ્ટ' આમિર ખાન હાલમાં ત્રીજા લગ્નના કારણે ચર્ચામાં છે. 61 વર્ષના એક્ટરે 25 વર્ષ જૂની મિત્ર ગૌરી સ્પ્રેટ સાથે રજિસ્ટર મેરેજ કર્યા છે. તેવામાં સોશિયલ મીડિયા પર આમિર ખાનને લવ જેહાદનો બ્રાન્ડ એમ્બેસેડર કહેવામાં આવી રહ્યો છે. વિવાદ વધતા આમિરે આ આરોપો પર સ્પષ્ટતા કરી છે.

જ્યારે કોઈ લગ્ન તૂટે છે, ત્યારે તેના માટે કોઈ એક વ્યક્તિને જવાબદાર ઠેરવવું યોગ્ય નથી. આમિર ખાને સોશિયલ મીડિયા પર લવ જેહાદના બ્રાન્ડ એમ્બેસેડર કહેવા પર પોતે પણ સ્પષ્ટતા કરી છે. વેબસાઈટ રેડિફ સાથેની વાતચીતમાં આમિરે કહ્યું- મારા ત્રણેય લગ્નમાં કોઈ પણ પત્નીએ ધર્મ પરિવર્તન કર્યું નથી, કારણ કે લગ્ન સિવિલ મેરેજ હતા. ત્રીજી પત્ની ગૌરી હિંદુ નથી પણ ખ્રિસ્તી છે. આમિરે કહ્યું- મારી દીકરી ઈરાના લગ્ન એક હિંદુ સાથે થયા છે. મારી બંને બહેનો નિખત ખાન અને ફરહત ખાનના પતિ પણ હિંદુ છે. કઝિન મન્સૂરના લગ્ન એક ખ્રિસ્તી સાથે થયા છે.

# 'તે ખૂબ સારો માણસ છે'

## પતિ ઝૈદ સામે ગૌહર ખાને કર્યા હતા એક્સ બોયફ્રેન્ડ કુશાલ ટંડનના વખાણ



(એજન્સી) મુંબઈ | તા.16

ઝૈદ દરબારે તાજેતરમાં જણાવ્યું કે રિયાલિટી શો 'એલાયન્સ'માં આવતા પહેલાં તેની પત્ની ગૌહર ખાને પૂર્વ બોયફ્રેન્ડ કુશાલ ટંડનની પ્રશંસા કરતા તેને સારો માણસ ગણાવ્યો હતો. આ વાતચીત શો દરમિયાન સોહેલ ખાનની સામે થઈ, જ્યાં ઝૈદ અને કુશાલે તેમના જૂના સંબંધો પર વાત કરી.

શો 'એલાયન્સ'માં આ દિવસોમાં ઝૈદ દરબાર અને કુશાલ ટંડન એક જ ટીમનો ભાગ છે. ગૌહર અને કુશાલના જૂના સંબંધોને જોતા દર્શકોને બંને વચ્ચે તણાવની અપેક્ષા હતી, પરંતુ શોમાં બંને વચ્ચે સારી મિત્રતા જોવા મળી રહી છે.

શો દરમિયાન સોહેલની સામે વાતચીતમાં ઝૈદે કુશાલને કહ્યું કે શરૂઆતમાં બંને વચ્ચે લડાઈ થઈ શકતી હતી, પરંતુ સમજદારીએ આવું થવા દીધું નહીં. આના પર કુશાલે જણાવ્યું કે એક સમયે તે એ જ છોકરીને પ્રેમ કરતો હતો, જેની સાથે આજે ઝૈદના લગ્ન થયા છે.

જેના પર ઝૈદે કહ્યું કે- અમારા સંબંધો આજે પણ સારા છે કારણ કે અમે બંને પરિપક્વ છીએ. તે વાતને 15 વર્ષ થઈ ગયા છે. હવે મારે બે બાળકો છે. મારી પત્નીએ મને ફક્ત એક જ વાત કહી કે તે ખૂબ સારા માણસ છે. મને મારી પત્ની પર પૂરો અને અતૂટ વિશ્વાસ છે. ઝૈદે જણાવ્યું કે તે શરૂઆતમાં કુશાલને મળવાને લઈને થોડા નર્વસ હતા. જોકે, પહેલી મુલાકાતમાં કુશાલે તેમને ગળે લગાડીને સહજતા અનુભવી કરાવી.

ગૌહર ખાન અને કુશાલ ટંડનની મુલાકાત 2013માં શો 'બિગ બોસ 7' દરમિયાન થઈ હતી. બંનેએ થોડા સમય સુધી એકબીજાને ડેટ કર્યા, પરંતુ 2014માં તેમનું બ્રેકઅપ થઈ ગયું.

બાદમાં ગૌહર ઝૈદ દરબાર સાથે રિલેશનશિપમાં આવી. બંનેએ 25 ડિસેમ્બર 2020ના રોજ નિકાહ કર્યા. મે 2023માં તેમના પહેલા પુત્ર જેહાનનો જન્મ થયો. જ્યારે, સપ્ટેમ્બર 2025માં બીજા પુત્ર ફરવાનનો જન્મ થયો. ગૌહરે પોતાના કરિયરની શરૂઆત એક મોડેલ તરીકે કરી હતી. તે ફેમિના મિસ ઈન્ડિયા 2002માં ચોથા સ્થાને રહી હતી અને મિસ ટેલેન્ટેડનો ખિતાબ જીત્યો હતો. તેમણે 'રોકેટ સિંહ: સેલ્સમેન ઓફ ધ યર' (2009)થી એક્ટિંગમાં ડેબ્યૂ કર્યું. આ પછી તે 'ઈશ્કઝાદે' (2012) અને 'બદ્રીનાથ કી દુલ્હનિયા' (2017) જેવી ફિલ્મોમાં જોવા મળી.

# સેન્સર સર્ટિ. વગર જ સતલુજનું સ્ક્રીનિંગ થતા સરકાર આકરા પગલાની તૈયારીમાં

(એજન્સી) મુંબઈ | તા.16

દિલજીત દોસાંજની વિવાદાસ્પદ ફિલ્મ 'સતલુજ'નું સેન્સર સર્ટિફિકેટ વગર જ સ્ક્રીનિંગ થતાં કેન્દ્ર સરકાર લાલઘૂમ છે. પંજાબમાં ખાલિસ્તાનીઓની આડમાં નિર્દોષ નાગરિકો પર અત્યાચાર દર્શાવતી આ ફિલ્મ દેશ વિરોધી તત્વો દ્વારા દુરૂપયોગ થઈ શકે તેવી ભીતિ છે. ZEE-5 વિરુદ્ધ કાર્યવાહી અને OTT પર CBFC સર્ટિફિકેટ ફરજિયાત કરવા IT નિયમોમાં ફેરફાર વિચારાઈ રહ્યા છે.

જાણિતા સિંગર અને અભિનેતા દિલજીત દોસાંજની વિવાદિત ફિલ્મ સતલુજનું સેન્સર સર્ટિફિકેટ વગર જ સ્ક્રીનિંગ કરી દેવામાં આવ્યું છે. એવામાં ગમે ત્યારે રાજ્ય સરકારોને કેન્દ્ર સરકાર આ ફિલ્મનું સ્ક્રીનિંગ રોકવા આદેશ આપી શકે છે. આ સાથે જ ફિલ્મને સર્ટિફિકેટ વગર જ સ્ટ્રીમ કરનાર ઇંટરમીડિયરી એટલે કે ઝી-૫ વિરુદ્ધ પણ કાર્યવાહી કરવાનું કેન્દ્ર સરકાર વિચારી રહી હોવાના અહેવાલો છે. ઓટીટી પર ફિલ્મો કે કોન્ટેન્ટ સ્ટ્રીમ કરતા પહેલા સીબીએફસી સેન્સર બોર્ડનું સર્ટિફિકેટ લેવુ ફરજિયાત કરવા અંગે પણ વિચારણા ચાલી રહી છે જે માટે આઈટી નિયમોમાં ફેરફાર કરવામાં આવી શકે છે. દિલજીતની ફિલ્મ પર પ્રતિબંધ મુકાયો છે. પંજાબમાં ખાલિસ્તાનીઓની આડમાં નિર્દોશ નાગરિકો પર પોલીસ દ્વારા ખુબ અત્યાચાર થયો હોવાનો દાવો આ ફિલ્મમાં કરવામાં આવ્યો છે. ફિલ્મના કેટલાક દ્રશ્યોનો દેશ વિરોધી તત્વો ઉપયોગ કરી શકે છે તેવી ભીતિ વચ્ચે તેના પર પ્રતિબંધ મુકી દેવાયો છે. જોકે તેમ છતા તેનું અનેક જગ્યાએ સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે.

# જાપાનમાં ધુરંધર સુપરફ્લોપ, પહેલા દિવસે ફક્ત 900 દર્શકો જોવા મળ્યાં

મુંબઈ: દુનિયાભરમાં બોક્સ ઓફિસ પર સફળતાના વાવટાં લહેરાવનારી આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર' જાપાનમાં સુપરફ્લોપ નીવડી છે. જોરશોરથી પ્રમોશન કરી જાપાનમાં ૮૦ સ્ક્રિન્સ પર આ ફિલ્મને મોટાપાયે રજૂ કરવામાં આવી હતી. પણ દસ જુલાઈએ રજૂ થયેલી આ ફિલ્મને પહેલાં દિવસે ૯૦૦ દર્શકો પણ માંડ મળ્યા હતા.

જાપાનમાં સૌથી નબળું ઓપનિંગ કરનારી ભારતીય ફિલ્મોમાં હવે તેનો સમાવેશ થાય છે. ફિલ્મ જાપાનમાં પહેલાં દિવસે ટોપ ભારતીય પચ્ચીસ ફિલ્મોમાં પણ તેનું સ્થાન મેળવી શકી નહોતી. ફિલ્મને જાપાનીમાં ડબ કરીને નહીં પણ જાપાની સબટાઈટલ્સ સાથે રજૂ કરવામાં આવી હતી.

ડિસેમ્બર ૨૦૨૫માં ભારતમાં રજૂ થયેલી 'ધુરંધર' અને માર્ચ ૨૦૨૬માં રજૂ થયેલી તેની સિક્વલ 'ધુરંધરઃ ધ રિવેન્જ' એમ બંને ફિલ્મોએ દુનિયાભરમાં બોક્સ ઓફિસ પર ૩૦૦૦ કરોડ રૂપિયા કરતાં વધારે કમાણી કરી હતી. આ સ્પાય થ્રીલરનો જાદુ જાપાનમાં ચાલ્યો નથી. ફિલ્મના હીરો રણવીરસિંહે સ્પેશ્યલ વિડિયો મેસેજ રેકોર્ડ કરી તેને સૌથી મોટી ભારતીય ફિલ્મ ગણાવી હતી.

# 'મેં વાપસ આઉંગા'ની સક્સેસ પાર્ટી

## બોબી દેઓલ, અનન્યા પાંડે-દિયા મિર્ઝા સહિત અનેક સેલેબ્સ પહોંચ્યા; ઈમ્તિયાઝ અલીની ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ











(એજન્સી) મુંબઈ | તા.16

ઈમ્તિયાઝ અલીના ડિરેક્શનમાં બનેલી ફિલ્મ 'મેં વાપસ આઉંગા'ની ગઈકાલે રાત્રે મુંબઈમાં સક્સેસ પાર્ટી રાખવામાં આવી હતી. ફિલ્મના સફળતાની ઉજવણી કરવા માટે પાર્ટીમાં બોબી દેઓલ, અનન્યા પાંડે અને દિયા મિર્ઝા સહિત બોલિવૂડના ઘણા મોટા સ્ટાર્સ પહોંચ્યા હતા.

આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મે રિલીઝના 33 દિવસમાં 62.61 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કરી લીધું છે. આ રીતે આ ઈમ્તિયાઝ અલીના કરિયરની ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. પાર્ટીમાં એક્ટર બોબી દેઓલ પોતાની ખાસ અંદાજમાં થમ્સ-અપ કરતા પાપારાઝીને પોઝ આપતા જોવા મળ્યા. જ્યારે અનન્યા પાંડે સફેદ રંગના ડ્રેસમાં ખૂબ જ સાદા અને સુંદર લુકમાં જોવા મળી.

ફિલ્મના ડિરેક્ટર ઈમ્તિયાઝ અલીએ હાથ જોડીને મીડિયાનું અભિવાદન કર્યું. આ ઉપરાંત દિયા મિર્ઝા, દિવ્યા દત્તા, કબીર ખાન અને ગજરાજ રાવ જેવા કલાકારો પણ ટીમને અભિનંદન આપવા પહોંચ્યા. ફિલ્મના લીડ એક્ટર વેદાંગ રૈના પણ આ પાર્ટીનો ભાગ બન્યા.

બોક્સ ઓફિસ ટ્રેકર કોઈમોઈના રિપોર્ટ અનુસાર, 'મેં વાપસ આઉંગા' એ કમાણીના મામલે ઈમ્તિયાઝ અલીની જ ફિલ્મ 'જબ હેરી મેટ સેજલ'ને પાછળ છોડી દીધી છે. 'જબ હેરી મેટ સેજલ' એ કુલ 62.5 કરોડ રૂપિયા કમાયા હતા, જ્યારે 'મેં વાપસ આઉંગા' 62.61 કરોડ રૂપિયાનું કલેક્શન કરીને ત્રીજા નંબર પર આવી ગઈ છે. ઈમ્તિયાઝ અલીના કરિયરની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાં હજુ પણ 67 કરોડ રૂપિયા સાથે 'લવ આજ કલ' પહેલા નંબર પર અને 65.5 કરોડ રૂપિયા સાથે 'તમાશા' બીજા નંબર પર યથાવત છે.



### 70 કરોડના બજેટવાળી ફિલ્મે શાનદાર રિકવરી કરી

રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મનું કુલ બજેટ 70 કરોડ રૂપિયા હતું. ફિલ્મે અત્યાર સુધીમાં પોતાના બજેટનો લગભગ 89.44 ટકા હિસ્સો વસૂલ કરી લીધો છે. ફિલ્મની કમાણીમાં સતત મજબૂતી જોવા મળી રહી છે. તેણે પોતાના 32મા દિવસે 22 લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જ્યારે 33મા દિવસે તેની કમાણીમાં વધારો નોંધાયો અને ફિલ્મે 27 લાખ રૂપિયાનું કલેક્શન કર્યું. ફિલ્મમાં દિલજીત દોસાંઝ, વેદાંગ રૈના અને શર્વરી વાઘ લીડ રોલમાં છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

### કેન્ડિડેટ્સની નિષ્ફળતા બાદ ફોર્મમાં સુધારો

## ચેસ ખેલાડી નોદિરબેક અબ્દુસત્તોરોવનો મોટો ખુલાસો



(એજન્સી) ચેન્નઈ । તા. 16

ઉઝબેકિસ્તાનના જાણીતા ગ્રાન્ડમાસ્ટર નોદિરબેક અબ્દુસત્તોરોવ હાલમાં ચેન્નઈ ગ્રાન્ડ માસ્ટર્સ સ્પર્ધામાં ભાગ લેવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. પોતાની કારકિર્દીના શ્રેષ્ઠ ફોર્મમાં ચાલી રહેલા નોદિરબેકે એક ખાસ વાતચીતમાં પોતાની સફળતા પાછળનું રહસ્ય જણાવ્યું છે. તેમના મતે, કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થવાના સતત દબાણમાંથી મુક્તિ મેળવ્યા બાદ જ તેમની રમતનું સ્તર ઊંચું આવ્યું છે.

મીડિયા અહેવાલ મુજબ, વર્ષ 2025 નોદિરબેક માટે માનસિક રીતે ખૂબ જ પડકારજનક રહ્યો હતો. તે સતત કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટમાં પહોંચવા માટે ગણતરીઓ કરી રહ્યા હતા, જેની અસર તેમના પ્રદર્શન પર પડતી હતી. વર્લ્ડ કપમાં ક્વોલિફાય ન થઈ શક્યા પછી જ્યારે તેમણે પરિણામોની ચિંતા કરવાનું છોડી દીધું, ત્યારે તેમની રમત અને પરિણામોમાં ધરખમ સુધારો જોવા મળ્યો હતો. પરિણામે તેમણે લંડન ચેસ ક્લાસિક, ટાટા સ્ટીલ માસ્ટર્સ અને પ્રાગ માસ્ટર્સ જેવા મોટા ખિતાબ પોતાના નામે કર્યા હતા.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ગત સપ્ટેમ્બરમાં નોદિરબેકે પોતાના કોચિંગમાં પણ ફેરફાર કર્યો છે. નવી ટીમ સાથેના જોડાણથી તેમને રમતમાં વધુ સ્થિરતા મળી છે, ખાસ કરીને જ્યારે રમત મુશ્કેલ સ્થિતિમાં હોય ત્યારે તેઓ વધુ મજબૂત રીતે લડી શકે છે. ચેન્નઈમાં યોજાનારી સ્પર્ધા ટૂંકી હોવાથી તેમણે હવે વધુ સાવચેતીને બદલે વધુ હિંમતભેર રમત રમવાનું નક્કી કર્યું છે. મેગ્નસ કાર્લસન જેવી હસ્તીઓ પાસેથી પ્રેરણા લઈને તેઓ હવે જોખમ લેતા શીખ્યા છે.

નોદિરબેક માટે ચેન્નઈની આ મુલાકાત ખાસ યાદો લઈને આવી છે. વર્ષ 2022માં તેમની આગેવાની હેઠળ ઉઝબેકિસ્તાને ઓલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. હવે આગામી દિવસોમાં સમરકંદમાં યોજાનારા ઓલિમ્પિયાડમાં પોતાની ટીમને ફરીથી ચેમ્પિયન બનાવવા માટે તેઓ સજ્જ છે. પોતાના સાથી ખેલાડીઓ સાથે તેમણે સઘન તાલીમ શિબિરો પણ યોજી છે. દેશની અપેક્ષાઓનું દબાણ હોવા છતાં, તે અને તેમની ટીમ આ પડકારને ઝીલવા માટે પૂરી રીતે તૈયાર છે. આ સાથે જ તેઓ વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે પોતાના મિત્ર જવોહિર સિંદારોવને તૈયારીઓમાં મદદ કરવાની પણ યોજના ધરાવે છે.

### ફિફા વર્લ્ડ કપમાં મેસીએ બનાવ્યો નવો રેકોર્ડ, ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી આર્જેન્ટિના ફાઇનલમાં પહોંચ્યું

# લિયોનેલ મેસીએ ફિફા વર્લ્ડ કપમાં રચ્યો ઈતિહાસ

(એજન્સી) અમદાવાદ । તા. 16

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ના રોમાંચક સેમિફાઇનલ મુકાબલામાં લિયોનેલ મેસીના જાદુઈ પ્રદર્શનની મદદથી આર્જેન્ટિનાએ ઈંગ્લેન્ડને ૨-૧ થી પરાજય આપી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ જીત સાથે આર્જેન્ટિનાએ ખિતાબી મુકાબલામાં પોતાની દાવેદારી મજબૂત કરી છે. મેચમાં કેપ્ટન લિયોનેલ મેસીએ બે આસિસ્ટ કરીને ફૂટબોલ જગતના ઈતિહાસમાં એક એવો વિક્રમ સ્થાપ્યો છે, જ્યાં સુધી પહોંચવું અન્ય કોઈ ખેલાડી માટે હાલ પૂરતું અશક્ય જણાય છે.





### મેસીનો રેકોર્ડ તોડ પ્રદર્શન

આ જીત સાથે મેસીના નામે વર્લ્ડ કપમાં કુલ ૧૨ આસિસ્ટ થઈ ગયા છે. સૌથી મહત્વની વાત એ છે કે, આમાંથી ૧૦ આસિસ્ટ તેણે ટૂર્નામેન્ટના નોકઆઉટ રાઉન્ડમાં કર્યા છે. ફૂટબોલના આંકડાશાસ્ત્ર મુજબ, વર્લ્ડ કપના ઈતિહાસમાં નોકઆઉટ તબક્કામાં ૧૦ આસિસ્ટ કરનાર મેસી વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે. અન્ય કોઈ પણ દિગ્ગજ ખેલાડી અત્યાર સુધી ૮ થી વધુ આસિસ્ટ નોંધાવી શક્યો નથી, જે મેસીની સર્વોપરિતા સાબિત કરે છે. મેચની શરૂઆત ઈંગ્લેન્ડના પ્રભુત્વ સાથે થઈ હતી. પ્રથમ હાફમાં બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી, પરંતુ કોઈ ગોલ કરી શક્યું નહોતું. બીજા હાફમાં ૫૫મી મિનિટે એન્થની ગોર્ડનના જોરદાર ગોલથી ઈંગ્લેન્ડે ૧-૦ ની સરસાઈ મેળવી લીધી હતી. આર્જેન્ટિના મુશ્કેલીમાં હતું અને ફાઈનલની આશા ધૂંધળી જણાતી હતી. જોકે, છેલ્લી સાત મિનિટમાં રમતનો પાસો પલટાઈ ગયો હતો. મેસીએ પોતાના અનુભવનો ઉપયોગ કરી રમતની ગતિ બદલી નાખી હતી.

### અંતિમ મિનિટોમાં આર્જેન્ટિનાની વાપસી

મેચની ૮૫મી મિનિટે મેસીએ એવો પાસ આપ્યો જેનો લાભ લઈને એન્ઝો ફર્નાન્ડીઝે ગોલ કરીને સ્કોર ૧-૧ થી બરાબર કર્યો. ત્યારબાદ ઈન્જરી ટાઈમમાં મેસીએ વધુ એક શાનદાર પાસ આપ્યો, જેને લાઉતારો માર્ટિનેઝે હેડર વડે ગોલમાં ફેરવીને આર્જેન્ટિનાને ૨-૧ થી ઐતિહાસિક જીત અપાવી. ઈંગ્લેન્ડે સ્કોર બરાબર કરવાના ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ આર્જેન્ટિનાની મજબૂત ડિફેન્સ લાઈન સામે તેઓ નિષ્ફળ રહ્યા હતા.

ફાઈનલમાં હવે આર્જેન્ટિનાની ટક્કર સ્પેન સામે થશે. સ્પેને સેમિફાઈનલમાં ફ્રાન્સને ૨-૦ થી હરાવીને પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું છે. આર્જેન્ટિના અને સ્પેન વચ્ચેની ફાઈનલ મેચ ફૂટબોલ પ્રેમીઓ માટે અત્યંત રોમાંચક બની રહેશે, કારણ કે બંને ટીમો શાનદાર ફોર્મમાં છે. આર્જેન્ટિનાના ચાહકો હવે મેસીના નેતૃત્વમાં વર્લ્ડ કપ ટ્રોફી જીતવાની આશા રાખી રહ્યા છે.

# ભારત ઈંગ્લેન્ડ વનડે મેચના સમયમાં મોટો ફેરફાર, શુભમન ગિલની ફિટનેસ પર સસ્પેન્સ

(એજન્સી) કાર્ડિફ । તા. 16

ટી-20 શ્રેણીમાં હારનો સામનો કર્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ વનડે શ્રેણીમાં શાનદાર લયમાં જોવા મળી રહી છે. પ્રથમ મેચમાં ઈંગ્લેન્ડને 6 વિકેટે પરાસ્ત કરીને ભારતે શ્રેણીમાં 1-0ની મહત્વપૂર્ણ લીડ મેળવી લીધી છે. હવે ગુરુવારે કાર્ડિફના મેદાન પર બીજી વનડે રમાશે, જેમાં ભારત 2-0થી અજેય સરસાઈ મેળવવાના લક્ષ્ય સાથે મેદાને ઉતરશે. ખાસ કરીને આ મેચના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જે હવે ભારતીય સમયાનુસાર સાંજે 5:30 વાગ્યે શરૂ થશે.

મીડિયા અહેવાલ મુજબ, પ્રથમ વનડેમાં 40 રનની આકર્ષક ઈનિંગ રમનાર કેપ્ટન શુભમન ગિલ સ્નાયુઓના ખેંચાણની સમસ્યાથી પીડાઈ રહ્યો છે. ગિલની ફિટનેસને લઈને ટીમ મેનેજમેન્ટ અત્યંત સાવધ છે અને કોઈ પણ પ્રકારનું જોખમ લેવા માંગતું નથી. બીજી તરફ, પૂર્વ કેપ્ટન રોહિત શર્માના ફોર્મ પર સૌની નજર ટકેલી છે. કપ્તાનીની જવાબદારીમાંથી મુક્ત થયા બાદ તેમની બેટિંગ શૈલીમાં બદલાવ આવ્યો છે, પરંતુ મોટી ઈનિંગ રમવાનું દબાણ તેમના પર ચોક્કસપણે રહેશે.

### મધ્યમ ક્રમ પર નિર્ભરતા





સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, પ્રથમ મેચમાં ટોપ ઓર્ડરની નિષ્ફળતા બાદ અક્ષર પટેલ અને વાશિંગ્ટન સુંદરની અણનમ અડધી સદીઓએ ટીમને વિજય અપાવ્યો હતો. આ મુકાબલામાં પણ બેટિંગના મધ્યમ ક્રમ અને બોલિંગ આક્રમણ પર ભારતીય ટીમનો સંપૂર્ણ દારમોદાર રહેશે. જસપ્રિત બુમરાહની આગેવાનીમાં ભારતીય બોલરો કાર્ડિફની પીચ પર ઈંગ્લેન્ડના આક્રમક બેટ્સમેનોને રોકવા માટે રણનીતિ તૈયાર કરી રહ્યા છે.

બીજી વનડે ભારત માટે શ્રેણી જીતવાની દિશામાં ખૂબ મહત્વની સાબિત થઈ શકે છે. કાર્ડિફની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ટીમ ઈન્ડિયાએ પોતાની રણનીતિમાં ફેરફાર કરવાની જરૂર પડી શકે છે. જો ભારતીય ટીમ આ મેચ જીતવામાં સફળ રહે છે, તો શ્રેણીમાં તેમની પકડ વધુ મજબૂત બની જશે. તમામ ભારતીય ક્રિકેટ ચાહકોની નજર હવે કાર્ડિફમાં રમાનારી આ રોમાંચક મેચ પર છે, જ્યાં સમયના ફેરફાર સાથે મેદાનમાં પણ નવા સમીકરણો જોવા મળી શકે છે.

# પિતાના બલિદાનથી સોનમ મસ્કરનું નિશાન બન્યું સાધ્યું

### દીકરીનું એશિયન ગેમ્સમાં સિલેક્શન, 10 મીટર એર રાઈફલ સ્પર્ધામાં કરશે પ્રતિનિધિત્વ



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

કોલ્હાપુરની ૨૩ વર્ષીય શૂટર સોનમ ઉત્તમ મસ્કરની સફળતાની ગાથા અત્યંત પ્રેરણાદાયી છે. સામાન્ય રીતે શોખ તરીકે શરૂ કરેલી શૂટિંગની સફર હવે આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચી છે. સોનમ હવે જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. આ સફળતા પાછળ તેમની પોતાની મહેનત અને તેમના પરિવારના અત્યંત મોટા બલિદાનનો હાથ છે.

સોનમની રમત ગંભીરતાથી શરૂ થઈ ત્યારે આર્થિક તંગી સૌથી મોટો અવરોધ બની હતી. ખાસ કરીને કોરોના મહામારી પછીના સમયગાળામાં પરિવાર માટે રમતગમતના મોંઘા સાધનો ખરીદવા મુશ્કેલ હતા. પોતાની દીકરીના સપનાને પૂરું કરવા માટે સોનમના પિતા ઉત્તમ મારુતિ મસ્કરે પોતાની મિલકત વેચી દીધી હતી. સોનમ કહે છે કે, તે સમયે આ એક મોટો નિર્ણય હતો, પરંતુ તેના પરિવારે હંમેશા તેને સાથ આપ્યો છે.

સોનમે પોતાની રમતની શરૂઆત મુંબઈમાં વર્ષ 2018માં કરી હતી. શરૂઆતમાં તે ચેસ રમતી હતી, પરંતુ કંઈક અલગ કરવાના ઈરાદાથી તેણે શૂટિંગને પસંદ કર્યું. કોરોનાના સમયગાળા પછી, વર્ષ 2021 થી તેણે કોલ્હાપુર રેન્જમાં 10 મીટર એર રાઈફલ શૂટિંગમાં ગંભીર તાલીમ શરૂ કરી હતી. ૨૦૨૪ની દિલ્હી ખાતેની આઈ.એસ.એસ.એફ. વર્લ્ડ કપ ફાઈનલમાં જીતેલો સિલ્વર મેડલ તેમના માટે સૌથી ખાસ ક્ષણ છે. હાલમાં સોનમ વિદેશી કોચ ફાર્નિક થોમસ અને ભારતીય કોચની દેખરેખ હેઠળ એશિયન ગેમ્સ માટે સઘન તૈયારી કરી રહી છે. તે સ્પર્ધા માટે શ્રેષ્ઠ રીતે તૈયાર થવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સોનમે આ સફરમાં મદદ કરનાર પોતાના પરિવાર, પ્રાયોજકો, ભારતીય રાષ્ટ્રીય રાઈફલ સંઘ અને રેલવેનો પણ આભાર માન્યો છે. હવે તમામની નજર આગામી ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થનારી એશિયન ગેમ્સ પર છે, જ્યાં સોનમ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા માટે તૈયાર છે. આ સફર સાબિત કરે છે કે પરિવારનો સાથ અને દ્રઢ નિશ્ચય હોય તો ગમે તેવા મુશ્કેલ લક્ષ્યને પ્રાપ્ત કરી શકાય છે.

### દીપકે બ્રોન્ઝ મેડલ પર લગાવ્યું નિશાન

## બુડાપેસ્ટ રેન્કિંગ સિરીઝમાં અમન સેહરાવતનો સુવર્ણ મેડલ

(એજન્સી) બુડાપેસ્ટ । તા. 16

ભારતના સ્ટાર રેસલર અને ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનાર અમન સેહરાવતે આંતરરાષ્ટ્રીય મંચ પર ફરી એકવાર ભારતનું નામ રોશન કર્યું છે. બુડાપેસ્ટ ખાતે આયોજિત પોલ્યાક ઈમરે, વર્ગા જેનોસ અને કોઝમા ઈસ્તવાન મેમોરિયલ સિનિયર રેન્કિંગ ટુર્નામેન્ટ 2026 માં અમન સેહરાવતે પુરુષોની 57 કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ વર્ગમાં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. પોતાની આગવી શૈલી અને આક્રમક રમતથી તેમણે ફરી સાબિત કર્યું છે કે તેઓ વિશ્વના શ્રેષ્ઠ રેસલર્સમાંના એક છે. ફાઈનલ મુકાબલામાં અમન સેહરાવતનો સામનો જ્યોર્જિયાના રોબર્ટી ડિંગાશવિલી સાથે થયો હતો. આ મહત્વની મેચમાં અમન સેહરાવતે એકતરફી પ્રદર્શન કરતા 13-3 ના મોટા અંતરથી ટેકનિકલ શ્રેષ્ઠતા સાથે જીત મેળવી હતી. 22 વર્ષીય અમન સેહરાવત, જેઓ પેરિસ ગેમ્સમાં ભારત માટે સૌથી યુવા વ્યક્તિગત ઓલિમ્પિક મેડલ વિજેતા બન્યા હતા, તેઓએ આ જીત સાથે પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં વધુ એક સુવર્ણ સિદ્ધિ ઉમેરી છે. તેઓ ભારત માટે અન્ડર-23 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયન બનનાર પ્રથમ ખેલાડી પણ છે. ભારતીય ટીમના અન્ય ખેલાડી દીપકે પણ 61 કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. એક અતિ રોમાંચક અને રસાકસીભરી બ્રોન્ઝ મેડલની મેચમાં, દીપકે અઝરબૈજાનના નુરાદ્દીન નોવ્રુઝોવ સામે 9-8 ના સ્કોર સાથે વિજય મેળવીને કાંસાનો ચંદ્રક પોતાના નામે કર્યો છે.



### 803 પોઈન્ટ સાથે ગિલ બીજા સ્થાને

## શુભમન ગિલ નંબર-1 વનડે બેટ્સમેન બનવાની નજીક





(એજન્સી) બર્મિંગહામ । તા. 16

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલ હાલમાં શાનદાર ફોર્મમાં છે. ઈંગ્લેન્ડ સામેની પ્રથમ વનડે મેચમાં તેમણે રમેલી 80 રનની કેપ્ટનશીપ ઈનિંગ્સે તેમને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલના વનડે બેટિંગ રેન્કિંગમાં સફળતાના નવા શિખરો પર પહોંચાડી દીધા છે. આ શાનદાર પ્રદર્શનના પગલે ગિલ હવે વિશ્વના નંબર-1 વનડે બેટ્સમેન બનવાની અત્યંત નજીક પહોંચી ગયા છે.

તાજેતરમાં જાહેર થયેલી રેન્કિંગમાં શુભમન ગિલને 12 રેટિંગ પોઈન્ટ્સનો નોંધપાત્ર ફાયદો થયો છે. આ ઉછાળા સાથે તેમના કુલ પોઈન્ટ્સ 803 પર પહોંચ્યા છે અને તેઓ રેન્કિંગમાં બીજા સ્થાને મજબૂતીથી બિરાજમાન છે. પ્રથમ સ્થાને ન્યૂઝીલેન્ડના ડેરિલ મિચેલ છે, પરંતુ ગિલ અને તેમની વચ્ચેનો તફાવત હવે ઘટીને માત્ર 11 પોઈન્ટ્સનો જ રહ્યો છે. મિચેલ અને ગિલ વચ્ચે નંબર-1ના તાજ માટે હવે સીધી સ્પર્ધા જામી છે.

### કાર્ડિફમાં ઈતિહાસ રચવાની તક

16 જુલાઈના રોજ કાર્ડિફમાં રમાનારી બીજી વનડે મેચ ભારતીય કેપ્ટન માટે સુવર્ણ તક લઈને આવી છે. જો ગિલ આ મેચમાં મોટો સ્કોર બનાવવામાં સફળ રહેશે, તો તેઓ ચોક્કસપણે ડેરિલ મિચેલને પાછળ છોડીને વનડે બેટિંગ રેન્કિંગમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કરી શકે છે. હાલમાં ન્યૂઝીલેન્ડની ટીમ પણ શ્રેણી રમી રહી હોવાથી, આ રેસ વધુ રોમાંચક બની ગઈ છે. શુભમન ગિલ માટે આ શ્રેણી કેવળ રેન્કિંગ પુરતી મર્યાદિત નથી. કેપ્ટન તરીકે વિદેશી ધરતી પર શ્રેણી જીતવાનો આ તેમના માટે એક શ્રેષ્ઠ અવસર છે.

### ગોલ્ફ અને ફૂટબોલનો સમય અલગ રહેશે

## બ્રિટિશ ઓપન ગોલ્ફના શેડ્યૂલમાં કોઈ ફેરફાર નહીં

(એજન્સી) સાઉથપોર્ટ । તા. 16

બ્રિટિશ ઓપન ગોલ્ફ ચેમ્પિયનશિપના આયોજકોએ સ્પષ્ટતા કરી છે કે જો ઈંગ્લેન્ડની ફૂટબોલ ટીમ વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કરે તો પણ ગોલ્ફ ટુર્નામેન્ટના રવિવારના કાર્યક્રમમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. સાઉથપોર્ટમાં રમાઈ રહેલી આ 154મી એડિશન ગોલ્ફની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત મેજર ચેમ્પિયનશિપ છે. આર એન્ડ એ (R&A) ના અધિકારીઓ આશા રાખે છે કે જો રવિવારે કોઈ પ્લે-ઓફની જરૂર ન પડે તો ગોલ્ફ ટુર્નામેન્ટ સાંજે 6:40 વાગ્યે (ભારતીય સમય અનુસાર રાત્રે 11:10 વાગ્યે) સમાપ્ત થઈ જશે. આ સમય ફૂટબોલ વર્લ્ડ કપની ફાઈનલ મેચના કિક-ઓફ સમય કરતા ઘણો વહેલો છે, જે રાત્રે 8:00 વાગ્યે (ભારતીય સમય અનુસાર રાત્રે 12:30 વાગ્યે) ન્યૂજર્સી ખાતે રમાવાની છે.

આર એન્ડ એ ના મુખ્ય કાર્યકારી માર્ક ડાર્બને જણાવ્યું હતું કે, તેઓ પોતે પણ ઈંગ્લેન્ડની ફૂટબોલ ટીમના ચાહક છે અને ફાઈનલમાં ટીમનું પહોંચવું એક સારો સંયોગ ગણાશે. જોકે, તેમણે એમ પણ ઉમેર્યું હતું કે ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિના વચ્ચેની સેમીફાઈનલના પરિણામ બાદ જ પરિસ્થિતિ વધુ સ્પષ્ટ થશે. આયોજકોના મતે, જો કોઈ કારણસર ત્રણ હોલની પ્લે-ઓફની જરૂર પડે તો પણ ચેમ્પિયનશિપ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી શકાય તેમ છે.

ઈંગ્લેન્ડની ફૂટબોલ ટીમ માટે વર્લ્ડ કપ જીતવો એ એક સ્વપ્ન સમાન છે, કારણ કે તેમણે 1966માં પોતાની ધરતી પર એકમાત્ર ટાઈટલ જીત્યું હતું. બીજી તરફ, ગોલ્ફ પ્રેમીઓ માટે પણ બ્રિટિશ ઓપન એક મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ છે. આયોજકોએ ગોલ્ફના શેડ્યૂલને એટલી કુશળતાપૂર્વક ગોઠવ્યું છે કે રમતપ્રેમીઓ ગોલ્ફની ફાઈનલ નિહાળ્યા બાદ નિરાંતે ફૂટબોલનો પણ આનંદ માણી શકશે.

**વર્લ્ડ કપ** // વર્લ્ડ કપમાં ભારત પાકિસ્તાન ટકરાશે વારંવાર, આઈસીસીના નવા ફોર્મેટથી વધશે હાઈ વોલ્ટેજ મેચ

# ભારત પાકિસ્તાન વચ્ચે વર્લ્ડ કપમાં થશે અનેક મુકાબલા

(એજન્સી) ચેન્નઈ । તા. 16

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ દ્વારા આગામી દિવસોમાં યોજાનારા વિશ્વ કપ માટે જાહેર કરવામાં આવેલા નવા ફોર્મેટને કારણે ક્રિકેટ રસિયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૭ના એકદિવસીય વિશ્વ કપ અને વર્ષ ૨૦૨૮ના ટ્વેન્ટી-૨૦ વિશ્વ કપ માટેના સુધારેલા માળખામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એક જ ટુર્નામેન્ટમાં એક કરતા વધુ વખત મુકાબલો થવાની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે. લાંબા સમયથી બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય શ્રેણી રમાઈ નથી, ત્યારે આવી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં બંને ટીમોનું સામસામે આવવું એ કરોડો ચાહકો માટે કોઈ મોટા ઉત્સવથી ઓછું નથી.

નવા સુધારેલા નિયમો મુજબ, આ વખતે વિશ્વ કપમાં ૧૪ દેશો ભાગ લેશે. જેમાં ૧૨ ટીમો સુપર સેવન તબક્કામાં પ્રવેશ મેળવશે. આ ઉપરાંત, ૧૨મી, ૧૩મી અને ૧૪મી ક્રમાંકની ટીમો વચ્ચે એક નવો 'સુપર સિરીઝ' રાઉન્ડ રમાશે, જેમાંથી એક ટીમ મુખ્ય ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થશે. સુપર સેવન તબક્કામાંથી ટોચની ચાર ટીમો સેમીફાઈનલમાં પોતાની જગ્યા બનાવશે.

મીડિયા અહેવાલ મુજબ, જો ભારત અને પાકિસ્તાન શરૂઆતના રાઉન્ડમાં એક જ જૂથમાં સામેલ થાય છે, જે પરંપરા રહી છે, તો તેઓ સુપર સેવન તબક્કામાં પણ સાથે આગળ વધવાની પ્રબળ સંભાવના છે. સુપર સેવન રાઉન્ડ રોબિન ફોર્મેટમાં હોવાથી, ચાહકોને ભારત અને પાકિસ્તાન વચ્ચે ઓછામાં ઓછી બે વાર જંગ જોવા મળી શકે છે. જો બંને ટીમો સેમીફાઈનલ સુધી પહોંચે છે, તો મુકાબલાની સંખ્યામાં વધુ વધારો થવાની શક્યતા પણ નકારી શકાય નહીં.





### ટ્વેન્ટી-20 વિશ્વ કપ 2028નો રોમાંચ

વર્ષ ૨૦૨૮ના ટ્વેન્ટી-૨૦ વિશ્વ કપમાં ૨૦ ટીમો ભાગ લેશે, પરંતુ આ વખતે ટીમોને ચાર-ચારના પાંચ જૂથમાં વહેંચવામાં આવશે. અહીં પણ જૂથ તબક્કામાં ભારત અને પાકિસ્તાન સામસામે આવી શકે છે. જૂથમાંથી ટોચની બે ટીમો સુપર ટેન રાઉન્ડમાં પહોંચશે. ત્યાં દસ ટીમોને પાંચ-પાંચના બે જૂથમાં વહેંચવામાં આવશે. બંને જૂથના વિજેતા સીધા સેમીફાઈનલમાં પ્રવેશ કરશે. વધુમાં, બંને જૂથમાંથી બીજા અને ત્રીજા ક્રમે રહેલી ટીમો વચ્ચે બે 'એલિમિનેટર' મુકાબલા થશે. આ ફોર્મેટમાં પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે એક કરતા વધુ મેચ રમાવાની શક્યતા છે. સુપર ટેન તબક્કો તે સમયના આઈસીસી રેન્કિંગના આધારે રમાશે, જેથી બંને ટીમો એક જ જૂથમાં આવી શકે છે. જો તેવું ન થાય, તો એલિમિનેટર રાઉન્ડમાં પણ ભારત-પાકિસ્તાનનો રોમાંચક જંગ જોવા મળી શકે છે. સેમીફાઈનલ કે ફાઈનલ સુધીની સફરમાં પણ આ બે કટ્ટર હરીફો ફરી ટકરાઈ શકે છે, જે ક્રિકેટના મેદાનમાં ઉત્તેજનાનો પારો વધારી દેશે.

### નિર્ણાયક મેચમાં અનુષાની કમાલ

# અલ્ટીમેટ ટેબલ ટેનિસમાં યુ મુંબાનો પ્રથમ વિજય, દબંગ દિલ્હીને 8-7 થી આપી માત

(એજન્સી) પનાજી । તા. 16

અહીંના શ્યામા પ્રસાદ મુખર્જી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રમાયેલી અલ્ટીમેટ ટેબલ ટેનિસ (UTT)ની સાતમી સિઝનની એક રોમાંચક મેચમાં યુ મુંબા ટીટીએ દબંગ દિલ્હીને હરાવી આ સિઝનનો પોતાનો પ્રથમ વિજય નોંધાવ્યો છે. ગત સિઝનની ચેમ્પિયન યુ મુંબાની ટીમ માટે આ જીત અત્યંત મહત્વની સાબિત થઈ છે, કારણ કે મેચના અંતિમ તબક્કે અનુષા કુટુંબલેએ અસાધારણ પ્રદર્શન કરીને ટીમને વિજય અપાવ્યો હતો.

મીડિયા અહેવાલ મુજબ, મેચની પાંચમી અને નિર્ણાયક સિંગલ્સ મેચમાં દબંગ દિલ્હીની મારિયા ઝિયાઓ સામે યુ મુંબાની અનુષા કુટુંબલે મેદાનમાં ઉતરી હતી. આ પહેલાં, યુ મુંબાના લિલિયન બાર્ડેટે દબંગ દિલ્હીના અનુભવી જી. સાથિયાનને 2-1 થી હરાવીને ડિફેન્ડિંગ ચેમ્પિયન યુ મુંબાને 7-5 ની મહત્વની સરસાઈ અપાવી દીધી હતી. યુ મુંબાને મેચ જીતવા માટે માત્ર એક જ ગેમની જરૂર હતી, જેનો સંપૂર્ણ લાભ અનુષાએ ઉઠાવ્યો હતો.

અનુષા મેચની શરૂઆતની બે ગેમ હારી ગઈ હતી, જેનાથી સ્થિતિ થોડી કટોકટીભરી બની હતી. જોકે,



હિંમત હાર્યા વગર અનુષાએ પોતાની કાઉન્ટર-એટેકિંગ શૈલીનો ઉપયોગ કર્યો અને અંતિમ ગેમ જીતીને યુ મુંબાને 8-7 ના સ્કોર સાથે વિજયી બનાવી હતી. આ જીત સાથે યુ મુંબાએ સાતમી સિઝનમાં પોતાની વિજયી સફર શરૂ કરી છે. દબંગ દિલ્હી સામેની આ જીતથી યુ મુંબાના ખેલાડીઓનો આત્મવિશ્વાસ વધ્યો છે. ટીમના મુખ્ય ખેલાડીઓના પ્રદર્શન અને છેલ્લી ઘડી સુધી હાર ન માનવાની વૃત્તિને લીધે જ તેઓ આટલા નજીકના મુકાબલામાં સફળ રહ્યા છે. આગામી મેચોમાં પણ યુ મુંબા આવી જ રમત જાળવી રાખવા માટે પ્રયત્નશીલ રહેશે. ટેબલ ટેનિસના ચાહકો માટે આ જીત એક યાદગાર ક્ષણ બની રહી છે.

### બંગાળની ખાડીમાં બે બોટ ડૂબતા આખું વિશ્વ હલી ગયું, માનવીય દુર્ઘટનામાં પાંચસોથી વધુના મોતની ભીતિ

# બંગાળની ખાડીમાં રોહિંગ્યા શરણાર્થીની હોનારત

(એજન્સી) અમદાવાદ । તા. 16

બંગાળની ખાડીના શાંત જણાતા મોજાઓએ એક કાળજુ કંપાવી દે તેવી ઘટનાને પોતાની અંદર સમાવી લીધી છે. મ્યાનમારના અત્યાચારથી બચવા અને સલામત આશરાની શોધમાં નીકળેલા પાંચસોથી વધુ રોહિંગ્યા શરણાર્થીઓ હવે માત્ર આંકડા બનીને રહી ગયા છે. મીડિયા અહેવાલ અનુસાર, મ્યાનમારના રખાઈન રાજ્યથી નીકળેલી બે જર્જરિત બોટ સમુદ્રના તોફાની મોજાઓમાં ડૂબી જતાં આ માનવીય દુર્ઘટના સર્જાઈ છે, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીર ચિંતા જન્માવી છે.

જૂન મહિનાના અંતિમ દિવસોમાં જ્યારે આ શરણાર્થીઓએ નવી આશા સાથે જોખમી દરિયાઈ સફર ખેડવાનું શરૂ કર્યું હતું, ત્યારે કોઈને ખ્યાલ નહોતો કે આ સફર તેમનો અંતિમ પ્રવાસ બની રહેશે. સત્તાવાર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પ્રથમ બોટમાં અંદાજે ૨૫૦ જેટલા લોકો સવાર હતા, જે રવાના થયાના થોડા દિવસોમાં જ સંપર્ક વિહોણી બની ગઈ હતી. ત્યારબાદ, ૮ જુલાઈના રોજ ૨૮૦ લોકોને લઈને જતી બીજી બોટ મ્યાનમારના અય્યાયારવાડી કિનારા નજીક દરિયાના પેટાળમાં ગરકાવ થઈ ગઈ. આમ, કુલ ૫૩૦ લોકો અત્યારે લાપતા છે અને તેમની જીવિત હોવાની શક્યતા લગભગ સમાપ્ત થઈ ગઈ છે.

## શરણાર્થીઓની લાચારી, જોખમી સફર

મ્યાનમારમાં પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે ઘણા શરણાર્થીઓ બાંગ્લાદેશના નિર્વાસિત શિબિરોમાંથી પણ જોખમી માર્ગે અન્યત્ર સ્થળાંતર કરવાનો પ્રયાસ કરે છે. વધુ સારા જીવનની લાલચ આપીને માનવ તસ્કરો આ લાચાર લોકોને ક્ષમતા કરતાં અનેકગણી વધુ ભીડવાળી બોટમાં બેસાડીને મોતની સફરે રવાના કરે છે. આ બોટ માત્ર લાકડાની બનેલી કે ક્ષતિગ્રસ્ત હોય છે, જે ચોમાસા દરમિયાન બંગાળની ખાડીના ઉછળતા મોજા સામે ટકી શકતી નથી.



## આંતરરાષ્ટ્રીય સ્તરે ઘેરી ચિંતા

આ દુર્ઘટનાને લઈને સંયુક્ત રાષ્ટ્રની વિવિધ સંસ્થાઓએ પણ દુઃખ વ્યક્ત કર્યું છે. મીડિયા અહેવાલો મુજબ, ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન અને શરણાર્થીઓ માટેના સંયુક્ત રાષ્ટ્રના ઉચ્ચ આયુક્ત દ્વારા સંયુક્ત રીતે નિવેદન જારી કરવામાં આવ્યું છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે દરિયાઈ માર્ગે થતી આ માનવ તસ્કરી પર રોક લગાવવી અત્યંત આવશ્યક છે. આ ઘટનાએ વિશ્વના દેશોને એક થઈને શરણાર્થીઓની સુરક્ષા અને તેમના મૂળભૂત અધિકારો માટે પગલાં લેવા ફરી એકવાર મજબૂર કર્યા છે.

સ્થાનિક સ્તરે ચર્ચાનો વિષય એ છે કે આટલા મોટા પાયે શરણાર્થીઓનું પલાયન અને તેમના પર થતા અત્યાચારોને રોકવા માટે વૈશ્વિક સ્તરે જે પ્રયાસો થઈ રહ્યા છે તે પૂરતા છે કે કેમ? સૂત્રો દ્વારા જાણવા મળે છે કે બંગાળની ખાડીમાં પેટ્રોલિંગ અને દેખરેખના અભાવે આ પ્રકારના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. ગરીબી અને અસલામતીથી ઘેરાયેલા આ લોકો જ્યારે સમુદ્રમાં ઉતરે છે, ત્યારે તેમની પાસે પાછા વળવાનો કોઈ રસ્તો હોતો નથી.

હાલમાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા શોધખોળ અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે, પરંતુ દરિયાની પ્રતિકૂળ પરિસ્થિતિને જોતા પરિણામ મળવાની શક્યતા ખૂબ ઓછી છે.

### લોટ મિલ બંધ થતા પાકિસ્તાનમાં લોકો પર સંકટ

# પાકિસ્તાનમાં ઘઉં સપ્લાય ઠપ થતા લોટનું સંકટ



(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 16

પાકિસ્તાન હાલમાં અનેકવિધ આર્થિક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, ત્યાં હવે સામાન્ય જનતા માટે જીવવાનો વધુ એક પડકાર ઊભો થયો છે. દેશની રાજધાની ઈસ્લામાબાદ અને રાવલપિંડી જેવા મુખ્ય શહેરોમાં ઘઉં સપ્લાય ઠપ થવાને કારણે લોટની તીવ્ર અછત સર્જાઈ છે. મીડિયા અહેવાલ મુજબ, પંજાબ પ્રાંતના ખાદ્ય વિભાગ દ્વારા અચાનક જ ઘઉંના પરિવહન પર પ્રતિબંધ મૂકવામાં આવતા પરિસ્થિતિ વધુ ગંભીર બની છે.

સ્થાનિક સ્તરે પ્રાપ્ત માહિતી અનુસાર, ઈસ્લામાબાદમાં આવેલી આશરે ૪૫ જેટલી લોટ મિલો હવે બંધ થવાની આરે છે. આ મિલોમાં ઘઉંનો સ્ટોક સાવ ખાલી થઈ ગયો છે, જેના કારણે લોટનું ઉત્પાદન અટકી ગયું છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે પંજાબ ફૂડ ડિપાર્ટમેન્ટે કોઈ પણ લેખિત આદેશ આપ્યા વગર માત્ર મૌખિક આદેશ દ્વારા ઘઉંની ટ્રાન્સપોર્ટ પરમિટ બ્લોક કરી દીધી છે. દરરોજ જે ૮,૦૦૦ ટન ઘઉંનો જથ્થો મિલોમાં પહોંચતો હતો, તે બંધ થઈ જતા સમગ્ર પુરવઠા સાંકળ ખોરવાઈ ગઈ છે.

નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે જો આ સ્થિતિ વધુ સમય સુધી યથાવત રહેશે, તો બજારમાં લોટની સંગ્રહખોરી અને કાળાબજારીમાં અનેકગણો વધારો થશે. રાવલપિંડી, મરી અને કોટલી સત્તિયાન જેવા વિસ્તારોમાં લોકો માટે રોટલી મેળવવી પણ મુશ્કેલ બની શકે છે. લોટ મિલ એસોસિએશને આ અંગે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વહીવટી તંત્રના આ અણધારી નિર્ણયોને કારણે સામાન્ય નાગરિકોએ મોંઘા ભાવે લોટ ખરીદવાની ફરજ પડી શકે છે.

## વહીવટી તંત્રની મનમાની સામે સવાલો

પાકિસ્તાન ફ્લોર મિલ્સ એસોસિએશનના પદાધિકારીઓએ આક્ષેપ કર્યો છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી વારંવાર સપ્લાય રોકવાના બહાના શોધવામાં આવે છે. આ પ્રકારની વહીવટી મનમાનીને લીધે માત્ર મિલ સંચાલકોને જ નહીં, પરંતુ સમગ્ર અર્થતંત્રને નુકસાન થઈ રહ્યું છે. એસોસિએશનના પ્રમુખે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો ઈસ્લામાબાદ માટેનો ઘઉંનો પુરવઠો તાત્કાલિક ધોરણે પુનઃસ્થાપિત કરવામાં નહીં આવે, તો રાવલપિંડીની અન્ય મિલો પણ પોતાનું કામકાજ સંપૂર્ણપણે ઠપ કરી દેશે.

## દેશની ખાદ્ય સુરક્ષા પર જોખમ

ઘઉંના અભાવે દેશની ખાદ્ય સુરક્ષા સામે મોટા પ્રશ્નો ઊભા થયા છે. એક તરફ મોંઘવારીએ કમર તોડી નાખી છે, તો બીજી તરફ જીવનજરૂરી ચીજવસ્તુઓની અછત લોકો માટે જીવન જીવવું દુષ્કર બનાવી રહી છે. ઈસ્લામાબાદ અને રાવલપિંડીના ઔદ્યોગિક વિસ્તારોમાં ઉત્પાદન એકમો પર નિર્ભર પરિવારો માટે આ સમાચાર ખૂબ જ ચિંતાજનક છે. શું સરકાર આ સંકટને દૂર કરવા માટે કોઈ નક્કર પગલાં લેશે કે પછી સામાન્ય જનતાએ હજુ પણ વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે, તે તો આવનારા સમયમાં જ સ્પષ્ટ થશે.

### મુખ્યમંત્રીના હસ્તક્ષેપની માંગ

આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરવામાં આવી છે. એસોસિએશનની માંગ છે કે ઓનલાઈન પરમિટ સિસ્ટમ ફરીથી શરૂ કરવામાં આવે, જેથી પ્રક્રિયામાં પારદર્શિતા આવે અને કોઈ પણ અધિકારીની મનમાનીને સ્થાન ન રહે. હાલમાં આ મુદ્દો પાકિસ્તાનમાં ચર્ચાનો મુખ્ય વિષય બન્યો છે, કારણ કે લોટ એ સામાન્ય માણસના થાળીનો મુખ્ય હિસ્સો છે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકામાં ભારતીય યુવક પર ધર્મના નામે જીવલેણ હુમલો



વેસ્ટ વેલી સિટી | અમેરિકાના યુટા રાજ્યના વેસ્ટ વેલી સિટીમાં આવેલા એક પ્રતિષ્ઠિત મોલમાં સોમવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીંના 'વેલી ફેયર મોલ'માં સ્ટોલ પર કામ કરતા સોહેલ નામના ભારતીય યુવક પર ધર્મના નામે એક માથાભારે શખ્સે અત્યંત ઘાતકી અને જીવલેણ હુમલો કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, 48 વર્ષીય આરોપી પીટર માઈકલ લાર્સને સોહેલને મુસ્લિમ હોવાના કારણે નિશાન બનાવીને ચાકુના 15થી વધુ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘવાયેલા સોહેલને તુરંત હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાલમાં તે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આરોપી પીટર પહેલા સોહેલના સ્ટોલ પર પહોંચ્યો હતો અને સોહેલનું નામ તથા ધર્મ વિશે પૂછપરછ કરી હતી. સોહેલે પોતે મુસ્લિમ હોવાનું સ્વીકારતા જ આરોપીએ પાણીની બોટલ માંગવાના બહાને ચતુરાઈથી સોહેલને પાછળ વળવા મજબૂર કર્યો હતો. જેવો સોહેલ પાછળ વળ્યો કે તરત જ આરોપીએ તીક્ષ્ણ ચાકુ કાઢીને તેના પર આડેધડ હુમલો કરી દીધો હતો. બાજુમાં કામ કરતી લૂના નુનેઝે આરોપી પર વસ્તુઓ ફેંકીને તેનો પ્રતિકાર કર્યો હતો, જ્યારે ત્યાં હાજર અન્ય ગ્રાહકોએ જીવના જોખમે આરોપીને દબોચી લઈ પોલીસને સોંપ્યો હતો.

### અમેરિકામાં ભારતીય યુવકની વેદના નોકરી મળતી નથી




વોશિંગ્ટન | અમેરિકામાં સ્વપ્ન સજાવીને ગયેલા અનેક ભારતીય વ્યાવસાયિકો હાલમાં ભારે આર્થિક અને માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યા છે. તાજેતરમાં રેડિટ પર એક ભારતીય યુવકની પોસ્ટ વાયરલ થઈ છે, જેમાં તેણે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું છે કે તે છેલ્લા સાત વર્ષથી અમેરિકામાં રહી રહ્યો છે, પરંતુ નોકરી ગુમાવ્યા બાદ હાલ તે જીવનના સૌથી મુશ્કેલ તબક્કે ઊભો છે. મે મહિનાના અંતમાં તેની કંપનીમાંથી છટણી થતાં તે બેરોજગાર બન્યો છે. આ યુવક માસ્ટર્સની ડિગ્રી મેળવ્યા બાદ એચ-૧બી વિઝા પર અમેરિકામાં કાર્યરત હતો. નોકરી ગયા પછી તે દરરોજ નવી તકની શોધમાં સેંકડો અરજીઓ કરી રહ્યો છે. અનેક પ્રતિષ્ઠિત કંપનીઓમાં તે અંતિમ રાઉન્ડ સુધી પહોંચ્યો હોવા છતાં, તેને હજુ સુધી કોઈ નિમણૂક પત્ર મળ્યો નથી. હવે તેની સામે મોટો પ્રશ્ન એ છે કે શું તે નોકરીની શોધ ચાલુ રાખે કે પછી બધું છોડીને ભારત પરત ફરી જાય. તેના માટે નિર્ધારિત ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ પણ હવે સમાપ્તિના આરે છે. આ પોસ્ટ સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ અનેક લોકોએ પોતાના સંઘર્ષની વાતો શેર કરી છે.

### એર ડિફેન્સની સક્રિયતા છતાં કાટમાળ પડતા તબાહી

# કિવ પર રશિયાનો સાતમો ભયાનક મિસાઈલ હુમલો, રશિયા યુક્રેન યુદ્ધમાં વધ્યો મિસાઈલનો મારો

(એજન્સી) કિવ । તા. 16

રશિયા અને યુક્રેન વચ્ચેનું ભીષણ યુદ્ધ વધુ ઘાતક વળાંક લઈ રહ્યું છે. જુલાઈ મહિનામાં રશિયા દ્વારા યુક્રેનની રાજધાની કિવ પર સતત કરવામાં આવતા હુમલાઓએ પરિસ્થિતિને અત્યંત ગંભીર બનાવી દીધી છે. ગુરુવારે વહેલી સવારે રશિયાએ કિવને નિશાન બનાવીને બેલિસ્ટિક મિસાઈલોનો મારો ચલાવતા સમગ્ર વિસ્તાર શક્તિશાળી વિસ્ફોટોથી ધણધણી ઉઠ્યો હતો. આ મહિનામાં રશિયાનો આ સાતમો મોટો હુમલો છે, જે દર્શાવે છે કે રશિયન સેના હવે વધુ આક્રમક રણનીતિ અપનાવી રહી છે.

## શહેર પર મિસાઈલોનો વરસાદ

યુક્રેનની વાયુસેનાના જણાવ્યા મુજબ, રશિયાએ કિવ તરફ ઓછામાં ઓછી આઠ બેલિસ્ટિક મિસાઈલો છોડી હતી. આ હુમલાની તીવ્રતા એટલી હતી કે વહેલી સવારે આકાશ મિસાઈલોના અવાજથી ગુંજી ઉઠ્યું હતું. જોકે, યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમ તુરંત સક્રિય થઈ ગઈ હતી અને રશિયન મિસાઈલોને હવામાં તોડી પાડવાના પ્રયાસો કર્યા હતા. પરંતુ, મિસાઈલોના કાટમાળ પડવાને કારણે રહેણાંક વિસ્તારોમાં નુકસાન પહોંચ્યું છે. કિવના મેયર વિતાલી ક્લિટ્સ્કોએ ટેલિગ્રામ દ્વારા માહિતી આપી હતી કે શહેરના પશ્ચિમી બહારના ભાગમાં આવેલા એક વિશાળ ગોડાઉનને હુમલામાં ભારે નુકસાન થયું છે.

રશિયાએ માત્ર બેલિસ્ટિક મિસાઈલોનો જ ઉપયોગ નથી કર્યો, પરંતુ ઈરાન નિર્મિત શાહેદ ડ્રોન દ્વારા પણ ખાર્કિવ જેવા ઉત્તર-પૂર્વીય શહેરોને નિશાન બનાવ્યા છે. ખાર્કિવમાં ડ્રોન હુમલા બાદ શ્રેણીબદ્ધ વિસ્ફોટો નોંધાયા છે, જેના કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે દહેશતનો માહોલ છે.

આ ઉપરાંત, વિનિત્સિયા સહિતના અનેક પ્રાંતોમાં એર રેડ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. રશિયાની આ રણનીતિનો મુખ્ય ઉદ્દેશ્ય યુક્રેનની સૈન્ય અને નાગરિક માળખાકીય સુવિધાઓને નષ્ટ કરવાનો જણાય છે.



## રાજકીય ઉથલપાથલ વચ્ચે હુમલા

યુક્રેનના સંરક્ષણ મંત્રી માયખાઈલો ફેદોરોવને પદ પરથી હટાવવાના થોડા જ કલાકોમાં આ હુમલો થવો તે અનેક રાજકીય તર્ક-વિતર્ક જગાવે છે. નિષ્ણાતો માને છે કે આ સમયે જ્યારે યુક્રેન આંતરિક રાજકીય ફેરફારોમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે રશિયા આ નબળાઈનો લાભ લેવા માંગે છે. રશિયન હુમલાઓની આ તીવ્રતા માત્ર સૈન્ય લક્ષ્યો સુધી સીમિત નથી, પરંતુ નાગરિકોના મનોબળને તોડવા માટેનો પ્રયાસ પણ છે.

રશિયાના હુમલાઓ જુલાઈ મહિનામાં અત્યંત વિનાશક રહ્યા છે. ૧૪ જુલાઈના રોજ મિસાઈલ અને ડ્રોન હુમલામાં ૭ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૭૮ થી વધુ લોકો ઘાયલ થયા હતા. તે સમયે સ્કૂલ અને ઈન્ડસ્ટ્રીયલ પ્લાન્ટ સહિત ૧૬ સ્થળોને ભારે નુકસાન પહોંચ્યું હતું. આ પહેલા ૯ જુલાઈ અને ૨ જુલાઈના રોજ થયેલા હુમલાઓમાં પણ મોટી સંખ્યામાં નાગરિકોના મોત થયા હતા. જુલાઈ મહિનામાં રશિયા દ્વારા કરવામાં આવેલા હુમલાઓમાં ૧૦૦ થી વધુ લોકોના મોત અને અનેક લોકો ઘાયલ થતા યુક્રેન માટે ખાદ્ય અને સુરક્ષાના પડકારો વધી ગયા છે.

## માનવીય સંકટ અને ભય

સ્થાનિક નાગરિકો હવે સુરક્ષિત સ્થળો કે બંકરોમાં આશરો લેવા મજબૂર બન્યા છે. યુક્રેનની વાયુસેનાએ વધુ હુમલાઓની ચેતવણી આપી છે, જેના કારણે સમગ્ર દેશમાં ભયનો માહોલ છે. સતત થતા હુમલાઓને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૂટી રહ્યું છે, અને લોકો જીવનજરૂરી ચીજવસ્તુઓ માટે પણ ફાંફા મારી રહ્યા છે. રશિયા તરફથી થતા આ પ્રકારના હુમલાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ વાટાઘાટો માટેના માર્ગમાં પણ અવરોધ બની રહ્યા છે. હવે યુક્રેન આ હુમલાઓનો કેવો વળતો પ્રહાર કરે છે અને વૈશ્વિક સમુદાય આ અંગે શું પ્રતિભાવ આપે છે, તે જોવું આગામી દિવસોમાં અત્યંત મહત્ત્વપૂર્ણ રહેશે.

# ભારતમાં ડીઝલ અને જેટ ઈંધણની નિકાસ પર ટેક્સ વધ્યો, ડીઝલ પર ટેક્સ 15.50 રૂપિયા સુધી પહોંચ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા ભૌગોલિક તણાવની સીધી અસર હવે ભારતીય અર્થતંત્ર પર જોવા મળી રહી છે. આ વૈશ્વિક કટોકટીના પગલે ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચતા, ભારત સરકારે દેશમાં ઈંધણની તંગી અને વધતી જતી મોંઘવારીને નિયંત્રિત કરવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગુરુવાર, 16 જુલાઈથી અમલી બને તે રીતે સરકારે ડીઝલ અને જેટ ઈંધણ (ATF) ની નિકાસ પરના વિન્ડફોલ ટેક્સમાં તોતિંગ વધારો કર્યો છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ડીઝલ પરનો વિન્ડફોલ ટેક્સ પ્રતિ લીટર 8.50 રૂપિયાથી વધારીને હવે 15.50 રૂપિયા કરી દેવામાં આવ્યો છે. તેવી જ રીતે, વિમાનમાં વપરાતા જેટ ઈંધણ પરનો ટેક્સ પણ 7.50 રૂપિયાથી વધારીને 14.50 રૂપિયા કરવામાં આવ્યો છે. વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં થયેલા ઉછાળા બાદ રિફાઈનિંગ કંપનીઓ વધુ નફો મેળવવાના ઈરાદે સ્થાનિક બજારને બદલે નિકાસ પર વધુ ભાર ન આપે, તે હેતુથી સરકારે આ આકરા પગલાં લીધા છે.

આર્થિક નિષ્ણાતોનું માનવું છે કે નિકાસ પરના ટેક્સમાં વધારો થવાથી રિફાઈનરી કંપનીઓ માટે વિદેશમાં ઈંધણ વેચવું મોંઘું પડશે. આ વ્યૂહરચનાનો સીધો લાભ સ્થાનિક બજારને મળશે, કારણ કે દેશમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રહેશે. ડીઝલનો પૂરતો સ્ટોક રહેવાથી માલસામાનની હેરફેરનો ખર્ચ સ્થિર રહેશે, જે સામાન્ય જનતાને જીવનજરૂરી ચીજવસ્તુઓની મોંઘવારીથી બચાવવામાં મદદરૂપ થશે. જોકે, જેટ ઈંધણ પર ટેક્સ વધવાને કારણે હવાઈ સફર કરનારા મુસાફરો પર ભાડાના રૂપમાં બોજ વધવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

# પીઓકે કબજા હેઠળનો પ્રદેશ છે આઝાદ કાશ્મીર નથી, રાવલકોટમાં નેતા સરદાર અમાનનો ગર્જના

(એજન્સી) રાવલકોટ । તા. 16

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં શહબાઝ સરકાર વિરુદ્ધનો અવાજ વધુ બુલંદ બન્યો છે. રાવલકોટના ઈદગાહ મેદાનમાં આયોજિત એક વિશાળ જનસભામાં સ્થાનિક નેતા સરદાર અમાને પાકિસ્તાની શાસનને ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યું હતું કે, પીઓકે એ કોઈ આઝાદ કે વિવાદિત વિસ્તાર નથી, પરંતુ તે માત્ર પાકિસ્તાન દ્વારા કબજે કરાયેલો એક પ્રદેશ છે. તેમના આ સનસનાટીભર્યા નિવેદન બાદ સમગ્ર સભાખંડ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો.

## દાયકાઓ જૂના દાવાઓ પર પ્રહાર

મીડિયા અહેવાલ મુજબ, આ સભામાં હજારોની સંખ્યામાં એકત્ર થયેલા લોકોએ પાકિસ્તાની સરકારના અત્યાર સુધીના તમામ દાવાઓને સદંતર ફગાવી દીધા હતા. સરદાર અમાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, જમ્મુ અને કાશ્મીર



ક્યારેય પાકિસ્તાનનો ભાગ બની શકે નહીં. તેમણે પાકિસ્તાની શાસકોને ચીમકી આપતા જણાવ્યું હતું કે, આ વિસ્તાર પર કરવામાં આવેલો અન્યાયી કબજો હવે વધુ સમય સહન કરવામાં આવશે નહીં. લોકો પોતાના મૂળભૂત અધિકારો માટે સતત અવાજ ઉઠાવતા રહેશે.

## અધિકારો માટે નિર્ણાયક જંગ

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, નેતાએ આકરા પાણીએ આવીને વધુમાં જણાવ્યું હતું કે, આ લડાઈ ન્યાય મેળવ્યા વિના પૂરી થનાર નથી. ભલે આ માટે અમારે સર્વસ્વનું બલિદાન આપવું પડે, પરંતુ સંઘર્ષ ચાલુ જ રહેશે. જો એક પેઢી ખતમ થશે, તો બીજી પેઢી લડવા માટે તૈયાર ઊભી હશે. પાકિસ્તાનની સરકારને આ પ્રકારનો ખુલ્લો પડકાર મળતા ત્યાંના રાજકીય માહોલમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

## સ્થાનિક જનતાનો જોરદાર ટેકો

સભામાં હાજર રહેલા જનસમૂહનું મનોબળ અત્યંત મક્કમ જણાઈ રહ્યું હતું. જ્યારે પણ નેતાએ પોતાના સંબોધનમાં પાકિસ્તાની શાસન વિરુદ્ધ કડક શબ્દો ઉચ્ચાર્યા, ત્યારે જનમેદનીએ તાળીઓ અને નારેબાજી સાથે પોતાનો ટેકો જાહેર કર્યો હતો. આ ઘટનાક્રમ એ વાતની સાબિતી આપે છે કે પ્રદેશની જનતા હવે શાસન વ્યવસ્થાથી કંટાળી ગઈ છે અને આઝાદી તથા અધિકારો માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે.


**મેટા** | આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વડે છટણીનો મોટો આરોપ, મેટરનિટી રજા લેનાર મહિલાઓને નિશાન બનાવ્યા

# મેટાની છટણીમાં એઆઇનો વિવાદિત ઉપયોગ બહાર આવ્યો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 16

વિશ્વની અગ્રણી સોશિયલ મીડિયા કંપની મેટા હાલમાં એક ગંભીર કાનૂની વિવાદમાં ફસાઈ છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કંપની દ્વારા કરવામાં આવતી છટણી પ્રક્રિયા સામે પૂર્વ અને વર્તમાન કર્મચારીઓએ કેલિફોર્નિયાની ફેડરલ કોર્ટમાં મોરચો માંડ્યો છે. કર્મચારીઓનો આક્ષેપ છે કે મેટા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે એઆઇનો ઉપયોગ એવા કર્મચારીઓને છૂટા કરવા માટે કરી રહી છે, જેમણે મેડિકલ કે મેટરનિટી રજાઓ લીધી હતી. આ કથિત ભેદભાવપૂર્ણ વ્યવહારને કારણે કંપની પર અનેક અમેરિકી કાયદાઓના ઉલ્લંઘનનો આરોપ લાગ્યો છે.

માર્ક ઝુકરબર્ગની માલિકીની મેટા આશરે આઠ હજાર જેટલા કર્મચારીઓને છૂટા કરવાની તૈયારી કરી રહી છે. આ છટણી પ્રક્રિયામાં કર્મચારીઓની પસંદગી કરવા માટે એક અત્યાધુનિક એઆઇ મોડેલનો સહારો લેવામાં આવ્યો છે. જે કર્મચારીઓએ ઈમર્જન્સી અથવા




સ્વાસ્થ્ય સંબંધી કારણોસર રજા લીધી હતી, તેમને કામગીરીના અહેવાલમાં જાણીજોઈને નબળા દર્શાવવામાં આવ્યા છે. પીડિત કર્મચારીઓનો દાવો છે કે કંપની દ્વારા મંજૂર કરવામાં આવેલી રજાઓને જ તેમની સામે હથિયાર તરીકે વાપરવામાં આવી છે.

કેસ દાખલ કરનારા કર્મચારીઓમાં મોટી સંખ્યામાં એવી મહિલાઓ છે જેમણે મેટરનિટી લીવ એટલે કે પ્રસૂતિ રજા લીધી હતી. આ ઉપરાંત, દિવ્યાંગ કર્મચારીઓને પણ યોગ્ય સવલતો ન આપવાનો અને તેમને ટાર્ગેટ કરવાનો ગંભીર આરોપ મેટા પર લાગ્યો છે. આ કામગીરી અમેરિકાના 'ફેમિલી એન્ડ મેડિકલ લીવ એક્ટ' તેમજ 'અમેરિકન્સ વિથ ડિસએબિલિટીઝ એક્ટ' સહિતના વિવિધ સંઘીય કાયદાઓનો સીધો ભંગ હોવાનું માનવામાં આવે છે.

ટેકનોલોજી કંપનીઓ સામાન્ય રીતે કાર્યક્ષમતા વધારવા માટે એઆઇનો ઉપયોગ કરતી હોય છે, પરંતુ અહીં આ તર્ક ઉંધો પડ્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો એઆઇ સિસ્ટમમાં માનવીય સંવેદના કે રજાઓના કાયદાકીય અધિકારોને ધ્યાનમાં લેવામાં ન આવે, તો તે ભેદભાવપૂર્ણ પરિણામો આપી શકે છે. મેટા સામેની આ ફરિયાદથી કોર્પોરેટ જગતમાં એઆઇના નૈતિક ઉપયોગ અને કર્મચારીઓની સુરક્ષા અંગે નવી ચર્ચા છેડાઈ છે. કર્મચારીઓના મતે, એઆઇ માત્ર કામ છીનવવા માટે નથી, પણ હવે તે કર્મચારીઓની પસંદગીમાં ભેદભાવ કરવા માટેનું સાધન બની ગયું છે. ફરિયાદ કરનારાઓનું કહેવું છે કે કંપનીએ પોતાની છટણી નીતિમાં પારદર્શિતાનો અભાવ રાખ્યો છે.

# સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિના પણ ઓઈલ સપ્લાય શક્ય

(એજન્સી) અબુ ધાબી । તા. 16

મધ્ય પૂર્વમાં ભૌગોલિક રાજકીય તણાવ અને દરિયાઈ સુરક્ષાના પડકારો વચ્ચે ખાડીના દેશોએ પોતાની ઊર્જા વ્યૂહનીતિમાં મોટું પરિવર્તન કર્યું છે. અત્યાર સુધી વૈશ્વિક તેલના વેપાર માટે જીવનરેખા સમાન ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' પરની નિર્ભરતા ઘટાડવા માટે સંયુક્ત આરબ એમિરેટ્સ, સાઉદી અરેબિયા અને ઈરાકે કમર કસી છે. આ દેશો હવે અબજો ડોલરના ખર્ચે એવા વૈકલ્પિક માર્ગો તૈયાર કરી રહ્યા છે, જે ભવિષ્યમાં દરિયાઈ અવરોધો હોવા છતાં ઓઈલ સપ્લાયને અવિરત રાખી શકશે.

વિશ્વના કુલ ઓઈલ વેપારનો આશરે ૨૦ ટકા હિસ્સો સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થાય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી અહીં જહાજો પર થતા હુમલા અને ઈરાન દ્વારા જહાજો પર ટેક્સ લાદવાની વધતી જતી ધમકીઓને કારણે ખાડી દેશો ચિંતિત છે. જો આ માર્ગ બંધ થાય કે અવરોધાય તો વૈશ્વિક બજારમાં તેલના ભાવ આસમાને પહોંચી શકે છે. આ જોખમને ધ્યાનમાં રાખીને, આ દેશોએ હવે પોતાની ઓઈલ નિકાસને સુરક્ષિત કરવા માટે જમીની માર્ગો અને નવી પાઈપલાઈન પર ભાર મૂક્યો છે.

વૈશ્વિક બેંકિંગ સંસ્થા ગોલ્ડમેન સેક્સના અહેવાલ મુજબ, આ યોજનાઓ જો સમયસર પૂર્ણ થશે, તો ૨૦૨૭ના અંત સુધીમાં ખાડી દેશો પોતાની કુલ ઓઈલ નિકાસના ૪૫ ટકા જેટલો જથ્થો હોર્મુઝના દરિયાઈ માર્ગ સિવાયના વૈકલ્પિક રસ્તાઓ દ્વારા મોકલી શકશે. એટલું જ નહીં, ૨૦૨૮ સુધીમાં આ ક્ષમતા વધીને ૬૦ ટકા સુધી પહોંચવાની અપેક્ષા છે, જેનો અર્થ એ છે કે દરરોજ ૭૩ લાખ બેરલ ઓઈલ સુરક્ષિત રીતે ગ્રાહક દેશો સુધી પહોંચી શકશે.

# ગૃહ મંત્રીએ આગામી 3 વર્ષમાં ડ્રગ્સના સમગ્ર ઈકોસિસ્ટમને નાબૂદ કરવાનો રોડમેપ રજૂ કર્યો છે

(એજન્સી) નવી દિલ્હી | તા 16

જ્યારે દેશની આંતરિક સુરક્ષાના જટિલ અને પડકારજનક મુદ્દાઓ પર નિર્ણાયક નેતૃત્વની વાત આવે છે, ત્યારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહનું નામ અગ્રેસર રહે છે. સ્પષ્ટ વ્યૂહરચના, સમયબદ્ધ કાર્યયોજના અને પરિણામલક્ષી કાર્યશૈલી તેમની ઓળખ બની ગઈ છે. રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા ઘણા મોટા અભિયાનોને નિર્ણાયક તબક્કે પહોંચાડ્યા બાદ હવે તેમનું આગામી લક્ષ્ય ભારતને ડ્રગ્સ અને નાર્કો-ટેરરના સમગ્ર ઈકોસિસ્ટમથી મુક્ત કરવાનું છે. આ ઉદ્દેશ્ય સાથે તેમણે આગામી ત્રણ વર્ષ માટે એક વ્યાપક રોડમેપ તૈયાર કર્યો છે, જેનો હેતુ માત્ર નશીલી દવાઓની જપ્તી વધારવાનો નથી, પરંતુ ઉત્પાદનથી લઈને તસ્કરી, નાણાકીય સહાય અને વિતરણ સુધી ફેલાયેલા સમગ્ર નેટવર્કને જડમૂળથી નાબૂદ કરવાનો છે. આ જ દ્રષ્ટિકોણ સાથે નવી દિલ્હીમાં નાર્કો-કોઓર્ડિનેશન સેન્ટર (NCORD) ની ૧૦મી ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી, જેની અધ્યક્ષતા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કરી હતી. આ પ્રસંગે 'નશીલી દવાઓ પર નિયંત્રણ સંબંધી વિઝન ડોક્યુમેન્ટ (૨૦૨૬-૨૦૨૯)' બહાર પાડવામાં આવ્યું હતું, NCB નો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો અને ૬,૦૦૦ કરોડ રૂપિયાની કિંમતની ૨,૦૯,૫૦૦ કિલોગ્રામ નાર્કો ડ્રગ્સના નિકાલ માટે 'ઓનલાઈન ડ્રગ્સ ડિસ્પોઝલ પખવાડિયા' અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ બેઠક માત્ર એક ઔપચારિક સરકારી કાર્યક્રમ નહોતો, પરંતુ 'નશા મુક્ત ભારત' ના લક્ષ્યને સમયબદ્ધ વ્યૂહરચના અને નક્કર કાર્યયોજના સાથે આગળ વધારવા માટે એક નિર્ણાયક પહેલ સાબિત થઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'નશા મુક્ત



ભારત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે એક સ્પષ્ટ, સમયબદ્ધ અને બહુસ્તરીય વ્યૂહરચના તૈયાર કરી છે. આ વ્યૂહરચનાનો મૂળ મંત્ર છે- "ડિટેક્ટ, ડિસરપ્ટ અને ડિસ્ટ્રોય". એટલે કે સૌથી પહેલા ડ્રગ્સ નેટવર્કની સચોટ ઓળખ, ત્યારબાદ તેની સપ્લાય ચેઈન, નાણાકીય સ્ત્રોતો અને સંચાલન તંત્રને સંપૂર્ણપણે બાધિત કરવું, અને અંતે સમગ્ર ઈકોસિસ્ટમને એવી રીતે ધ્વસ્ત કરવું કે તેના ફરીથી ઉદભવવાની કોઈ સંભાવના જ ન રહે. આ દ્રષ્ટિકોણ આગામી ત્રણ વર્ષ માટે રાષ્ટ્રીય રોડમેપનો પાયો રહેશે. અમિત શાહના નેતૃત્વમાં ડ્રગ્સ વિરુદ્ધના અભિયાને છેલ્લા કેટલાક વર્ષોમાં અભૂતપૂર્વ ગતિ પ્રાપ્ત કરી છે. 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અને નેટવર્ક આધારિત કાર્યવાહીને કારણે ૨૦૧૪માં મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ ૧.૮૪ લાખ કરોડ રૂપિયાની કિંમતની નશીલી દવાઓની જપ્તી, લગભગ ૯૦ હજાર કરોડ રૂપિયાની કિંમતની નાર્કો ડ્રગ્સનો નાશ, લાખો કિલોગ્રામ માદક પદાર્થોની જપ્તી અને ગેરકાયદે અફીણની ખેતી પર રેકોર્ડ કાર્યવાહી શક્ય બની છે. આ આંકડાઓ માત્ર કાયદાના અમલીકરણની સફળતા નથી, પરંતુ અમિત શાહની પરિણામલક્ષી વ્યૂહરચના અને નાર્કો નેટવર્કને જડમૂળથી નાબૂદ કરવાના તેમના દ્રઢ સંકલ્પને પણ દર્શાવે છે.પોતાના નિર્ણયો પર અડગ રહેવું અને નક્કી કરેલા લક્ષ્યોને પરિણામ સુધી પહોંચાડવા તે અમિત શાહની કાર્યશૈલીની સૌથી મોટી ઓળખ માનવામાં આવે છે. જટિલમાં જટિલ રાષ્ટ્રીય પડકારો માટે સ્પષ્ટ લક્ષ્ય, સમયબદ્ધ વ્યૂહરચના અને કડક અમલીકરણ તેમના દ્રષ્ટિકોણની વિશેષતા રહી છે. કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનો ઐતિહાસિક નિર્ણય, ડાબેરી ઉગ્રવાદ વિરુદ્ધ નિર્ણાયક પ્રહાર અને દેશની આંતરિક સુરક્ષાને સશક્ત બનાવતા અનેક મોટા નિર્ણયો આ કાર્યશૈલીના ઉદાહરણો છે. આ અભિયાનોએ તે પડકારો પર અસરકારક પ્રહાર કર્યો છે, જે વર્ષો સુધી દેશ સામે ગંભીર સમસ્યા બની રહ્યા હતા. હવે એ જ દ્રઢ સંકલ્પ સાથે અમિત શાહે 'નશા મુક્ત ભારત'ને રાષ્ટ્રીય પ્રાથમિકતા તરીકે મૂક્યું છે. આગામી ત્રણ વર્ષ માટે તૈયાર કરવામાં આવેલો આ રોડમેપ માત્ર ડ્રગ્સની તસ્કરી પર અંકુશ લગાવવા સુધી મર્યાદિત નથી, પરંતુ નાર્કો-ટેરરના સમગ્ર ઈકોસિસ્ટમને જડમૂળથી સમાપ્ત કરવાની વ્યૂહરચના છે. જો આ કાર્યયોજના નિર્ધારિત સમયમર્યાદા મુજબ આગળ વધશે, તો ભારત ડ્રગ્સ અને નાર્કો-ટેરર વિરુદ્ધ પોતાની સૌથી વ્યાપક અને નિર્ણાયક સફળતા તરફ આગળ વધશે.

## આગામી તા.૧૮ જુલાઇના માળીયા હાટીના તાલુકાના ગડુ ખાતે ભરતી મેળાનું આયોજન કરવામાં આવશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૬, જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ દ્વારા આગામી તા.૧૮/૦૭/૨૦૨૬ ના રોજ શ્રી સાગર એકેડેમી કેમ્પસ, ગડુ-ચોરવાડ હાઈવે, ૬૬ કેવી સબ-સ્ટેશનની બાજુમાં, મુ.ગડુ, તા.માળીયા હાટીના ખાતે રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે એક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઓસીયસ સર્જીકલ- મોરબી, મયુર વોવિંગ પ્રા.લી.ખાત્રજ, કલોલ, બિ.એમ. એન્ટરપ્રાઇઝ, ગાંધીધામ તથા એસ.બી. આઇ. લાઈફ ઈન્શ્યોરન્સ કંપની- કેશોદ બ્રાંચ ખાતેથી નોકરીદાતાઓ હાજર રહેવાના છે. જે અંતર્ગત વિવિધ લાયકાત અને અલગ અલગ જગ્યાઓ માટે ધો. ૫ થી સ્નાતક, ડિપ્લોમા કે આઇ.ટી. આઇ. ની શૈક્ષણિક લાયકાત ધરાવનારા ૧૮ વર્ષ થી ૩૫ વર્ષ સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ છે. વધુમાં વધુ યોગ્ય ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લઇ શકે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે. તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રી, જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## 'બેટી બચાઓ, બેટી પઢાઓ' યોજના હેઠળ અમરાપુર ગીર ખાતે સખીમંડળની બહેનો સાથે 'જાતિગત સંવેદનશીલતા (Gender Sensitivity) અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૬, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢ અને આગાખાન સંસ્થાના સહયોગથી 'બેટી બચાઓ, બેટી પઢાઓ' (BBBP) યોજના અંતર્ગત માળીયા તાલુકાના અમરાપુર ગીર મુકામે સખીમંડળની બહેનો સાથે 'જાતિગત સંવેદનશીલતા' (Gender Sensitivity) વિષય પર એક દિવસીય જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ સ્તરે સ્ત્રી- પુરુષ સમાનતા અંગે જાગૃતિ લાવવા અને દીકરીઓના જન્મ તેમજ શિક્ષણને પ્રોત્સાહન આપી સામાજિક દૂષણોને દૂર કરવાનો હતો. આ ઉપરાંત જાતિગત સમાનતા અને કાનૂની અધિકારો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્વેને સમાજમાં દીકરા-દીકરી વચ્ચે રાખવામાં આવતા ભેદભાવને દૂર કરી બંનેને સમાન ઉછેર અને તક આપવા અપીલ કરાઈ હતી. તેમજ દીકરીઓના બાળ લગ્નો અટકાવવા, કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા અને મહિલા સુરક્ષા સંબંધિત કાયદાઓની સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત ઘરેલું હિંસા અને મહિલા શોષણ સામે અવાજ ઉઠાવવા માટે સરકારની '૧૮૧ અભયમ' મહિલા હેલ્પલાઈન,સખી વન સ્ટોપ સેન્ટર વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત કાર્યક્રમ જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી સી.જી.સોજીત્રા, દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી બી.ડી.ભાડના માર્ગદર્શન મુજબ આયોજિત કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત સર્વેને સમાજમાં દીકરા-દીકરી વચ્ચે રાખવામાં આવતા ભેદભાવને દૂર કરી બંનેને સમાન ઉછેર અને તક આપવા અપીલ કરાઈ હતી. આ કાર્યક્રમમાં ગ્રામ સરપંચ શ્રી હેતલબેન, DHEW માંથી શ્રી કૃપાબેન ખુંટ ડિસ્ટ્રિક્ટ મિશન કોર્ડીનેટર, શ્રી મીનાક્ષીબેન ડેર જેન્ડર સ્પેશિયાલિસ્ટ, OSC માંથી શ્રી અંકિતાબેન ભાખર કેન્દ્ર સંચાલક,આગાખાન સંસ્થામાંથી શ્રી ગીરનારીજી, શ્રી ઈમરાનભાઈ તેમજ મોટી સંખ્યામાં સખીમંડળની બહેનો ઉપસ્થિત રહી હતી. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢની યાદીમાંથી જણાવવામાં આવ્યું છે.

## જૂનાગઢ મહાનગરપાલિકા ની ફાયર શાખા દ્વારા તીર્થ હોસ્પિટલના એ. સી.કમ્પ્રેસરમાં આગ લાગતા આગ બુઝાવાની કામગીરી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬ જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ પર તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ રાત્રે ૧૨:૨૦ કલાકે ફાયર કંટ્રોલ રૂમને તીર્થ હોસ્પિટલ, ઝાંઝરડા રોડ ખાતે એર કન્ડિશનરના કમ્પ્રેસરમાં આગ લાગ્યાની જાણ પ્રાપ્ત થતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે જવા માટે રવાના થઈ હતી. તેમજ તાત્કાલિક સ્થળ પર પહોંચી ફાયર બ્રિગેડના અધિકારીઓ અને કર્મચારીઓએ તાત્કાલિક કામગીરી



હાથ ધરી ABC ડ્રાય કેમિકલ પાવડર તથા CO અગ્નિશામકનો ઉપયોગ કરી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો, જેના કારણે આગ વધુ ફેલાતી અટકાવી શક્યા હતા અને જાનહાનિ તથા મોટા નુકસાનને ટાળી શકાયું હતું.

આ કામગીરીમાં ચીફ ફાયર ઓફિસર, ડિવિઝનલ ઓફિસર, સ્ટેશન ઓફિસર, તથા ફાયરમેન સહિતની ટીમે ઝડપી અને અસરકારક કામગીરી બજાવી હતી તેમ એક યાદીમાં જણાવ્યું છે.

## જૂનાગઢ ખાતે 'યુવા આપદા મિત્ર' તાલીમાર્થીઓ માટે બેસિક ફાયર ઈન્ડક્શન તાલીમ યોજાય

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૬ તા.૧૫/૦૭/૨૦૨૬ ના રોજ બપોરે ૦૩:૦૦કલાકે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, જફર મેદાન,જુનાગઢ ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત 'યુવા આપદા મિત્ર' સાત દિવસીય તાલીમ કાર્યક્રમ અંતર્ગત જુનાગઢ મહાનગરપાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસિસ વિભાગ દ્વારા બેસિક ફાયર ઈન્ડક્શન તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમમાં એન.એસ.એસ. તથા માય ભારત યોજનાના અંદાજિત ૧૦૦જેટલા તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ફાયર વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ તાલીમાર્થીઓને આગ લાગવાના વિવિધ કારણો, આગથી બચવા માટેના સુરક્ષા ઉપાયો તેમજ આપત્તિ સમયે ઝડપી અને અસરકારક પ્રતિસાદ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું.તાલીમ દરમિયાન અગ્નિશામક સાધનોના પ્રકારો, તેમનો યોગ્ય ઉપયોગ, ફાયર સેફ્ટીના મૂળભૂત નિયમો તથા વિવિધ આપત્તિઓ દરમિયાન અનુસરવાની સાવચેતી અંગે સિદ્ધાંત અને પ્રાયોગિક બંને પ્રકારની માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત, પ્રાથમિક બચાવ કામગીરી, ઈમરજન્સી પ્રતિસાદ અને આપત્તિ વ્યવસ્થાપનની પદ્ધતિઓ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. અત્યંત જૂનાગઢ ફાયર વિભાગ દ્વારા આપવામાં આવેલી આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાઓમાં આપત્તિ પ્રત્યે જાગૃતિ લાવવાનો, ફાયર સેફ્ટી અંગે વ્યવહારુ જ્ઞાન પૂરું પાડવાનો અને આપત્તિના સમયે સ્થાનિક સ્તરે કાર્યક્ષમ સ્વયંસેવકો તૈયાર કરવાનો હતો.જૂનાગઢ ફાયર અને ઈમરજન્સી સર્વિસિસ વિભાગ સતત જનજાગૃતિ, તાલીમ અને પ્રાયોગિક માર્ગદર્શન દ્વારા નાગરિકોમાં સુરક્ષા પ્રત્યેની જવાબદારી અને સજ્જતા વધારવા માટે પ્રતિબદ્ધ છે.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા કેશોદ ખાતે પ્રવેશસત્ર ૨૦૨૬ અંતર્ગત પ્રવેશ મેળવી શકાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૬, રાજ્ય સરકારશ્રીના રોજગાર અને તાલીમ વિભાગ, ગાંધીનગર ના નિયમન અંતર્ગત જૂનાગઢ જિલ્લાની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કેશોદ ખાતે પ્રવેશસત્ર ૨૦૨૬ અંતર્ગત બીજા રાઉન્ડમાં પ્રવેશની પ્રક્રિયા આગામી તા.૧૯/૦૭/૨૦૨૬ થી તા.૨૨/૦૭/૨૦૨૬ સુધી કાર્યરત રહેશે. તેથી તેમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ itiadmission.gujarat.gov.in આ વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ તેમાં ચોઈસ ફિલિંગ કરીને પ્રવેશ મેળવી શકશે. આ સંસ્થાનો સંપર્ક નંબર ૦૨૮૭૧- ૨૩૩૨૪૧ છે. આ અંગે વધુ માહિતી મેળવવા માટે ઉપરોક્ત જણાવેલ કેશોદ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવા સારું જણાવવામાં આવે છે. તેમ ઈન્ચાર્જ આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા કેશોદ દ્વારા મળેલી યાદીમાં ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. શાળાના આચાર્યશ્રી અને શિક્ષકગણના માર્ગદર્શન હેઠળ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ માત્ર વર્ગખંડમાં પુસ્તક દ્વારા જ્ઞાન મેળવવાને બદલે શાળાના મેદાનમાં જાતે વૃક્ષો રોપીને પર્યાવરણ સુરક્ષામાં પોતાનું યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે લીમડો, બોરસલી, જાસુદ અને શુલ જેવા વિવિધ પ્રકારના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું.વૃક્ષારોપણની સાથે વિદ્યાર્થીઓએ આ છોડ માત્ર વાવવા પૂરતું મર્યાદિત ન રાખતા, તે મોટા થઈને ઘટાદાર વૃક્ષ બને ત્યાં સુધી તેની સંપૂર્ણ દેખભાળ અને જતન કરવાની સામૂહિક પ્રતિજ્ઞા પણ લીધી હતી. આ પ્રકારની પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસિત થાય છે.

## સખી વન સ્ટોપ સેન્ટર જૂનાગઢની સાફલ્યગાથા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૬, જૂનાગઢ શહેરમાં આવેલા સખી વન સેન્ટરમાં આવેલા એક મહિલા અરજદારને તેમના પતિ પ્રત્યે અન્ય કોઈ સ્ત્રી સાથે પ્રેમ સંબંધ હોવાની શંકા હતી. આ શંકાના કારણે તેઓના ઘરમાં રોજબરોજ ઝઘડાઓ થતા હતા. આગળ જતાં આ વિવાદ એટલો બધો વધી ગયો હતો કે પતિએ ઘરમાં ઘરખર્ચ માટે પૈસા આપવાનું પણ બંધ કરી દીધું હતું.

તેથી ગંભીર આર્થિક મુશ્કેલીના કારણે આ પીડિતાને પોતાનું ઘર ચલાવવું મુશ્કેલ બન્યું હતું. બીજી તરફ તેમના સંતાનો પણ ઉંમરલાયક થઈ ગયા હોવાથી તેમના ભવિષ્ય અને લગ્નની ચિંતામાં મહિલા ભારે માનસિક તણાવમાં જીવી રહ્યા હતા. આ પરિસ્થિતિમાં મહિલાએ જૂનાગઢ સખી વન સ્ટોપ સેન્ટરમાં કાઉન્સિલિંગ માટે સેન્ટરનો સંપર્ક કર્યો હતો. તેથી સેન્ટર દ્વારા પ્રથમ આ મહિલાના પતિનું ટેલિફોનીક સંપર્ક સાધીને તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સેન્ટર દ્વારા મહિલાના પતિને સેન્ટર પર બોલાવવામાં આવ્યા હતા. ત્યાં બંને પક્ષોને સાથે રાખીને તેઓને શાંતિપૂર્વક સાંભળવામાં આવ્યા હતા. ટીમના સભ્યોએ મહિલાના પતિને સમજાવ્યું કે કૌટુંબિક વિવાદોની અસર ઉંમરલાયક સંતાનોના ભવિષ્ય પર પડી શકે છે. સેન્ટરના સચોટ અને શાંતિપૂર્ણ કાઉન્સિલિંગના પરિણામે પતિએ પત્નીની શંકાઓ દૂર કરી હતી. તેમજ ભવિષ્યમાં નિયમિત ઘરખર્ચ માટે પૈસા આપવા અને પરિવારની જવાબદારી યોગ્ય રીતે નિભાવવાની ખાતરી આપી હતી. આમ જૂનાગઢ સખી વન સ્ટોપ સેન્ટરના સરાહનીય પ્રયાસોથી એક પરિવાર આજે તૂટતો બચી ગયો છે. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ એક 'આયોજિત ખેલ'

મિડલ ઈસ્ટ આવા યુદ્ધોનું સૌથી મોટું કેન્દ્ર છે. હોર્મુઝની ખાડી અથવા રાતા સમુદ્ર જેવા વિસ્તારોમાંથી દુનિયાનું ૨૦%થી વધુ ઓઈલ ટ્રાન્ઝિટ થાય છે. જ્યારે પણ આ વિસ્તારોમાં કોઈ નાનો ડ્રોન હુમલો થાય અથવા કોઈ જહાજ પર કબ્જો કરવામાં આવે, ત્યારે આંતરરાષ્ટ્રીય ઓઈલ માર્કેટમાં 'ભય' ઊભો થાય છે : નિષ્ણાતો આને ફેક વોર સિન્ડ્રોમ તરીકે ઓળખાવે છે, જ્યાં મોટો સૈન્ય વિનાશ કરવાનો હેતુ નથી હોતો, પરંતુ માત્ર ભયનું વાતાવરણ ઊભું કરીને કોમોડિટી માર્કેટમાં તેજી લાવવાનો ખેલ ખેલાય છે. ઓઈલ ઉત્પાદક દેશો એવા ખેલાડીઓ છે જેઓ વૈશ્વિક મંચ પર ભલે ગમે તેટલા વિવાદો બતાવતા હોય, પરંતુ ક્રૂડના વધતા ભાવથી તેમની તિજોરીઓ છલકાય છે : દુનિયા સંપૂર્ણપણે હાઈડ્રોકાર્બન (ક્રૂડ-ગેસ) પરથી પોતાની નિર્ભરતા હટાવીને પુનઃપ્રાપ્ય ઊર્જા જેમ કે સોલાર, વિન્ડ, અને ગ્રીન હાઈડ્રોજન તરફ વળે. જ્યાં સુધી દુનિયા ક્રૂડ ઓઈલ પર નિર્ભર રહેશે, ત્યાં સુધી ક્રૂડના ભાવો વધારવાના આવા 'પ્રોક્સી યુદ્ધના નાટકો' વૈશ્વિક મંચ પર ભજવાતા જ રહેશે

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એક વખત સંઘર્ષ શરૂ થઈ ગયો છે. બંને દેશોએ એકબીજા ઉપર હવાઈ હુમલા કરવાની સાથે સાથે હોર્મુઝની ખાડીમાં પોતાનું વર્ચસ્વ જમાવવાના પ્રયાસ ફરી શરૂ કરી દીધા છે. ઈરાનને હોર્મુઝની ખાડી કુદરતી રીતે પોતાની પાસે જોઈએ છે જ્યારે અમેરિકા દુનિયાને બચાવવાના નામે હોર્મુઝનો કબજો કરવા ઈચ્છે છે. ઈરાન અહીંયા ટોલ વસુલવા ઈચ્છે છે જેથી દુનિયાભરના જહાજોને સુરક્ષિત રીતે પસાર થવા દે. બીજી તરફ અમેરિકા દુનિયાભરના જહાજોને સુરક્ષિત બહાર કાઢી આપવાની બાંહેધરી આપીને ૨૦ ટકા ટોલ વસુલવાની ફિરાકમાં છે.

## ધારીના રિસોર્ટ માં ખાંભા ભાજપના અગ્રણી નો મસાજ કરાવતો વિડીયો વાયરલ થતાં રાજકીય હલચલ મચી ગઇ : સત્તા માટે ભાજપના અગ્રણી ની મસાજ કરતો વાઈરલ વિડિયો ચર્ચાઓ જગાવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ


અમરેલી જિલ્લામાં ભાજપના પ્રશિક્ષણ મહાઅભિયાન દરમિયાનનો એક કથિત વિડીયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયો વાયરલ થતાં જ સ્થાનિક અને જિલ્લાના રાજકીય વર્તુળોમાં ભારે ગરમાવો આવી ગયો છે.આ વાયરલ વિડીયોમાં ખાંભા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભાવેશભાઈ જાદવ એક કાર્યકર પાસે પોતાના પગ દબાવતા (પગચંપી કરાવતા) નજરે પડી રહ્યા છે. આ ઘટના ધારીના એક ખાનગી રિસોર્ટ ની હોવાનું માનવામાં આવી રહ્યું છે.ગ્રામ પંચાયતની ટિકિટ પાકી છે-પ્રાણ જાય પર વચન ન જાયેવિડીયોમાં જોવા મળતી વિગતો અને વાતચીત અનુસાર, કારોબારી ચેરમેનને સરપંચ બનાવવાનું વચન આપીને કાર્યકર પાસે પગચંપી કરાવવામાં આવી રહી હોવાનો દાવો થઈ રહ્યો છે.કાર્યકરનું નિવેદન વિડીયોમાં પગ દબાવી રહેલો કાર્યકર બોલી રહ્યો છે કે રઘુકુલ રીત સદા ચલી આઈ.. પ્રાણ જાણ પણ વગન ન જાય મને ગામ પંગાણતનું વર્ગનબોલી રહ્યો છે કે રઘુકુલ રીત સદા ચલી આઈ પ્રાણ જાય પણ વચન ન જાય મને ગ્રામ પંચાયતનું વચન આપ્યું છે, ભાવેશભાઈ પૂરું કરાવશે અને આપણે બહુમતીથી જીતીશું. આ સેવાનો લાભ.. મને હવે વળતો જવાબ ભાવેશભાઈ આપશે.' સાથે જ તે એમ પણ કહે છે કે તેઓ કેટલાય વર્ષોથી પક્ષની સેવા કરે છે અને હવે તેમને સેવાનું ફળ મળવાનું છે.રઘુકુલ રીત સદા ચલી આઈ.. પ્રાણ જાય પણ વચન ન જાય.. મને ગ્રામ પંચાયતનું વચન આપ્યું છે, ભાવેશભાઈ પૂરું કરાવશે અને આપણે બહુમતીથી જીતીશું. આ સેવાનો લાભ.. મને હવે વળતો જવાબ ભાવેશભાઈ આપશે.સાથે જ તે એમ પણ કહે છે કે તેઓ કેટલાય વર્ષોથી પક્ષની સેવા કરે છે અને હવે તેમને સેવાનું ફળ મળવાનું છે.પૃષ્ઠભૂમિ ભાજપનું પ્રશિક્ષણ મહાઅભિયાન

ચાર દિવસ પહેલાં ધારીના એક ખાનગી રિસોર્ટ ખાતે ભાજપ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ વર્ગ અંતર્ગત પ્રશિક્ષણ મહાઅભિયાન નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકાના હોદ્દેદારો, પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અનેક હોદ્દેદારોએ ત્યાં રાત્રિ રોકાણ પણ કર્યું હતું અને આ વિડીયો તે જ સમયનો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.વિવાદ પર કારોબારી ચેરમેન ભાવેશભાઈ જાદવની સ્પષ્ટતા બીજી તરફ, આ વિવાદ અંગે પોતાનો પક્ષ રજૂ કરતા ખાંભા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભાવેશભાઈ જાદવે તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે. તેમણે જણાવ્યું કે મજાક-મસ્તીનો જૂનો વિડીયો આ વિડીયો ઘણો જૂનો છે અને એક લગ્ન પ્રસંગ દરમિયાન માત્ર મજાક-મસ્તીમાં ઉતારવામાં આવ્યો હતો. તેને ભાજપની પ્રશિક્ષણ શિબિર સાથે કોઈ લેવાદેવા નથી.વિરોધીઓ નું કાવતરું વિરોધીઓ દ્વારા રાજકીય હેતુસર આ વિડીયો ને ખોટી રીતે વાયરલ કરીને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## NFR ના ત્રણ રેલ્વે સ્ટેશનોનું આવતીકાલે ઉદ્ઘાટન થશે : માનનીય પ્રધાનમંત્રી દેશભરમાં 75 પુનઃવિકસિત અમૃત સ્ટેશનોનું ઉદ્ઘાટન કરશે

માલીગાંવ | ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, શુક્રવાર, 17 જુલાઈ 2026 ના રોજ, આસામમાં પુનઃવિકસિત મજબત રેલ્વે સ્ટેશન, પશ્ચિમ બંગાળમાં જલપાઇગુડી રોડ અને હલીદીબારી સ્ટેશનોનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે, જે રાજ્યો અને ઉત્તરપૂર્વ ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ પ્રસંગ છે. આ ઘટના અમૃત ભારત સ્ટેશન યોજના (ABSS) ના રાષ્ટ્રીય રોલઆઉટમાં એક સીમાચિહ્નરૂપ છે, કારણ કે આ ત્રણ સ્ટેશનો આવતીકાલે દેશમાં ઉદ્ઘાટન થનારા 75 સ્ટેશનોનો ભાગ બને છે.આસામનું મજબત સ્ટેશન આ મહત્વાકાંક્ષી યોજના હેઠળ ઉદ્ઘાટન થનારા રાજ્યમાં ઓળખાયેલા 50 સ્ટેશનોમાં હૈબરગાંવ પછી બીજું સ્ટેશન બનશે. આ ઉદ્ઘાટન રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમનો એક ભાગ છે જેમાં ૭૫ પુનર્વિકાસિત સ્ટેશનોનો સમાવેશ થાય છે, જ્યાં અનુક્રમે આશરે રૂ. ૧૦.૧૯ કરોડ, રૂ. ૩૪.૮૦ કરોડ અને રૂ. ૨૬ કરોડ (આશરે) ના પ્રોજેક્ટ ખર્ચે બાંધવામાં આવેલા મજબત, જલપાઈગુડી રોડ અને હલ્દીબારી સ્ટેશનોનો સમાવેશ







થાય છે, જે આ પ્રદેશમાં રેલ માળખાગત સુવિધાઓ માટે એક નવા પરિવર્તન તબક્કાની શરૂઆત સૂચવે છે.અન્ય ઉદ્ઘાટનોથી વિપરીત, આ દિવસનું વિશેષ મહત્વ છે કારણ કે તે પાયાના માળખાગત સુવિધાઓમાં પરિવર્તન લાવવા અને આધુનિક કનેક્ટિવિટી દ્વારા પ્રાદેશિક અંતરને દૂર કરવા પર પીએમના અવિશ્વસનીય ધ્યાનને દર્શાવે છે. ત્રણ સ્ટેશનોનો પુનર્વિકાસ માત્ર તકનીકી અને સ્થાપત્ય ઉત્થાનનું પ્રતીક નથી પણ ઉત્તર-પૂર્વ ભારતને ઝડપી રાષ્ટ્રીય વિકાસના ગળે લાવવાના સરકારના ઈરાદાને પણ દર્શાવે છે. આ NFR તેમજ આસામ અને બંગાળ માટે ગર્વની ક્ષણ છે, કારણ કે તે ભારતીય રેલ્વેની સૌથી મહત્વાકાંક્ષી સ્ટેશન પુનર્વિકાસ પહેલોમાંની એકમાં રાજ્યની ભાગીદારીનું નેતૃત્વ કરે છે.ABSS હેઠળ ઉદ્ઘાટન થનારા મજબત, જલપાઈગુડી રોડ અને હલ્દીબારી સ્ટેશનોની પસંદગી તેના વ્યૂહાત્મક મહત્વ અને મુસાફરો-કેન્દ્રિત આધુનિકીકરણ માટેના સ્પષ્ટ દ્રષ્ટિકોણ સાથે પ્રોજેક્ટના સફળ અમલીકરણને પ્રતિબિંબિત કરે છે. તેની અપગ્રેડેડ સુવિધાઓ, સુધારેલી સુલભતા અને સાંસ્કૃતિક સૌંદર્ય શાસ્ત્ર સાથે, સ્ટેશનો ઝોનના બાકીના સ્ટેશનો માટે પુનઃવિકાસ માટે એક માપદંડ સ્થાપિત કરે છે. પ્રધાનમંત્રી આધુનિક રેલ અનુભવના આ પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન કરતાની સાથે, ત્રણેય સ્ટેશનો ફક્ત સ્ટેશન તરીકે જ નહીં પરંતુ આસામ, બંગાળ અને સમગ્ર ઉત્તરપૂર્વના લોકો માટે પ્રગતિ, ગૌરવ અને વચનના પ્રતીક તરીકે ઉભરી આવે છે.


ટાટા મેમોરિયલ સેન્ટર
એડવાન્સ્ડ સેન્ટર ફોર ટ્રીટમેન્ટ, રિસર્ચ એન્ડ એજ્યુકેશન ઇન કેન્સર (ACTREC)
સેક્ટર-22, ખારઘર, નવી મુંબઈ 410 210
પરમાણુ ઉર્જા વિભાગ, ભારત સરકારની ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થા

**ઉપલબ્ધજગ્યાઓ**

જાહેરાત ક્રમાંક: ACTREC/ADVT/A-07 & 08/2026 13/07/2026

ACTREC સક્ષમ અધિકારી દ્વારા મંજૂર થયા મુજબ નીચેની જગ્યાઓ માટે અરજીઓ આમંત્રિત કરે છે:

| અ.નં. | પદનું નામ |
|---|---|
| 1 | [illegible] |
| 2 | [illegible] |
| 3 | [illegible] |
| 4 | [illegible] |
| 5 | [illegible] |
| 6 | [illegible] |
| 7 | [illegible] |
| 8 | [illegible] |
| 9 | [illegible] |

અરજીઓનું ઓનલાઇન રજીસ્ટ્રેશન 13/07/2026 થી 07/08/2026 સુધી ઉપલબ્ધ રહેશે.

ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ 07/08/2026 સાંજે 05.30 વાગ્યા સુધી (ભારતીય માનક સમય) છે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ https://actrec.gov.in ની મુલાકાત લો.
ઓનલાઇન અરજી સબમિટ કરવી ફરજિયાત છે.

આ જાહેરાતમાં કોઈપણ ઉમેરો કે સુધારો ઉપર જણાવેલ વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.

CBC 48160/11/0004/2627 મુખ્ય વહીવટી અધિકારી, ACTREC

## ફોરેસ્ટ કર્મચારીઓને માર મારવાનો કેસ

અમદાવાદ | નર્મદાના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા વસાવા સહિતના આરોપીઓ સામે નર્મદા પોલીસે જમીન બાબતે ફોરેસ્ટ વિભાગના ઓફિસરને ઘરે બોલાવીને માર મારવા, ધમકાવવા અને હવામાં ગોળીબાર સંદર્ભે IPCની કલમ 143, 14,1 149, 186, 294, 353, 386 અને આર્મ્સ એક્ટની કલમ 25 વગેરે મુજબ ગુનો નોંધ્યો હતો. નર્મદાની કોર્ટે આ કેસમાં ચુકાદો આપતા ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમના પત્ની શકુંતલા વસાવા સહિત કુલ 09 આરોપીઓને 07 વર્ષની કેદની સજા ફટકારી હતી.

## IPO એલોટમેન્ટના બહાને ડિજિટલ લૂંટ

ગાંધીનગર | શેરબજારમાં પ્રી-IPO એલોટમેન્ટના નામે ઊંચા વળતરની લાલચ આપી સાયબર ગઠિયાઓએ ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા મહિલા લેબ ટેકનિશિયન સાથે અંદાજે 69.63 લાખની ઓનલાઈન છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર આવેલી એક લોભામણી જાહેરાત પર ક્લિક કર્યાં બાદ મહિલા તબક્કાવાર છેતરપિંડીનો ભોગ બની હતી. આ અંગે ગાંધીનગર રેન્જના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઠગો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### રાજકોટ-જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ, સૌથી વધુ કામરેજમાં 2 ઈંચ

# અષાઢી બીજે 70થી વધુ તાલુકામાં મેઘમહેર









ગાંધીનગર |રાજ્યમાં એકસાથે ચાર વેધર સિસ્ટમ (લો પ્રેશર સિસ્ટમ, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને મોન્સૂન ટ્રફ) સક્રિય થતાં અષાઢી બીજના પવિત્ર અવસરે વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. આજે અષાઢી બીજના પાવન દિવસે જ સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર થતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. બપોર સુધીના રાજ્યના 70 કરતા વધુ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સુરતના કામરેજમાં 2 ઈંચ વરસાદ વરસ્યો છે. રાજકોટ, જામનગર, અને કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં પણ નોંધપાત્ર વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. હવામાન વિભાગે આગામી 7 દિવસ સુધી સમગ્ર રાજ્યમાં ગાજવીજ સાથે સાર્વત્રિક સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે, આજે રથયાત્રાના દિવસે અમદાવાદમાં થન્ડરસ્ટોર્મ અને તેજ પવન સાથે સામાન્યથી મધ્યમ વરસાદ પડવાની ખાસ સંભાવના દર્શાવી છે.રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ સરપદળ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અષાઢી બીજના પવિત્ર દિવસે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ખંભાળા, કેરાળા, મેટોડા, રંગપર અને બોડી ઘોડી સહિતના 5થી 7 ગામોમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા ટૂંકા સમયમાં જ ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. આ મુશળધાર વરસાદને પગલે આજુબાજુની સ્થાનિક નદીઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી અને નદીઓ બે કાંઠે વહેતી થઈ ગઈ હતી.પડધરી તાલુકાના અનેક ગામડાઓમાં લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહ્યા હતા, કારણ કે હજી સુધી અહીં પૂરતો વાવણી લાયક વરસાદ થયો ન હતો. એવામાં અષાઢી બીજના મુહૂર્તમાં જ આ વિસ્તારોમાં વરસાદ વરસતા સમગ્ર પંથકના ખેડૂતોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને ખેતીકામની જોરશોરથી શરૂઆત થઈ ગઈ છે.જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકાના ઈટાળા, જાયવા અને નાના ગરેડીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અષાઢી બીજના પવિત્ર દિવસે ધીમીધારે વરસાદનું આગમન થયું હતું. છેલ્લા ઘણા સમયથી અસહ્ય ગરમી અને ભારે ઉકળાટ સહન કરી રહેલા લોકોને આ વરસાદી ઝાપટાંથી મોટી રાહત મળી છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. બીજી તરફ, લાંબા સમયની રાહ જોવડાવ્યા બાદ મેઘરાજાની પધરામણી થતાં સ્થાનિક ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વરસાદથી ખેતી પાકને નવું જીવન મળશે તેવી આશા બંધાતા ધરતીપુત્રોના ચહેરા ખીલી ઉઠ્યા છે.

### સૌરાષ્ટ્રમાં મેઘરાજાની જમાવટ

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અષાઢી બીજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. સરપદળ, ખંભાળા અને મેટોડા સહિતના ગામોમાં ટૂંકા ગાળામાં જ ૩ ઈંચથી વધુ વરસાદ ખાબકતા સ્થાનિક નદીઓ બે કાંઠે વહેતી થઈ ગઈ હતી. આ ઉપરાંત જૂનાગઢના કેશોદ, વંથલી અને ગીર સોમનાથના ઉના-તાલાલા પંથકમાં પણ વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસ્યો હતો. જામનગરના ધ્રોલમાં પણ ધીમીધારે વરસાદનું આગમન થતાં ઉકળાટમાંથી લોકોને મોટી રાહત મળી છે.બીજી તરફ, ગીર સોમનાથ જિલ્લામાં પણ મેઘરાજાએ જમાવટ કરી છે, સૌરાષ્ટ્ર પંથકમાં લાંબા વિરામ બાદ મેઘરાજાનું વિધિવત અને ધમાકેદાર આગમન થયું છે.

### દક્ષિણ અને મધ્ય ગુજરાતની સ્થિતિ

સૌથી વધુ વરસાદ સુરતના કામરેજમાં ૨ ઈંચ નોંધાયો છે. મધ્ય ગુજરાતના ખેડા હાઈ-વે પર પવનના સુસવાટા સાથે વરસાદ વરસ્યો હતો, જ્યારે પાટણ જિલ્લામાં પણ મોડી રાત્રે સરેરાશ ૧ ઈંચ જેટલો વરસાદ પડતા પાકને નવું જીવનદાન મળ્યું છે. અરવલ્લીના મોડાસા અને માલપુર પંથકમાં પણ મેઘગર્જના સાથે વરસાદ વરસ્યો હતો. જૂનાગઢ જિલ્લાના કેશોદ અને વંથલી પંથકમાં સવારથી જ સર્જાયેલા વાદળછાયા વાતાવરણ વચ્ચે જોરદાર વરસાદી ઝાપટાં શરૂ થયા હતા. જેમાં ઉના- તાલાલા શહેર સહિત જંગલ સરહદે આવેલા છેવાડાના ગામો જેવા કે જાવંત્રી, પાણીકોઠા, વડાલા અને ઉના પંથકમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.

### હવામાન વિભાગની આગાહી અને વર્તમાન સ્થિતિ

હવામાન વિભાગે આગામી ૭ દિવસ સુધી સમગ્ર રાજ્યમાં ગાજવીજ સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. અમદાવાદમાં પણ રથયાત્રાના દિવસે થન્ડરસ્ટોર્મ સાથે વરસાદ પડવાની શક્યતા છે. જોકે, આ સારો વરસાદ હોવા છતાં આંકડાકીય દ્રષ્ટિએ હજુ રાજ્યમાં સરેરાશ કરતાં ૨૮ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધીમાં સરેરાશ ૧૬૨.૮ મિમી (૬.૪૨ ઈંચ) વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતા ઓછો છે. ભગવાન જગન્નાથની રથયાત્રાના પાવન પર્વે જાણે કુદરત જળાભિષેક કરી રહી હોય તેમ વરસાદનો આ બીજો રાઉન્ડ શરૂ થતાં સમગ્ર સૌરાષ્ટ્રમાં અદભુત ઠંડક પ્રસરી ગઈ છે.

## અમદાવાદ એરપોર્ટ પર મહિલા મુસાફરના બુરખામાંથી 34 લાખનું સોનુ ઝડપાયું

### 233 ગ્રામના 24 કેરેટ સોનાના બે 'ટીટી બાર' જપ્ત કરાયા



અમદાવાદ | અમદાવાદ કસ્ટમ્સના 'એર ઈન્ટેલિજન્સ યુનિટ' (AIU)ના અધિકારીઓએ અબુ-ધાબીથી ફ્લાઈટ નંબર 3L111 દ્વારા આજે 16મી જુલાઈના રોજ અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આગમન કરનાર એક મહિલા મુસાફરને અટકાવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ મુસાફરે કસ્ટમ ડ્યુટી (જકાત) ચૂકવવાનું ટાળવાના ઈરાદાથી પોતાના વસ્ત્રો (બુરખા)ની અંદર 24 કેરેટ સોનાના બે 'ટીટી બાર' (TT bars) છુપાવ્યા હતા, જેનું કુલ વજન 233 ગ્રામ હતું.જેની બજાર કિંમત 34,29,216 રૂપિયા થાય છે. આ સોનું કસ્ટમ્સ વિભાગ દ્વારા 'કસ્ટમ્સ એક્ટ, 1962'ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યું છે. આ સોનું ક્યાંથી અને કોની પાસેથી તેમજ કોને આપવાના હતા તે દિશામાં તપાસ હાથ ધરી છે. અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી તાજેતરમાં જ સોનું લઈને બે વ્યક્તિ નીકળી ગયા હતા. આ બંનેને અસલી પોલીસે અપહરણ કરીને લૂંટી લીધાં હોવાની ઘટનાએ ચકચાર મચાવી છે. કેમ કે કસ્ટમ્સના નાક નીચેથી આ બંને લોકો કેવી રીતે સોનું લઈને નીકળી ગયા તે મુદ્દે પ્રશ્નો ઊભાં થઈ રહ્યા છે છે. તેમાંય વળી લૂંટાયેલાં બંને મુસાફરોએ જો કે સોનું ખરીદી અંગેનું બિલ પાછળથી રજૂ કરીશું તેવું પોલીસને જણાવીને ફરિયાદ નોંધાવી છે. પરંતુ તે લોકોએ કસ્ટમ્સ સત્તાવાળાઓ સમક્ષ સોનુ લઈને આવ્યા અંગેની જાહેરાત કરી હતી કે નહીં તે તપાસનો વિષય છે. આ વિવાદ વચ્ચે આજે અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી અબુધાબીથી ફ્લાઈટમાં આવેલાં મુસાફર પાસેથી 34 લાખથી વધુ કિંમતના 24 કેરેટ સોનાના બાર કે જેનું વજન 233 ગ્રામનો જથ્થો પકડી પાડયો છે.

અમદાવાદ કસ્ટમ્સ તરફથી પેસેન્જર પ્રોફાઈલિંગ બનાવવામાં આવે છે. આ પ્રોફાઈલિંગમાં મુસાફર કયારે કયારે અને કેટલી વાર ફ્લાઈટમાં પ્રવાસ કર્યો તેની વિગતો તૈયાર કરી છે. વારંવાર અવરજવર કરનારાની પ્રોફાઈલીંગના આધારે તપાસ કરવામાં આવે છે.

## ગાંધીનગરમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય નગરચર્યા

ગાંધીનગર | અષાઢી બીજના પવિત્ર પર્વે ગાંધીનગરમાં ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીની 42મી પરંપરાગત રથયાત્રાનો શ્રદ્ધાભેર પ્રારંભ થયો છે. સમગ્ર પાટનગરમાં ભક્તિનું મોજું ફરી વળ્યું છે ત્યારે કાયદો, વ્યવસ્થા અને ટ્રાફિકની સ્થિતિ સુદ્રઢ રાખવા માટે પોલીસ પ્રશાસન દ્વારા લોખંડી સુરક્ષા કવચ તૈયાર કરવામાં આવ્યું છે. ભક્તોની ભારે મેદની વચ્ચે નીકળેલી આ રથયાત્રા કોઈપણ વિઘ્ન વિના શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.વર્ષ 1985થી શરૂ થયેલી પરંપરા મુજબ સવારે 7 વાગ્યે મંગલા આરતી બાદ પંચદેવ મંદિરથી રથયાત્રા પ્રસ્થાન થઈ હતી. આ વર્ષે ઈતિહાસમાં પ્રથમ વખત સુરક્ષા માટે અત્યાધુનિક ડિજિટલ ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરાયો છે. સમગ્ર રૂટ અને સંવેદનશીલ વિસ્તારો પર ડ્રોન કેમેરાથી નજર રખાઈ રહી છે, જેનું મોનિટરિંગ સીધું મુખ્ય કંટ્રોલ રૂમથી થાય છે. આ ઉપરાંત ભીડમાં કોઈ ગરબડ ન થાય તે માટે ફેસ રેકોગ્નિશન કેમેરા ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જો ડેટાબેઝમાં રહેલા કોઈ શંકાસ્પદ કે અસામાજિક તત્વો ભીડમાં દેખાશે તો આ સિસ્ટમ તુરંત પોલીસને એલર્ટ કરશે. રૂટની ભૌગોલિક સ્થિતિ અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને દરેક નાકા અને ગલીઓ સુધી સુરક્ષા જવાનો તૈનાત કરાયા છે. સુરક્ષા વ્યવસ્થાની સીધી દેખરેખ માટે 6 ડીવાયએસપી (DySP) કક્ષાના ઉચ્ચ અધિકારીઓ મેદાનમાં છે. તેમની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે 13 પીઆઈ અને 40 પીએસઆઈ સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે. આ સિવાય સામાન્ય જનતાની સુરક્ષા માટે 750 જેટલા પોલીસ જવાનો અને ટ્રાફિક નિયંત્રણ માટે 500 હોમગાર્ડના જવાનોને વિવિધ પોઈન્ટ્સ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

## અડાલજમાં ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધિ કરી જગન્નાથજીની પંચમ રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું

ગાંધીનગર | ઓડિશાના જગન્નાથ પુરીની ભવ્યતા અને પરંપરાની ઝાંખી કરાવતી રથયાત્રાનું હવે ગુજરાતના આંગણે પણ ભવ્ય આયોજન થઈ રહ્યું છે. ગાંધીનગર નજીક અડાલજ સ્થિત જગન્નાથ મંદિર ખાતેથી અષાઢી દૂજના પાવન પર્વે ભગવાન જગન્નાથજીની પંચમ રથયાત્રાનો મંગળ પ્રારંભ થયો હતો. ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળી ભક્તોને દર્શન આપ્યા હતા. આ પાવન અવસરે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશેષ ઉપસ્થિતિ રહીને રથયાત્રાની પરંપરાગત વિધિઓ સંપન્ન કરાવી હતી.મુખ્યમંત્રીએ મંદિર પરિસરમાં શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પૂજા-અર્ચના કરી હતી. તેમણે સોનાની છાંટ વાળા પવિત્ર સાવરણાથી 'પહિંદ વિધિ' કરી ભગવાનનો રથ આગળ ધપાવ્યો હતો.\ આ પૂર્વે મુખ્યમંત્રીએ પ્રભુની મંગળા આરતી ઉતારીને ગુજરાતની જનતાની સુખ,



શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી ધન્યતા અનુભવી હતી.અડાલજ જગન્નાથ મંદિરની રથયાત્રાનું આ પાંચમું વર્ષ હોવાથી સમગ્ર વિસ્તારમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આ યાત્રા પૂર્વે મંદિર પ્રશાસન અને ટ્રસ્ટી મંડળ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પુષ્પહાર તેમજ પરંપરાગત પાઘડી પહેરાવીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ભગવાન જગન્નાથજીના દર્શન કરવા માટે વહેલી સવારથી જ અડાલજ ખાતે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. 'જય જગન્નાથ' અને 'હરિ બોલ'ના ગગનભેદી નારાઓથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. પારંપરિક વેશભૂષા, ભજન મંડળીઓ અને સાંસ્કૃતિક કરતબો સાથે નીકળેલી આ રથયાત્રા મંદિર પરિસરેથી પ્રસ્થાન થઈને શનિ મંદિર, ઉવારસદ બ્રિજ અને અડાલજ સર્કલ જેવા વિવિધ માર્ગો પર ફરી હતી. નગરચર્યા દરમિયાન સ્થાનિક રહીશો દ્વારા ભગવાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ રથયાત્રા મા અન્નપૂર્ણા મંદિર ખાતે પહોંચી હતી, જ્યાં તમામ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

અહીં ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો અને થોડા સમયના વિરામ બાદ રથયાત્રા પુનઃ નિજ મંદિરે પરત ફરી હતી.આ ધર્મોત્સવની પૂજા વિધિ અને મંગળા આરતીના પ્રસંગે મુખ્યમંત્રીની સાથે સહિત અનેક પૂર્વ સનદી અધિકારીઓ, રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, ગુજરાતમાં સ્થાયી થયેલા ઓડિશા વાસીઓ પણ પોતાના પરંપરાગત પોશાકમાં મોટી સંખ્યામાં જોડાયા.

## ઓનલાઇન હાજરી ન પૂરનારા 550થી વધુ શિક્ષકોને નોટિસ

સુરત | સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે જ વહીવટી તંત્ર દ્વારા ઓનલાઈન હાજરી પ્રણાલીનો અત્યંત કડક અમલ શરૂ કરવામાં આવ્યો છે. સ્માર્ટ સિટી સુરતમાં શિક્ષણના સ્તરને વધુ પારદર્શક અને ડિજિટલ બનાવવા માટે રાજ્ય સરકારના આદેશ અનુસાર ટેકનોલોજીનો ઉપયોગ વધારાયો છે. જોકે, આ નવી કડક સિસ્ટમના પ્રથમ મહિનામાં જ શિક્ષણ સમિતિ હરકતમાં આવી ગઈ છે. નવી ઓનલાઈન એટેન્ડન્સ સિસ્ટમ અંતર્ગત નિયમિત હાજરી ન નોંધાવનારા આશરે 550થી વધુ શિક્ષકોને તંત્ર દ્વારા સત્તાવાર રીતે કારણદર્શક નોટિસ ફટકારવામાં આવતા સમગ્ર સુરતના શિક્ષક આલમ અને શૈક્ષણિક વર્તુળોમાં ભારે ચર્ચા અને ફફડાટ વ્યાપી ગયો છે.


Nippon india Mutual Fund
wealth sets you free

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 18th July 2026 | 6:30 PM | Rajkot |

Venue : The Platinum Hotel Opposite Pathikashram/Jubilee Garden, Jawahar Road, Near Hospital Chowk, Sadar, Rajkot, Gujarat - 360001

Name : SHASHWAT SOOD | Mobile : 9687767006

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

Nippon india Mutual Fund
wealth sets you free

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 17th July 2026 | 6:30 PM | Vadodara |

Venue : The Fern Hotel, Urmi Cross Road, Behind Dinesh Mill Road, Purushottam Nagar, Akota, Vadodara - 390020

Name : NILESH SOLANKI | Mobile : 8766677983

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

Nippon india Mutual Fund
wealth sets you free

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 18 July, 2026 | 12:00 PM | Vadodara |

Venue : Hampton by Hilton Vadodara-Alkapuri, 14, Friends Co-op Society,Vadodara, 390007
Note - Only for Women

Name : Nilesh Solanki | Mobile : 8766677983

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.


## CRSએ કટોસણ રોડ-રણુજ બ્રોડગેજ રેલવે સેક્શન પર યાત્રી ટ્રેન સેવાઓને આપી મંજૂરી

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે રેલવે સંરક્ષા કમિશનર (સીઆરએસ) વેસ્ટર્ન સર્કલ, શ્રી ઈ. શ્રીનિવાસ એ કટોસણ રોડ-રણુજ બ્રૉડ ગેજ રેલવે સેક્શન પર યાત્રી રેલવે સેવાઓ સેટ કરવા માટે સંરક્ષા મંજૂરી આપી દીધી છે.

આ નવ-પરિવર્તિત બ્રૉડ ગેજ રેલવે સેક્શન કટોસણ રોડ-રણુજ ગેજ પરિવર્તન પરિયોજના (મીટર ગેજથી બ્રૉડ ગેજ) નો એક ભાગ છે, આ પ્રોજેક્ટની લંબાઈ લગભગ 63 કિમી છે. આ પરિયોજના પૂર્ણ થવાથી આ વિસ્તારના લોકોને સુરક્ષિત, ઝડપી અને આધુનિક રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

આ પ્રસંગે અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું હતું કે, કટોસણ રોડ-રણુજ બ્રૉડ ગેજ રેલવે સેક્શનને રેલવે સંરક્ષા કમિશનર તરફથી યાત્રી સેવાઓનું સંચાલન કરવાની મંજૂરી મળવી એ અમદાવાદ મંડળ માટે અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધિ છે. તેમણે કહ્યું કે આ પરિયોજના આ વિસ્તારના લાખો યાત્રીઓ, ખાસ કરીને બેચરાજી, શંખલપુર અને આસપાસના વિસ્તારોના લોકો માટે સુરક્ષિત, ઝડપી અને સુવિધાજનક રેલવે યાત્રાનો નવો અધ્યાય આરંભ કરશે. પશ્ચિમ રેલવે સુરક્ષિત, વિશ્વસનીય અને આધુનિક રેલવે સેવાઓ પૂરી પાડવા માટે



સતત પ્રતિબદ્ધ છે. તેમણે આ પરિયોજના સાથે જોડાયેલા તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને બાંધકામ એજન્સીઓના સામૂહિક પ્રયાસોની પ્રશંસા કરતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ રેલવે સેક્શન પર નિયમિત યાત્રી સેવાઓ ટૂંક સમયમાં શરૂ થવાથી આ વિસ્તારની કનેક્ટિવિટી, પ્રવાસન, વેપાર અને સ્થાનિક અર્થવ્યવસ્થાને નવી ગતિ મળશે.

રેલવે સંરક્ષા કમિશનર દ્વારા આ રેલવે સેક્શનનું 9, 10 અને 11 જુલાઈ, 2026 ના રોજ વિગતવાર સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નિરીક્ષણ દરમિયાન WAP-7 ઈલેક્ટ્રિક રેલવે એન્જિન સાથે ગતિ પરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું, જેમાં ટ્રેને સફળતાપૂર્વક 120 કિલોમીટર પ્રતિ કલાકની મહત્તમ ગતિ પ્રાપ્ત કરી હતી.

નિરીક્ષણ દરમિયાન રેલવે પ્રશાસન દ્વારા રજૂ કરાયેલા તમામ સુરક્ષા પ્રમાણપત્રો, ટેકનિકલ દસ્તાવેજો અને જરૂરી રેકોર્ડ્સની તપાસ કરવામાં આવી. તમામ નિર્ધારિત ધોરણો અને કાનૂની જરૂરિયાતોને અનુરૂપ હોવાનું જણાતા, રેલવે સંરક્ષા કમિશનરે આ રેલવે સેક્શન પર જાહેર યાત્રી સેવાઓ ચલાવવાની મંજૂરી આપી દીધી. આ મંજૂરી રેલવે અધિનિયમ, 1989 ની જોગવાઈઓ અનુસાર તમામ જરૂરી સંરક્ષા ઔપચારિકતાઓ સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ આપવામાં આવી છે.

મંજૂરી મુજબ મુખ્ય રેલવે લાઈન પર ટ્રેનોની મહત્તમ સેક્શનલ ગતિ 90 કિલોમીટર પ્રતિ કલાક નિર્ધારિત કરવામાં આવી છે. લેવલ ક્રોસિંગ ગેટ નંબર 99A પર હંગામી રૂપે 60 કિલોમીટર પ્રતિ કલાક અને લૂપ લાઈનો પર 15 કિલોમીટર પ્રતિ કલાક ની ગતિ મર્યાદા લાગુ રહેશે.

રેલવે સંરક્ષા કમિશનર દ્વારા આ મંજૂરી વિવિધ ટેકનિકલ અને ઓપરેશનલ શરતોને આધીન આપવામાં આવી છે.